શાહ દીપચંદજી કાશલીવાલ રચિત

# ચિદ્દવિલાસ

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ નં. ૪૬

ૐ

શાહ દીપચંદજી કાશલીવાલ રચિત

# ચિદ્‌વિલાસ

(ગુજરાતી અનુવાદ)

卐

: પ્રકાશક :

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**

**સોનગઢ—૩૬૪૨૫૦**

[ ૨ ]

એકથી ત્રણ આવૃત્તિ કુલ પ્રત ૪૧૦૦
ચતુર્થ આવૃત્તિ પ્રત ૧૦૦૦ વીર સં. ૨૦૬૪

ચિદ્‌વિલાસ (ગુજરાતી)ના

**સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા**

**માતુશ્રી સ્વ. સમરતબેન વ્રજલાલ શેઠના સ્મરણાર્થે**
**હસ્તે ભુપેન્દ્ર અને પ્રીતિ શેઠ. U.S.A.**


આ શાસ્ત્રની પડતર કિંમત રૂા ૨૨=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા ૨૦=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા ૧૦=૦૦ રાખવામાં આવી છે.

કિંમત રૂા. ૧૦=૦૦

મુદ્રક

**કહાન મુદ્રણાલય**
જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
PH (02846) 244081

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

(બીજી આવૃત્તિ પ્રસંગે)

# પ્રકાશકીય નિવેદન

આ 'ચિદ્‌વિલાસ' ગ્રંથ, અધ્યાત્મ અને સિદ્ધાંતનું સૂક્ષ્મ જ્ઞાન જેમને હતું તેવા શ્રી દીપચંદજી કાશલીવાલનો રચેલ છે. ગ્રંથ નાનો હોવા છતાં, સૈદ્ધાંતિક વિષયની સૂક્ષ્મતા અને નિરૂપણ મહાન પરમાગમોમાં હોય તેવો વિષય તેમણે આ ગ્રંથમાં લખ્યો છે. તે સંબંધી ટૂંકામાં ''ભૂમિકા''માં વર્ણન કરેલ છે; ગ્રંથ કર્તાની બીજી પણ રચનાઓ, અનુભવ-પ્રકાશ, જ્ઞાનદર્પણ, અધ્યાત્મ પંચ સંગ્રહ, ભાવદીપિકા વગેરે પણ જિજ્ઞાસુ મુમુક્ષુઓએ સ્વાધ્યાય કરવા યોગ્ય છે.

ગુજરાતીભાષી મુમુક્ષુ સમાજ આ ગ્રંથને સરળતાથી સમજી શકે તે માટે પ્રથમ વિક્રમ સંવત ૨૦૦૬માં ગુજરાતી અનુવાદમાં આ ગ્રંથનું પ્રકાશન કરવામાં આવેલ ત્યારબાદ ઘણા સમયથી પ્રાપ્ય નહિ હોવાથી અને મુમુક્ષુઓની માગણી રહેવાથી બીજી આવૃત્તિરૂપે હાલ પ્રકાશન કરવામાં આવેલ છે.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના મહાન પ્રભાવના ઉદયે પ્રતિદિન સત્ ધર્મ-પ્રભાવના વૃદ્ધિગત થઈ રહી છે અને સત્ સાહિત્ય દ્વારા સારાયે ભારતમાં તત્ત્વ-પ્રચાર અતિ સુંદર થઈ રહ્યો છે અને આ ટ્રસ્ટમાં પ્રતિવર્ષ લાખો રૂપિયાનું સાહિત્ય વેચાણ થાય છે; તે ગુરુદેવશ્રીનો મહાન પ્રતાપ છે; સમાજ ઉપર અનુપમ ઉપકાર છે.

આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ પ્રથમ સંસ્કરણ વખતે ભાઈશ્રી બ્ર. ચંદુલાલ ખીમચંદભાઈએ કરી આપેલ, તે બદલ તેમનો આભાર માનવામાં આવે છે.

અંતમાં, આ અધ્યાત્મ-ગ્રંથના સ્વાધ્યાયથી મુમુક્ષુ જીવો નિજહિત સાધે તેવી ભાવના છે.

બીજા શ્રાવણ વદ–૭
સોનગઢ

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

(તૃતીય આવૃત્તિ પ્રસંગે)

# પ્રકાશકીય નિવેદન

આ પુસ્તકની દ્વિતીય આવૃત્તિ ખપી જવાથી તથા આ પુસ્તકની મુમુક્ષુસમાજમાં વિશેષ માંગ હોવાથી તેની આ તૃતીય આવૃત્તિ પ્રકાશિત કરતા અમો આનંદ અનુભવીએ છીએ. આશા છે કે મુમુક્ષુ સમાજ આ પુસ્તકના સ્વાધ્યાયથી લાભાન્વિત થશે.

પૂજ્ય બહેનશ્રીની
૭૬મી સમ્યક્ત્વજયંતી
ફાગણ વદ ૧૦
વિ. સં. ૨૦૬૪

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

# ભૂમિકા

[૧] આ ગ્રંથનું નામ શ્રી 'ચિદ્વિલાસ' છે. તેના કર્તા પં. દીપચંદજી શાહ કાશલીવાલ છે. આ ગ્રંથ મૂળ હિંદી (-ઢૂંઢારી) ભાષામાં છે. તેમાં આપવામાં આવેલા વિષયો મુમુક્ષુઓ સરળતાથી સમજી શકે તેથી ગુજરાતી ભાષામાં તેનો અનુવાદ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

[૨] વસ્તુસ્વરૂપ યથાર્થપણે સમજ્યા વગર કોઈ જીવ કદી પણ ધર્મ લેશમાત્ર કરી શકે નહિ અને વસ્તુસ્વરૂપ સમજવા માટે દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન કરવાની જરૂરિયાત હોવાથી આ ગ્રંથમાં તેનું સ્વરૂપ અનેક પડખાંઓથી સમજાવવામાં આવ્યું છે. તેમાંથી ખાસ લક્ષમાં રાખવા લાયક કેટલાક વિષયો તરફ મુમુક્ષુઓનું ધ્યાન અહીં ખેંચવામાં આવે છે—

## આત્માનો સર્વજ્ઞ સ્વભાવ

[૩] ઘણા જીવો કહે છે કે આત્માનો સર્વજ્ઞસ્વભાવ ન હોઈ શકે; અને તેનું કારણ તેઓ એવું કલ્પે છે કે જો સર્વજ્ઞને માનીએ તો આત્માનો કાંઈ પુરુષાર્થ રહેતો નથી. વળી તેઓ એમ કહે છે કે પર સંબંધીનું આત્માનું જ્ઞાન વ્યવહારનયે છે અને વ્યવહાર જૂઠો છે માટે સર્વજ્ઞપણું જૂઠું છે. તેમની આ માન્યતાઓ તદ્દન મિથ્યા છે. એમ આ ગ્રંથમાં નીચેના શબ્દોમાં કહ્યું છે :—

'જેમ અરીસામાં ઘડો, વસ્ત્ર વગેરે દેખાય છે, ત્યાં જે 'દેખવું' તે તો ઉપચારદર્શન નથી; (તેમ જ્ઞાન) જ્ઞેયોને પ્રત્યક્ષ દેખે છે તે તો જૂઠું નથી; પરંતુ આટલું વિશેષ છે કે ઉપયોગ જ્ઞાનમાં સ્વ પર પ્રકાશકશક્તિ છે, તે પોતાના સ્વરૂપ પ્રકાશનમાં નિશ્ચળ વ્યાપ્ય વ્યાપક વડે લીન થયેલો અખંડ પ્રકાશ છે; પરનું પ્રકાશન તો છે પરંતુ વ્યાપકરૂપ એકતા નથી તેથી

ઉપચારસંજ્ઞા થઈ. વસ્તુ શક્તિ ઉપચાર નથી....તે જ સ્વચ્છ (ત્વ) શક્તિ છે, જેમ અરીસામાં, જો ઘટ પટ દેખાય છે. તો નિર્મળ છે અને જો ન દેખાય તો મલિન છે. તેમ જ જ્ઞાનમાં જો સકળ જ્ઞેય ભાસે તો નિર્મળ છે, ન ભાસે તો નિર્મળ નથી. જ્ઞાન પોતાના દ્રવ્યપ્રદેશ વડે તો જ્ઞેયમાં જતું નથી–જ્ઞેયમાં તન્મય થતું નથી. જો એ પ્રમાણે તન્મય થઈ જાય તો જ્ઞેયાકારોનો નાશ થતાં જ્ઞાનનો વિનાશ થઈ જાય, માટે દ્રવ્યથી (જ્ઞાનને) જ્ઞેયવ્યાપકતા નથી. જ્ઞાનની કોઈ એવી સ્વપરપ્રકાશક શક્તિ છે તે શક્તિના પર્યાય વડે જ્ઞેયોને જાણે છે.'' (પ-. ૧૩–૧૪)

**લક્ષણ** :–''જ્ઞાનનું લક્ષણ સામાન્યપણે નિર્વિકલ્પ છે, તે જ સ્વપર પ્રકાશક છે. વિશેષ એમ કહીએ છીએ કે જો કેવળ સ્વસંવેદ જ (અર્થાત્ માત્ર પોતાને જાણનાર) છે તે સ્વ–પર પ્રકાશક નથી તો મહા દૂષણ થાય. સ્વપદની સ્થાપના પરના સ્થાપનથી છે. પરની સ્થાપનાની અપેક્ષા દૂર કરવામાં આવે તો સ્વનું સ્થાપન પણ સિદ્ધ થતું નથી. માટે સ્વપર પ્રકાશક શક્તિ માનવાથી સર્વ સિદ્ધિ છે.'' (પૃ. ૧૬)

[૪] આ ઉપરથી સિદ્ધ થયું કે જેઓ આત્માનો સર્વજ્ઞસ્વભાવ નથી માનતા તેઓ આત્માને માનતા જ નથી, તેથી તેમને ધર્મ અંશે પણ પ્રગટે નહિ.

[૫] કેટલાક એમ માને છે કે આત્માનો સ્વભાવ સર્વજ્ઞ છે કે નહિ તે ઝંઝટમાં આપણે પડવું નહિ, પણ આપણે તો રાગને પૃથક્ કરવો; તેઓને આત્માનો અનિર્ણય છે તેથી તેમને પણ જરાય ધર્મ પ્રગટે નહીં.

## ક્રમબદ્ધ પર્યાયનું યથાર્થ જ્ઞાન

[૬] આત્માને સર્વજ્ઞ માનતાં એ પણ સિદ્ધ થયું કે દરેક દ્રવ્યના ક્રમબદ્ધ પર્યાયો યથાઅવસરે પ્રગટે છે. તે પર્યાય પ્રગટ થાય ત્યારે જે નૈમિત્તિક ભાવ–શુદ્ધ કે અશુદ્ધ થાય તેમાં નિમિત્ત યથાઅવસરે પોતપોતાને કારણે હોય જ છે. આ સંબંધમાં આ ગ્રંથના નિશ્ચયઅધિકાર પૃ. ૫૫માં નીચે પ્રમાણે કહ્યું છે–

“(૭) જે કાળ વિષે જે કાંઈ જેમ થવાનું છે તેમ જ થાય એને પણ નિશ્ચય કહીએ છીએ.

(૮) વળી જે જે ભાવની **જેવી જેવી રીત વડે પ્રવર્તના છે (તે તે) ભાવ તેવી તેવી રીત પામીને પરિણમે**–એને પણ નિશ્ચય કહે છે.”

[૭] –આ પ્રમાણે આત્માનો સર્વજ્ઞસ્વભાવ અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધવાળા પર્યાયો સહિતના દ્રવ્યોના તમામ પર્યાયો ક્રમબદ્ધ હોવાનું જેણે સ્વીકાર્યું તેને પરની અને વિકારોની કર્તાબુદ્ધિ છૂટી જાય છે.

## (૮) એક જ સમયે કારણકાર્ય તથા શાશ્વત અને ક્ષણિક એવા ઉપાદાનના બે ભેદો

દરેક પર્યાયની સ્વતંત્રતા બતાવવા માટે આ ગ્રંથમાં કારણકાર્યનું સ્વરૂપ બહુ સારી રીતે પૃ. ૩૫ થી ૩૭ તથા ૪૦–૪૧માં આપ્યું છે; તેનો ખાસ અભ્યાસ કરવાની જરૂર છે. આ સંબંધમાં કહ્યું છે કે–

(૧) “કારણ અને કાર્ય પરિણામથી જ થાય છે.” (પૃ. ૩૬)

(૨) “પર્યાયનું કાર્ય પર્યાયથી જ થાય છે.” (પૃ. ૪૦)

(૩) “પર્યાયનું કારણ પર્યાય જ છે, ગુણ વિના જ (અર્થાત્ ગુણની અપેક્ષા વગર જ) પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે. પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે. પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે. પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે.” (પૃ. ૯૫)

[૯] કારણ-કાર્ય સંબંધે ઘણા જીવોની એક મહાન ભૂલ એ થાય છે કે દ્રવ્યમાં ઉપાદાનશક્તિ તો છે પણ જો નિમિત્ત આવે તો ઉપાદાનમાં કાર્ય થાય અને ન આવે તો ન થાય–એમ તેઓ માને છે. આ પણ અનાદિથી ચાલી આવતી બે દ્રવ્યોના એકપણાની માન્યતા છે. આ માન્યતા અયથાર્થ છે એમ બતાવવા માટે ઉપાદાનના ક્ષણિક ઉપાદાન અને શાશ્વત ઉપાદાન એમ બે પ્રકાર કહ્યા છે. (જુઓ પૃ. ૪૬) માટે એ બંને પ્રકારના ઉપાદાન માની, દરેક દ્રવ્યના પર્યાય સમય સમયે તે તે સમયના ‘ક્ષણિક ઉપાદાન’ના કારણે થાય છે–એમ સમજવું અને નિમિત્ત તો માત્ર ઔપચારિક કારણ

હોવાથી તેને આ ગ્રંથમાં કારણ તરીકે લેવામાં આવ્યું નથી.

## વ્યવહાર તથા નિશ્ચય

[૧૦] આ વિષયોનું ઘણું સુંદર સ્વરૂપ આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે (જુઓ પૃ. ૪૬ થી ૫૯). મુમુક્ષુઓએ એ બંને નયોનું સ્વરૂપ જાણવું જ જોઈએ; કેમ કે બે નયોના વિષયનું જ્ઞાન થયા સિવાય, બંને નયો ઉપાદેય છે કે તેમાંથી એક ઉપાદેય છે?–તે જાણી શકાય નહિ. નયપ્રમાણદ્વારા યુક્તિથી શિવ-સાધન થાય છે.

[૧૧] આ સંબંધે પણ જનતામાં, ત્યાગી તેમજ વિદ્વાનોમાં મોટા ભાગે એવી માન્યતા છે કે બંને નયોના વિષયો ઉપાદેય છે, અને વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટે; માટે દેવદર્શન, પૂજા, પડિમા, વ્રત, મહાવ્રતરૂપ વ્યવહાર પ્રથમ અંગીકાર કરવો અને તેમ કરતાં કરતાં નિશ્ચય (શુદ્ધ પર્યાય) પ્રગટશે.–તેઓની આ માન્યતા મિથ્યા છે એમ આ ગ્રંથના ૪૬મા પાને નીચેના શબ્દોમાં કહ્યું છે—

“વ્યવહારથી પરપરિણતિરૂપ રાગ–દ્વેષ–મોહ–ક્રોધ–માન–માયા–લોભાદિક (છે, તે) અવલંબન હેય કરવું; સંસારી જીવોએ એક ચૈતન્ય આત્મસ્વરૂપવિષે અવલંબન કરવું–સર્વથા સ્વરૂપ ઉપાદેય કરવું.”

[૧૨] –એ પ્રમાણે બંને નયોનું યથાર્થ જ્ઞાન–વ્યવહારને હેય અને નિશ્ચયને ઉપાદેય–ગ્રહણ કરવું તે બંને નયોનું ગ્રહણ છે, પણ વ્યવહારનયના આશ્રયે નિશ્ચય પ્રગટે એમ માનવાથી તો બંને નયોનો નાશ થાય છે.

## સમ્યગ્દર્શન એટલે નિયત

[૧૩] ઉપર પ્રમાણે પોતાના એક ચૈતન્ય આત્મસ્વરૂપ વિષે અવલંબન કરતાં સમ્યગ્દર્શન પ્રગટે છે; અને સમ્યગ્દ્રષ્ટિ જીવને સર્વે દ્રવ્યના પર્યાયો નિયત હોય છે–એવું યથાર્થ જ્ઞાન–સ્વ તરફના પુરુષાર્થ સહિત હોય છે, તેથી સમ્યગ્દર્શનનું એક નામ ‘નિયત’ છે. (જુઓ પૃ. ૪૯ છેલ્લેથી બીજી લીટી)

## સમ્યક્ત્વગુણની પ્રધાનતા

[૧૪] સમ્યક્ત્વ ગુણની પ્રધાનતાનું કારણ (પૃ. ૧૨માં) નીચે મુજબ આપ્યું છે–

“સમ્યક્ત્વ ગુણ છે તે પ્રધાન ગુણ છે, કેમકે સર્વે ગુણો સમ્યક્ આનાથી છે; સર્વે ગુણોનું અસ્તિત્વપણું અનાથી છે; સર્વે ગુણોનો નિશ્ચય, યથા અવસ્થિતભાવ (આનાથી) છે. નિશ્ચયનું નામ સમ્યક્ત્વ છે કે જ્યાં વ્યવહાર, ભેદ, વિકલ્પ નથી, અશુદ્ધતા નથી, નિજ અનુભવસ્વરૂપ સમ્યક્ છે.

## સમ્યક્ત્વની છ ભાવના

સમ્યગ્દર્શનનું નિશ્ચય સ્વરૂપ તો એક જ પ્રકારે છે, તો પણ તેના સ્વરૂપનું નિર્મળ જ્ઞાન થવા માટે વ્યવહારે આ ગ્રંથમાં સમ્યક્ત્વના ૬૭ ભેદો કહ્યા છે; તેમાં સમ્યક્ત્વની છ ભાવનાનું સ્વરૂપ ખાસ લક્ષમાં રાખવા યોગ્ય હોવાથી નીચે આપ્યું છે–

“૧. **(મૂળ ભાવના)**–સમ્યક્ત્વ સ્વરૂપઅનુભવ તે સકળ નિજધર્મમૂળ-શિવમૂળ છે, જિનધર્મરૂપી કલ્પતરુનું મૂળ સમ્યક્ત્વ છે, એમ ભાવે.

૨. **(દ્વાર ભાવના)**–ધર્મનગરમાં પ્રવેશવા માટે સમ્યક્ત્વ દ્વાર છે.

૩. **(પ્રતિષ્ઠા ભાવના)**–વ્રત–તપની, સ્વરૂપની પ્રતિષ્ઠા સમ્યક્ત્વથી છે.

૪. **(નિધાનભાવના)**–અનંત સુખ દેવાને નિધાન સમ્યક્ત્વ છે.

૫. **(આધારભાવના)**–નિજ ગુણનો આધાર સમ્યક્ત્વ છે.

૬. **(ભાજનભાવના)**–સર્વ ગુણોનું ભાજન (સમ્યક્ત્વ) છે.
(આ) છ ભાવનાઓ સ્વરૂપરસ પ્રગટ કરે છે.

સંસારનું મૂળ મિથ્યાત્વ છે, તેમ ધર્મનું મૂળ સમ્યક્ત્વ છે. ધર્મનો અર્થ વીતરાગી ચારિત્ર છે. સમ્યગ્દર્શનરૂપ મૂળ વગરના વ્રત અને તપ તે

બાળવ્રત અને બાળતપ છે. બાળ જીવોએ બાળપણું (મિથ્યાત્વ) ટાળવા માટે વસ્તુસ્વરૂપ યથાર્થપણે સમજીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ. સમ્યગ્દર્શન તે 'દર્શનસામાયિક' છે; અને તે મૂળના આધારે પ્રગટતું વીતરાગી ચારિત્ર તે 'ચારિત્ર સામાયિક' છે. તથા સમ્યગ્દર્શન પોતે 'મિથ્યાત્વનું પ્રતિક્રમણ' છે અને વીતરાગી ચારિત્ર તે 'અસંયમનું પ્રતિક્રમણ' છે. એ વીતરાગી ચારિત્ર સમ્યગ્દર્શનરૂપ મૂળ વિના હોતું નથી. સમ્યગ્દર્શન–મૂળ ઉપર ઉગતું શુદ્ધોપયોગરૂપ વીતરાગી ચારિત્ર–વૃક્ષ (ધર્મ) છે અને તે શુદ્ધોપયોગરૂપ ચારિત્ર વૃક્ષનું ફળ કેવળજ્ઞાન અને સિદ્ધપદ છે. એ રીતે બધા ગુણોની શુદ્ધતાનું ભાજન સમ્યક્ત્વ છે એમ ભાવના કરવી. આ સિવાય આ ગ્રંથમાં બીજા ઘણા ઉપયોગી વિષયો લીધા છે. તેની વિગત અનુક્રમણિકામાં આપી છે.

આ અધ્યાત્મ ગ્રંથ શરૂથી છેવટ સુધી કાળજીપૂર્વક વાંચી તેનો બારિકીથી અભ્યાસ કરવાની મુમુક્ષુઓને વિનંતી કરી વિરમું છું.

વીરશાસન જયંતી ૨૪૭૬
સોનગઢ, (સૌરાષ્ટ્ર)

રામજી માણેકચંદ દોશી
પ્રમુખ, શ્રી જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ--૩૬૪૨૫૦

# વિષયાનુક્રમણિકા


દ્રવ્ય અધિકાર ---------- ૧
ગુણ અધિકાર ---------- ૬
સમ્યક્ત્વની પ્રધાનતા ---------- ૧૦
જ્ઞાનગુણનું સ્વરૂપ ---------- ૧૨
દર્શન ગુણનું સ્વરૂપ ---------- ૨૦
ચારિત્રનું સ્વરૂપ ---------- ૨૩
ગુણની સિદ્ધિ પર્યાયથી જ છે ---------- ૨૬
પરિણમનશકિત દ્રવ્યમાં છે ---------- ૨૯
કારણ–કાર્યભાવ ---------- ૩૨
દ્રવ્યનો સત્‌ઉત્પાદ અને અસત્‌ઉત્પાદ ---------- ૩૬
સામાન્ય–વિશેષનું સ્વરૂપ ---------- ૩૮
સામાન્ય-વિશેષરૂપ વસ્તુ ઉપર અનંત નય ---------- ૪૦
વ્યવહાર ---------- ૪૩
નિશ્ચય ---------- ૪૮
પર્યાયાર્થિક નયના પ્રકારો ---------- ૫૨
સુખ અધિકાર ---------- ૫૪
જીવન શકિત ---------- ૫૫
પ્રભુત્વ શકિત ---------- ૫૭
  દ્રવ્યનું પ્રભુત્વ ---------- ૫૭
  ગુણનું પ્રભુત્વ ---------- ૫૭
  પર્યાયનું પ્રભુત્વ ---------- ૫૮
  વીર્યશકિત ---------- ૫૯
  દ્રવ્યવીર્ય ---------- ૬૦
  ગુણવીર્ય ---------- ૬૩
  પર્યાયવીર્ય ---------- ૬૪
  ક્ષેત્રવીર્ય ---------- ૬૬
  કાળવીર્ય ---------- ૬૭

તપવીર્ય ---------- ૬૮
એક ગુણમાં સર્વ ગુણોનું રૂપ સંભવે છે ---------- ૭૧
પરિણામશકિતના ભેદ ---------- ૭૪
પ્રદેશત્વશકિત ---------- ૭૬
દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિલાસ ---------- ૭૯
ભાવભાવશકિત ---------- ૮૦
એક સમયનાં કારણ-કાર્યમાં ત્રણ ભેદ ---------- ૮૧
દ્રવ્યના કારણકાર્ય ---------- ૮૧
ગુણનાં કારણકાર્ય ---------- ૮૨
પર્યાયનાં કારણકાર્ય ---------- ૮૩
પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય ---------- ૮૫
સમ્યક્ત્વના ૬૭ પ્રકાર ---------- ૮૫
જ્ઞાતાના વિચાર ---------- ૯૧
અનંત સંસાર કેમ મટે? ---------- ૯૩
મનની પાંચ ભૂમિકા ---------- ૯૭
સમાધિનું વર્ણન ---------- ૯૯
૧. લયસમાધિ ---------- ૧૦૨
૨. પ્રસંજ્ઞાત સમાધિ ---------- ૧૦૩
૩. વિતર્ક–અનુગત સમાધિ ---------- ૧૦૪
૪. વિચાર–અનુગત સમાધિ ---------- ૧૦૬
૫. આનંદ–અનુગત સમાધિ ---------- ૧૦૭
૬. અસ્મિતા–અનુગત સમાધિ ---------- ૧૦૮
૭. નિર્વિતર્ક–અનુગત સમાધિ ---------- ૧૦૯
૮. નિર્વિચાર–અનુગત સમાધિ ---------- ૧૦૯
૯. નિરાનંદ–અનુગત સમાધિ ---------- ૧૧૦
૧૦. નિરસ્મિતા–અનુગત સમાધિ ---------- ૧૧૦
૧૧. વિવેકખ્યાતિ સમાધિ ---------- ૧૧૧
૧૨. ધર્મમેઘ સમાધિ ---------- ૧૧૨
૧૩. અસંપ્રજ્ઞાત સમાધિ ---------- ૧૧૨

ૐ

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવને નમસ્કાર હો

શાહ પં. શ્રી દીપચંદજી કાશલીવાલ કૃત

# ચિદ્વિલાસ

## —: મંગલાચરણ :—

અવિચલ જ્ઞાન પ્રકાશમય, ગુણ અનંતનું સ્થાન;
ધ્યાન ધરત શિવ પામીએ, પરમસિદ્ધ ભગવાન.

અનંત ચિદ્શક્તિથી શોભાયમાન એવા પરમ સિદ્ધ પરમેશ્વરને નમસ્કાર કરીને આ 'ચિદ્વિલાસ' કહું છું.

## દ્રવ્ય અધિકાર

પ્રથમ જ વસ્તુ વિષે દ્રવ્ય-ગુણ-પર્યાયનો નિર્ણય કરીએ છીએ : ત્યાં દ્રવ્યનું સ્વરૂપ કહીએ છીએ :–*'द्रव्यं सत् लक्षणं (અર્થાત્ દ્રવ્યનું

* પંચાસ્તિકાય ગા. ૧૦; તત્ત્વાર્થસૂત્ર અ. ૫ સૂ. ૨૯; પ્રવચનસાર ગા. ૯૭. આલાપ. પદ્ધતિ પૃ. ૯૬.

લક્ષણ સત્ છે)' એમ જિનાગમમાં કહ્યું છે. ત્યાં શિષ્ય પ્રશ્ન[૧] કરે છે કે હે પ્રભો! (૧) 'गुणसमुदायो द्रव्यं[૨] (અર્થાત્ ગુણોનો સમુદાય તે દ્રવ્ય છે)' એવું શ્રી જિનવચન છે, માટે એક સત્તામાત્રને (દ્રવ્યનું લક્ષણ કહેવામાં) અનંત ગુણની સિદ્ધિ થતી નથી. (૨) વળી 'ગુણ સમુદાય (તે દ્રવ્ય છે)' એમ કહેતાં 'गुणपर्यायवद् द्रव्यं[૩] (અર્થાત્ ગુણ–પર્યાયવાળું દ્રવ્ય છે)' એવી સિદ્ધિ થતી નથી અને (૩) 'द्रव्यत्वयोगाद् द्रव्यं (અર્થાત્ દ્રવ્યત્વના સંબંધથી દ્રવ્ય છે)' એવું પણ જો દ્રવ્યનું વિશેષણ (લક્ષણ) કરો તો અમે કહીએ છીએ કે દ્રવ્ય સ્વતઃસિદ્ધ છે[૪] તેથી તે વિશેષણ જુઠું ઠરે છે, કેમકે તેને આધીન દ્રવ્ય નથી. [–એ રીતે ઉપરનાં કોઈ લક્ષણો નિર્બાધ સિદ્ધ થતાં નથી–એવો શિષ્યનો પ્રશ્ન છે.]

તેનું સમાધાન કરીએ છીએ : હે શિષ્ય! વસ્તુમાં મુખ્ય-ગૌણ વિવક્ષાથી કથન કરવામાં આવે છે; ત્યાં (૧) જ્યારે 'સત્તા'ની મુખ્યતા કરીને કહીએ ત્યારે સત્તાને દ્રવ્યનું લક્ષણ કહેવામાં આવે છે. કેમકે સત્તા 'છે' એવા લક્ષણવાળી છે, તેથી 'છે' એવા લક્ષણમાં 'ગુણોનો સમુદાય', 'ગુણ-પર્યાય' અને 'દ્રવ્યત્વ એ બધું આવી જાય છે, માટે સત્તાને દ્રવ્યનું લક્ષણ કહેવામાં કોઈ દોષ કે વિરોધ નથી. (૨) 'ગુણસમુદાય' કહેતાં તેમાં અગુરુલઘુ આવ્યો. અગુરુલઘુ ગુણમાં ષટ્ ગુણ વૃદ્ધિ-હાનિ (રૂપ) પર્યાય આવી ગયો, તેથી 'ગુણસમુદાય'માં પર્યાયની સિદ્ધિ થઈ; તેમાં જ ગુણોમાં દ્રવ્યત્વ ગુણ પણ આવી ગયો. માટે 'गुणसमुदायो द्रव्यं (અર્થાત્ ગુણોનો સમુદાય તે દ્રવ્ય છે)' એ પણ વિવક્ષાથી પ્રમાણ છે. 'गुणपर्यायवद् द्रव्यं' અર્થાત્ ગુણપર્યાયવાળું દ્રવ્ય છે)' એમ કહેતાં તેમાં 'સત્તા' અને 'સર્વ ગુણપર્યાય' આવી ગયા, તેથી 'ગુણપર્યાયવાન્ દ્રવ્ય' એ પણ

---

૧. જુઓ પંચાધ્યાયી ગા. ૯૭.

૨. પંચાધ્યાયી ગા. ૭૩.

૩. તત્ત્વાર્થ સૂત્ર ૫–૩૮, પ્રવચનસાર ગા. ૯૫; પંચાધ્યાયી ગા. ૭૨.

૪. પંચાધ્યાયી ગા. ૮.

વિવક્ષાથી પ્રમાણ છે. (૩) '**द्रव्यत्वयोगाद् द्रव्यं**' અર્થાત્ દ્રવ્યત્વના સંબંધથી દ્રવ્ય છે) એ પણ પ્રમાણ છે–કઈ રીતે? (તે કહે છે :–) ગુણપર્યાયોને દ્રવ્યા વગર દ્રવ્ય ન હોય તેથી દ્રવવાપણું દ્રવ્યત્વ ગુણથી છે; (દ્રવ્ય પોતે) દ્રવીને ગુણ-પર્યાયમાં વ્યાપીને તેને પ્રગટ કરે છે તેથી ગુણ-પર્યાયનું પ્રગટ કરવાપણું દ્રવ્યત્વગુણથી છે. માટે દ્રવ્યત્વની વિવક્ષાથી '**द्रव्यत्वयोगाद् द्रव्यं**' (અર્થાત્ દ્રવ્યત્વના સંબંધથી દ્રવ્ય છે)' એ પણ પ્રમાણ છે. 'દ્રવ્ય સ્વતઃસિદ્ધ છે' એ પણ પ્રમાણ છે; કેમકે એ ચારેય દ્રવ્યનો સ્વતઃસ્વભાવ છે, પોતાના સ્વભાવરૂપે દ્રવ્ય સ્વતઃ પરિણમે છે, તેથી સ્વતઃસિદ્ધ કહેવાય છે. [આ રીતે 'સત્તા', 'ગુણોનો સમુદાય', 'ગુણપર્યાયવાળું', ને 'દ્રવ્યત્વનો સંબંધ' એ ચારે લક્ષણો પ્રમાણ છે. તેમાંથી કોઈ એકને જ્યારે મુખ્ય કરીને કહેવામાં આવે ત્યારે બાકીના ત્રણે લક્ષણો પણ તેમાં ગર્ભિતરૂપે આવી જ જાય છે–એમ સમજવું.

દ્રવ્ય ગુણ-પર્યાયોને દ્રવે છે, ગુણ-પર્યાયો દ્રવ્યને દ્રવે છે, તેથી તેઓ 'દ્રવ્ય' એવું નામ પામે છે. દ્રવ્યાર્થિકનયવડે દ્રવ્યનાં જે વિશેષણ છે તેના અનેક ભેદ છે. *(તે આ પ્રમાણે :–)

અભેદ દ્રવ્યાર્થિકનય દ્રવ્યને પોતાના સ્વભાવથી અભેદ બતાવે છે; ભેદ કલ્પના : સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય દ્રવ્યને ભેદરૂપ બતાવે છે; શુદ્ધ દ્રવ્યાર્થિકનય દ્રવ્યને શુદ્ધ બતાવે છે; અન્વયદ્રવ્યાર્થિકનય દ્રવ્યને ગુણાદિ સ્વભાવરૂપ બતાવે છે; સત્તા-સાપેક્ષ દ્રવ્યાર્થિકનય (દ્રવ્યને) સત્તારૂપ બતાવે છે; અનંત જ્ઞાનસાપેક્ષ દ્રવ્યાર્થિકનય (દ્રવ્યને) જ્ઞાનસ્વરૂપ બતાવે છે; દર્શનસાપેક્ષ દ્રવ્યાર્થિકનય (દ્રવ્યને) દર્શનરૂપ બતાવે છે; અનંતગુણ સાપેક્ષ દ્રવ્યાર્થિકનય (દ્રવ્યને) અનંતગુણરૂપ બતાવે છે–ઈત્યાદિ અનેક વિશેષણો દ્રવ્યનાં છે તે, દ્રવ્યમાં નય–પ્રમાણ વડે સાધવા [ઉપર જે અભેદ, ભેદ, શુદ્ધ ઈત્યાદિ પ્રકારો કહ્યા તે બધા દ્રવ્યના વિશેષણો-લક્ષણો છે, અને તે બધાના વિશેષ્યરૂપ લક્ષ્યરૂપ દ્રવ્ય છે.]

---

* જુઓ, આલાપપદ્ધતિ પૃ. ૬૯ થી ૭૨

અહીં કોઈ પ્રશ્ન કરે છે : હે પ્રભો! 'ગુણ-પર્યાયનો પુંજ દ્રવ્ય છે,'–એમ કહેતાં તેમાં ગુણના લક્ષણ વડે તો ગુણને જાણ્યા ને પર્યાયના લક્ષણવડે પર્યાયને જાણ્યાં દ્રવ્ય તો કોઈ વસ્તુ નથી. આમ કહેતાં તો, તે દ્રવ્ય, જેમ 'આકાશનું ફૂલ' કહેવા માત્ર જ છે તેમ દ્રવ્યનું સ્વરૂપ પણ કહેવા માત્ર જ છે (–એમ ઠરશે); તેનું રૂપ તો ગુણ-પર્યાય છે, બીજું કાંઈ નથી. માટે ગુણ-પર્યાય જ છે, દ્રવ્ય નહિ?

તેનું સમાધાન : જે સ્વભાવ છે તે સ્વભાવીથી ઉત્પન્ન છે; સ્વભાવી ન હોય તો સ્વભાવ ન હોય, અગ્નિ ન હોય તો ઉષ્ણ સ્વભાવ ન હોય, સોનું ન હોય તો પીળાશ–ચીકાશ–વજન સ્વભાવ ન હોય, તેથી ગુણ-પર્યાય દ્રવ્યના આશ્રયે છે. આ સંબંધમાં તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે '**द्रव्याश्रया निर्गुणा गुणाः**[1]' દ્રવ્યના આશ્રયે ગુણ છે, ગુણના આશ્રયે ગુણ નથી. આ સંબંધમાં દૃષ્ટાંત આપે છે : [2]જેમ એક ગોળી વીશ ઔષધિની બનેલી છે; પરંતુ તે વીશેય ઔષધિ ગોળીને આશ્રયે છે (તેથી) ગોળીને 'વીશ ઔષધિનો એક રસ' કહેવાય છે. જો કે વીશેય ઔષધિ જુદા–જુદા સ્વાદને ધારણ કરે છે તો પણ જો ગોળી-ભાવને (–ગોળીના સ્વરૂપને) જોઈએ તો કોઈ ઔષધિનો રસ તે ગોળીથી જુદો નથી, જે રસ છે તે ગુટિકા ભાવ વિષે રહેલા છે. તે વીશ ઔષધિરસનો એક પુંજ તે જ ગોળી છે–આમ જો કે કથનમાં ભેદવિકલ્પ જેવું આવે છે પરંતુ (વસ્તુમાં ભેદ નથી, કેમકે) એક જ સમયમાં વીશ ઔષધિરસનો ભાવ એક ગોળી છે. તેમ ગુણો પોતપોતાના સ્વભાવને લીધે જુદા જુદા છે, કોઈ ગુણનો ભાવ બીજા કોઈ ગુણ સાથે મળી જતો નથી, જ્ઞાનનો ભાવ, દર્શન સાથે ન મળે, દર્શનનો ભાવ જ્ઞાન સાથે ન મળે, એ પ્રમાણે અનંતગુણો છે તેમાંથી કોઈ ગુણ બીજા કોઈ ગુણ સાથે મળતો નથી. બધા ગુણોનો એકાંત ભાવ ચેતનાનો પુંજ દ્રવ્ય છે. જો (દ્રવ્ય વગર)

---

૧. તત્ત્વાર્થસૂત્ર ૫–૪૧

૨. આત્માવલોકન પૃ. ૯૬

એકલા ગુણને જ માનીએ તો તે 'આકાશના ફૂલ'ની જેમ કહેવા માત્ર જ ઠરે. ગુણી વગર ગુણ કઈ રીતે હોય?–ન હોય. એક જ્ઞાન ગુણ તો માન્યો (પણ દ્રવ્ય ન માન્યું) તો દ્રવ્ય વગર જ્ઞાન જ વસ્તુ નામ પામ્યું, ત્યારે જ્ઞાન વસ્તુ ઠરી. એ રીતે અનંત ગુણો અનંત વસ્તુ થઈ જાય, એમ થતાં વિપરીતતા થાય છે, એમ તો નથી. બધા ગુણોનો આધાર એક વસ્તુ છે, તેને દ્રવ્ય કહેવાય છે.

કોઈ પ્રશ્ન કરે છે કે : આ 'દ્રવ્ય' છે તે વસ્તુ છે કે વસ્તુની અવસ્થા છે?

તેનું સમાધાન :–વસ્તુનું સ્વરૂપ સામાન્ય-વિશેષનાં એકાંતરૂપ છે; દ્રવીભૂત (દ્રવ્યત્વ) ગુણ વડે 'દ્રવ્ય' કહેવાય છે દ્રવ્યત્વવડે તે વસ્તુની અવસ્થા 'દ્રવ્ય'રૂપ થઈ, તે વસ્તુ જ છે; વિશેષણથી વિશેષ સંજ્ઞા હોય છે. સ્યાદ્વાદમાં વિરોધ નથી; અપેક્ષા સહિત નયથી વસ્તુની સિદ્ધિ છે. કહ્યું છે કે :—

**मिथ्यासमूहो मिथ्या चेन्न मिथ्यैकांततास्ति नः।**
**निरपेक्षा नया मिथ्या सापेक्षा वस्तुःतेऽर्थकृत्** ॥१०८॥

(આચાર્ય શ્રી સમન્તભદ્ર કૃત દેવાગમ સ્તોત્ર)

ઉપરના પદમાં શ્રી આચાર્યદેવ કહે છે કે :—જે નય પરસ્પર અપેક્ષા રહિત છે તે તો મિથ્યા છે અને જે નય પરસ્પર અપેક્ષા સહિત છે તે વસ્તુસ્વરૂપ છે ને પ્રયોજન સિદ્ધ કરે છે. જે મિથ્યાનયોનો સમૂહ છે તે તો મિથ્યા છે. વળી અમારા (સ્યાદ્વાદીના) મતમાં જે નયોનો સમૂહ છે તે મિથ્યા નથી.

માટે આ (ઉપર પ્રમાણે) દ્રવ્યનું કથન સિદ્ધ થયું.

# ગુણ અધિકાર

હવે ગુણ-અધિકારમાં ગુણનું કથન કરીએ છીએ : 'द्रव्यं द्रव्यात् गुण्यंते ते गुणाः उच्यंते[1]' (અર્થાત્ એક દ્રવ્યને બીજાં દ્રવ્યોથી ભિન્ન જણાવે તેને ગુણ કહેવાય છે.) ગુણો વડે દ્રવ્ય જુદાં જણાય છે. ચેતનગુણ વડે જીવ જણાય છે. એક 'અસ્તિત્વ' ગુણ છે, (તે) સાધારણ છે. (તે અસ્તિત્વ ગુણ) મહાસત્તાની વિવક્ષાથી બધા (દ્રવ્યો)માં રહેલો છે; (અને) અવાન્તર સત્તા (ની વિવક્ષાથી) બધા (દ્રવ્ય) ને પોતપોતાનું અસ્તિત્વ[2] છે ત્યાં સ્વરૂપસત્તા ત્રણ પ્રકારે છે[3]–દ્રવ્યસત્તા, ગુણસત્તા ને પર્યાયસત્તા. તેમાં 'દ્રવ્ય છે' તેને દ્રવ્યસત્તા કહીએ. દ્રવ્ય (નું સ્વરૂપ) તો કહ્યું. હવે, 'ગુણ છે' તેને ગુણ સત્તા કહીએ. ગુણો અનંત છે. સામાન્ય વિવક્ષામાં અનંત જ પ્રધાન છે. વિશેષ વિવક્ષામાં જે ગુણને પ્રધાન કરીએ તે મુખ્ય છે, (ને) બીજા ગૌણ છે, તેથી મુખ્યતા–ગૌણતા (રૂપ) ભેદ, વિધિ–નિષેધ (રૂપ) ભેદ જાણવા; સામાન્ય વિશેષમાં બધું સિદ્ધ થાય છે, નય વિવક્ષા (તથા) પ્રમાણ વિવક્ષા (તે) યુક્તિ છે. યુક્તિ પ્રધાન છે, યુક્તિ વડે વસ્તુને સાધીએ. (આ સંબંધી) 'નયચક્ર' ગ્રંથમાં કહ્યું છે કે :—

तच्चाणेसणकाले समयं बुज्झेहि जुत्तिमग्गेण।
णो आराहणसमये पच्चक्खो अणुहवो जह्मा।।२६८।।

અર્થાત્ તત્ત્વના અવલોકનકાળે પદાર્થને યુક્તિમાર્ગથી જાણવો જોઈએ, પરંતુ આરાધન વખતે તો પ્રત્યક્ષ અનુભવ હોવાથી ત્યાં યુક્તિની જરૂર નથી.

---

૧. આલાપપદ્ધતિ પૃ. ૮૭.
૨. પ્રવચનસાર ગા. ૯૬.
૩. પ્રવચનસાર ગા. ૧૦૭.

માટે નય (અને) પ્રમાણ (તે) યુક્તિ છે એમ જાણવું.

'ગુણસત્તા'માં અનંત ભેદ છે તે ગુણના અનંત ભેદ છે. એક સૂક્ષ્મગુણના અનંત પર્યાયો છે, જ્ઞાનસૂક્ષ્મ, દર્શનસૂક્ષ્મ એ જ રીતે બધા ગુણો સૂક્ષ્મ જાણવા; સૂક્ષ્મ (ગુણ)ના પર્યાયો છે.–સૂક્ષ્મગુણનો જ્ઞાનસૂક્ષ્મ પર્યાય જ્ઞાયકતારૂપ અનંતશક્તિમય નૃત્ય કરે છે; એક જ્ઞાન–નૃત્યમાં અનંત ગુણનો ઘાટ જાણવામાં આવ્યો છે તેથી (તે અનંત ગુણનો ઘાટ) જ્ઞાનમાં છે; અનંત ગુણના ઘાટમાં એકેક ગુણ અનંતરૂપે થઈને પોતાના જ લક્ષણને ધારે છે, તે કળા છે; એકેક કળા ગુણરૂપ હોવાથી અનંતરૂપને ધારે છે; એકેક રૂપ જે રૂપે થયું તેની અનંત સત્તા છે; એકેક સત્તા અનંત ભાવને ધરે છે; એકેક ભાવમાં અનંત રસ છે; એકેક રસમાં અનંત પ્રભાવ છે. *–આ પ્રકારે આવા ભેદો અનંત સુધી જાણવા.

એકેક ગુણ સાથે બીજા ગુણને લગાડવાથી અનંત સપ્તભંગી સાધી શકાય છે (અર્થાત્ એક ગુણમાં બીજા ગુણની અપેક્ષા લઈને તેમાં અનંત સપ્તભંગી ઊતરે છે). તેનું કથન :–(અહીં સત્તા ગુણ સાથે જ્ઞાન ગુણની અપેક્ષા લઈને સપ્તભંગનું સ્વરૂપ વિચારે છે) :–

સત્તા જ્ઞાનરૂપ છે કે નથી?–(૧) જો સત્તા જ્ઞાનરૂપ કહીએ તો (જ્ઞાનગુણ સત્તાગુણના આશ્રયે ઠરે, અને એમ થતાં), **'द्रव्याश्रया निर्गुणा गुणा'**[૧] આ સૂત્રમાં ગુણમાં ગુણની મના કરી છે તે સૂત્ર જુઠું ઠરે છે. (અને) (૨) જો (સત્તાને) જ્ઞાનરૂપ ન માનીએ તો (તે) જડ ઠરે છે. તેથી સપ્તભંગ સાધીએ છીએ. તે આ પ્રમાણે :–

(૧) કેવળ ચૈતન્યનું અસ્તિત્વ છે એમ જ્યારે કહીએ ત્યારે (સત્તા) જ્ઞાનરૂપ છે (સ્યાત્ અસ્તિ).

---

* વિસ્તાર–વર્ણન માટે જુઓ; આજ ગ્રંથકર્તાકૃત અધ્યાત્મ પંચસંગ્રહ–સવૈયા ટીકા : પૃષ્ઠ. ૧–૨.

૧. તત્ત્વાર્થસૂત્ર ૫–૪૧.

(૨) કેવળ સત્તાલક્ષણસાપેક્ષ, અન્યગુણનિરપેક્ષ લઈએ ત્યારે (સત્તા) જ્ઞાનરૂપ નથી. (સ્યાત્ નાસ્તિ).

(૩) બંને વિવક્ષાઓમાં (સત્તા કથંચિત્) જ્ઞાનરૂપ છે, નથી. (સ્યાત્ અસ્તિ–નાસ્તિ).

(૪) (સત્તાનો) અનંત મહિમા વચનગોચર નથી તેથી અવક્તવ્ય છે. [અથવા સત્તા જ્ઞાનરૂપ છે અને જ્ઞાનરૂપ નથી એવા બંને પ્રકાર એકસાથે કહી શકાતા નથી માટે સ્યાત્ અવક્તવ્ય છે.] (સ્યાત્ અવક્તવ્ય).

(૫) '(સત્તા) જ્ઞાનરૂપ છે' એમ કહેતાં '(સત્તા જ્ઞાનરૂપ) નથી' એવા ભંગનું કથન બાકી રહી જાય છે તેથી સત્તા જ્ઞાનરૂપ છે; પરંતુ અવક્તવ્ય છે. (સ્યાત્ અસ્તિ અવક્તવ્ય)

(૬) '(સત્તા) જ્ઞાનરૂપ નથી' એમ કહેતાં '(સત્તા) જ્ઞાનરૂપ છે' એવા ભંગનું કથન બાકી રહી જાય છે તેથી (સત્તા જ્ઞાનરૂપ નથી અને) અવક્તવ્ય છે. (સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય)

(૭) અસ્તિ–નાસ્તિ બંને ભંગ એક સાથે કહી શકાતા નથી તેથી (સત્તા જ્ઞાનરૂપ છે–જ્ઞાનરૂપ નથી ને) અવક્તવ્ય છે (સ્યાત્ અસ્તિ–નાસ્તિ અવક્તવ્ય).

આ પ્રમાણે ચૈતન્ય વડે સત્તાના સાત ભંગ જ્ઞાન સાથે સધાય છે. એ જ પ્રમાણે ચૈતન્ય વડે સત્તાના સાત ભંગ દર્શન સાથે સાધવા; તથા એ જ પ્રમાણે વીર્ય સાથે, પ્રમેયત્વ સાથે, તેમજ અનંત ગુણો સાથે (સાધવા) ચેતનાની જેમ બધા ગુણો સાથે (સત્તાના સાત ભંગ) સાધીએ ત્યારે (સત્તામાં) અનંત સાત ભંગ સધાય છે. વળી સત્તાની જગ્યાએ વસ્તુત્વ મૂકીને, તેની સાથે સત્તાની જેમ સાધીએ ત્યારે અનંત વાર સાત ભંગ થાય છે. એ જ રીતે વસ્તુત્વ સાથે. એવી જ રીતે એકેક ગુણ સાથે અનંતવાર જુદા જુદા સાધવા. એ રીતે અનંત ગુણ સિદ્ધ થાય છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સત્તાની જગ્યાએ (ચેતન) મૂકીએ ત્યારે એક ચેતનની વિવક્ષાથી (સાત ભંગ) સધાય છે, તે જ પ્રમાણે ચેતનાની માફક એકેક ગુણને વિવક્ષાવડે સાધીએ ત્યારે બધા ગુણો પર્યંત અનંતાનંત (સાત ભંગ) એક એક ગુણ સાથે સધાય છે.

એવી રીતે આ ચર્ચા સ્વરૂપની રુચિ પ્રગટે ત્યારે પામે અને કરે. નિજ ઘરનાં નિધાન નિજપારખી જ પરખે.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સમ્યક્ત્વની પ્રધાનતા

જીવમાં ગુણો અનંત છે; તેમાં સમ્યક્ત્વ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખ એ વિશેષરૂપ છે–પ્રધાન છે. વસ્તુનો યથાવત્ નિશ્ચય થવો તેને સમ્યક્ કહીએ. તે [૧]અનંત પ્રકારે છે. સમ્યક્ નિર્વિકલ્પ દર્શન (ઉપયોગ) તેને કહીએ કે જે દેખવા–માત્ર પરિણમ્યું.

સમ્યક્ સવિકલ્પ દર્શન (ઉપયોગ) તેને કહીએ કે જે સ્વજ્ઞેયભેદોને જુદા જુદા દેખે છે ને પરજ્ઞેયભેદોને જુદા દેખે છે.

(જે) જ્ઞાન જાણવામાત્ર પરિણમ્યું તે નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન છે.

(જે જ્ઞાન) સ્વજ્ઞેયભેદને જુદા જાણે છે ને પરજ્ઞેયભેદને જુદા જાણે છે તેને સવિકલ્પ સમ્યગ્ જ્ઞાન કહીએ.

(જે) આચરણરૂપ પરિણમ્યું તેને નિર્વિકલ્પ સમ્યક્ચારિત્ર કહીએ.

(જે) સ્વજ્ઞેયને આચરે છે ને પરજ્ઞેયના ત્યાગને આચરે છે તેને સવિકલ્પસમ્યક્ચારિત્ર કહીએ. ઈત્યાદિ ઘણા ભેદો છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે :–સમ્યક્ત્વ ઉપયોગ છે કે નહિ? જો ઉપયોગ હોય તો ઉપયોગના બાર ભેદ કેમ કહ્યા? આઠ જ્ઞાનના અને ચાર દર્શનનાં; (તેમાં) સમ્યક્ત્વ તો ન લાવ્યા? જો સમ્યક્ત્વ ઉપયોગ નથી તો પ્રધાન કઈ રીતે સંભવે છે?

તેનું સમાધાન આ સમ્યક્ત્વ ગુણ છે તે પ્રધાન ગુણ છે; કેમકે

---

૧. અહીં દર્શન અપેક્ષાએ બે ભેદ, જ્ઞાન અપેક્ષાએ બે ભેદ ને ચારિત્ર અપેક્ષાએ બે ભેદ–એ રીતે સમ્યક્ત્વના છ ભેદ સમજાવ્યા છે. અને એ રીતે અનંત ગુણોની અપેક્ષાએ સમ્યક્ત્વના અનંત ભેદ પડે છે, તેથી અહીં સમ્યક્ત્વને અનંત પ્રકારે કહ્યું છે, એમ સમજવું.

સર્વ ગુણો સમ્યક્ આનાથી છે, સર્વ ગુણોનું અસ્તિત્વપણું આનાથી છે, સર્વ ગુણોનો નિશ્ચય યથાઅવસ્થિતભાવ (આનાથી) છે. નિશ્ચયનું નામ સમ્યક્ત્વ છે કે જ્યાં વ્યવહાર, ભેદ, વિકલ્પ નથી, અશુદ્ધતા નથી, નિજ અનુભવ સ્વરૂપ સમ્યક્ છે.

જ્ઞાન જાણવામાત્ર પરિણમ્યું (તે) નિર્વિકલ્પ સમ્યગ્ જ્ઞાન છે. જ્ઞાન જ્ઞેયોને જાણે છે તે અસદ્ભૂતઉપચરિતનયથી છે.

દર્શન દેખવારૂપ પરિણમ્યું. (તેને). નિર્વિકલ્પ સમ્યક્ દર્શન કહીએ (દર્શન) સ્વજ્ઞેયને જુદાં દેખે છે ને પરજ્ઞેયને જુદાં દેખે છે, તે ભેદ વ્યવહારથી [છે] એમ કહીએ. અસદ્ભૂત ઉપચરિતનયથી [દર્શન] પરને દેખે છે. તે નિર્વિકલ્પરૂપ જ્ઞાન અને દર્શન સમ્યક્ થયાં તે સમ્યક્ (ત્વ) ગુણથી સમ્યક્ થયાં એ રીતે અનંત [ગુણો] સમ્યક્ થયા તે સમ્યક્ ગુણની પ્રધાનતાથી થયા.

શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી આ જીવ અનાદિથી કેવલજ્ઞાનાદિ અનંત ગુણોને ધારણ કરે છે, પરંતુ જ્યાં સુધી સમ્યક્ ન પ્રગટ્યું ત્યાં સુધી [તે ગુણો] અશુદ્ધ રહ્યા. [સ્વ પર્યાયના પુરુષાર્થરૂપ] કાળલબ્ધિ* પામીને જ્યારે સમ્યક્ત્વ થયું ત્યારે સમ્યક્ની શુદ્ધતાથી તે ગુણો વિમળ થયા; તેથી પ્રથમ સમ્યક્ત્વ ગુણ થયો, પછી બીજા ગુણો થયા; સિદ્ધ ભગવાનના ગુણોમાં પણ પ્રથમ સમ્યક્ત્વ જ કહ્યું; તેથી સમ્યક્ત્વ પ્રધાન છે. ઉપયોગ તો દર્શન અને જ્ઞાન છે, જ્યાં 'સમ્યગ્દર્શન' કહ્યું હોય ત્યાં 'સમ્યક્ત્વ' સમજવું અને જ્યાં 'દર્શન' કહ્યું હોય ત્યાં 'દેખવારૂપ દર્શન' સમજવું. વસ્તુના નિશ્ચયરૂપ, અનુભવરૂપ સમ્યક્ત્વ છે તે પ્રધાન છે.

* જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક–મોક્ષ સાધનમાં પુરુષાર્થની મુખ્યતા, પૃ. ૩૧૧

# જ્ઞાનગુણનું સ્વરૂપ

હવે જ્ઞાનગુણનું સ્વરૂપ કહીએ છીએ. જ્ઞાન જાણપણું એ રીતે નિર્વિકલ્પ છે, તે સ્વજ્ઞેયને જાણે છે; તે પરજ્ઞેયોને જાણવામાં, જ્ઞાન નિશ્ચયથી જાણે તો જ્ઞાન જડ થાય-તાદાત્મ્યવૃત્તિથી એક થઈ જાય; તેથી નિશ્ચયથી તો ન જાણે, ઉપચારથી જાણે તો સર્વજ્ઞતા કઈ રીતે [બને]? જો ઉપચારમાત્ર તો જૂઠો છે તો સર્વજ્ઞ[પણું] જૂઠું થાય, તે ન બને.

**તેનું સમાધાન :**-જેમ અરીસામાં ઘડો-વસ્ત્ર વગેરે દેખાય છે, ત્યાં જે 'દેખવું' તે તો ઉપચાર દર્શન નથી, [તેમ જ્ઞાન] જ્ઞેયોને પ્રત્યક્ષ દેખે છે તે તો જૂઠું નથી; પરંતુ આટલું વિશેષ છે કે ઉપયોગ જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશક શક્તિ છે, તે પોતાના સ્વરૂપ-પ્રકાશનમાં નિશ્ચળ વ્યાપ્ય-વ્યાપક વડે લીન થયેલો અખંડ પ્રકાશ છે; પરનું પ્રકાશન તો છે, પરંતુ વ્યાપકરૂપ એકતા નથી [અર્થાત્ પરને જાણતાં જ્ઞાન પર સાથે એકમેક થતું નથી], તેથી ઉપચાર સંજ્ઞા થઈ. વસ્તુશક્તિ ઉપચાર નથી[1] એ વાત વિશેષ લખીએ છીએ :-

કોઈ એક મિથ્યાવાદી એમ માને છે કે જ્ઞેયોનું જાણપણું છે તે જ અશુદ્ધતા છે, જ્યારે તે મટશે ત્યારે અશુદ્ધતા મટશે[2] પરંતુ એમ તો નથી, કેમકે જ્ઞાન વિષે એવી સ્વ-પરપ્રકાશકતા પોતાના સહજ ભાવથી છે, તે અશુદ્ધભાવ નથી. અરૂપી આત્મપ્રદેશોનો પ્રકાશ લોક-અલોકના આકારરૂપ થઈને મેચક ઉપયોગ [અનેકાકાર ઉપયોગ] થયો છે. આ

---

૧. જુઓ, સમયસાર ગા. ૩૫૬ થી ૩૬૫ ઉપર જયસેનાચાર્યની ટીકામાં પૃ. ૪૬૬-૪૬૭.

૨. જુઓ, સમયસાર કલશ-૨૫૧;

સંબંધમાં કહ્યું છે કે –नीरुपात्मप्रदेशप्रकाशमानलोकालोकाकारमेचकोपयोग-लक्षणा स्वच्छत्वशक्तिः' [અર્થાત્ અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક [અર્થાત્ અનેક આકારરૂપ] એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વ શક્તિ છે[૧]].

તે જ સ્વચ્છ[ત્વ] શક્તિ છે, જેમ અરીસામાં જો ઘટ–પટ દેખાય તો નિર્મળ છે; અને જો ન દેખાય તો મલિન છે, તેમ જ જ્ઞાનમાં જો સકળ જ્ઞેય ભાસે તો નિર્મળ છે, ન ભાસે તો નિર્મળ નથી. જ્ઞાન પોતાના દ્રવ્ય–પ્રદેશવડે તો જ્ઞેયમાં જતું નથી–જ્ઞેયમાં તન્મય થતું નથી. જો એ પ્રમાણે તન્મય થઈ જાય તો જ્ઞેયાકારોનો નાશ થતાં જ્ઞાનનો વિનાશ થઈ જાય.[૨] માટે દ્રવ્યથી [જ્ઞાનને] જ્ઞેય વ્યાપકતા નથી. જ્ઞાનની કોઈ [એવી] સ્વ-પરપ્રકાશક શક્તિ છે, તે શક્તિની પર્યાયોવડે જ્ઞેયોને જાણે છે.

વસ્તુનું સ્વરૂપ જ્ઞાનમાત્ર છે; તે સંબંધમાં ચાર પ્રશ્નો ઉપજે છે,

[૧] એક તો પ્રશ્ન એ કે જ્ઞાન જ્ઞેયના અવલંબને છે કે પોતાના અવલંબને છે?

[૨] બીજો પ્રશ્ન એમ કે જ્ઞાન એક છે કે અનેક છે?

[૩] ત્રીજો પ્રશ્ન એવો છે કે જ્ઞાન અસ્તિરૂપ છે કે નાસ્તિરૂપ છે?

[૪] ચોથો પ્રશ્ન એવો છે કે જ્ઞાન નિત્ય છે કે અનિત્ય છે?[૩] તેનું સમાધાન આ પ્રમાણે છે :–

[૧] જે જેટલી વસ્તુ છે તેટલી દ્રવ્ય–પર્યાયરૂપ [છે], જ્ઞાન પણ

---

૧. ગુજરાતી સમયસાર પૃ. ૫૦૪;

૨. સમયસાર કલશ. ૨૫૫–૬

૩. સમયસાર કલશ ટીકા પૃ. ૨૮૨ તથા સમયસાર ગુજરાતી પૃ. ૪૮૮ થી ૫૦૦.

દ્રવ્ય–પર્યાયરૂપ છે; દ્રવ્યરૂપ નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુ, પર્યાય માત્ર સ્વજ્ઞેય–પરજ્ઞેયને જાણે છે. જ્ઞેયના પર્યાય વડે જ્ઞાનનું પર્યાયરૂપ થવા વડે જ્ઞાન જ્ઞેયોના અવલંબને છે. [જે જ્ઞેયોને જાણવારૂપ પરિણતિ છે તે જ્ઞાનનો પર્યાય છે, તેથી જ્ઞાનનો પર્યાય કહેતાં જ્ઞાન જ્ઞેયના અવલંબને છે એમ કહેવામાં આવે છે.] અને વસ્તુમાત્ર [કહેતાં] પોતાના અવલંબને છે.

[૨] જ્ઞાનને પર્યાય માત્ર કહેતાં અનેક છે, વસ્તુમાત્ર [કહેતાં] એક છે.

[૩] જ્ઞાન પર્યાયમાત્ર [કહેતાં] નાસ્તિ છે, વસ્તુમાત્ર [કહેતાં] અસ્તિ છે.

[૪] [જ્ઞાન] પર્યાયમાત્ર [કહેતાં] અનિત્ય છે, વસ્તુમાત્ર [કહેતાં] નિત્ય છે.

આ પ્રમાણે સમાધાન કરવું તે સ્યાદ્‌વાદ છે, અને એ જ પ્રમાણે વસ્તુનું સ્વરૂપ છે.

જ્ઞાન વસ્તુ પોતાના અસ્તિત્વપણાથી ચાર ભેદવાળી છે. જ્ઞાનમાત્ર જીવ સ્વદ્રવ્યપણે અસ્તિ, સ્વક્ષેત્રપણે અસ્તિ, સ્વકાળપણે અસ્તિ અને સ્વભાવપણે અસ્તિ [છે], [તે] પરદ્રવ્યપણે નાસ્તિ, પરક્ષેત્રપણે નાસ્તિ, પરકાળપણે નાસ્તિ ને પરભાવપણે નાસ્તિ [છે]. જ્ઞાનનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જ્ઞેયમાં નથી. જ્ઞેયનાં [ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ] જ્ઞાનમાં નથી. જ્ઞાનના પોતાના નિજ લક્ષણની અપેક્ષાવડે [અને] અન્ય ગુણ લક્ષણ નિરપેક્ષતા વડે જ્ઞાનની સંજ્ઞા–સંખ્યા–લક્ષણ–પ્રયોજનતા જ્ઞાનમાં છે, અન્યની નથી. અન્ય ગુણોની સંજ્ઞા–સંખ્યા–લક્ષણ–પ્રયોજનતા અન્ય ગુણોમાં છે.

(વળી ) તેમાં કોઈ એક વિશેષ ભેદ લખીએ છીએ, તે વિશેષ જ્ઞાનથી વિશેષ સુખ છે, જ્ઞાન [અને] આનંદનું સામીપ્યપણું છે.

તેથી જ્ઞાનવિષે સાત ભેદ છે, તે આ પ્રમાણે :– ૧–નામ,

૨–લક્ષણ, ૩–ક્ષેત્ર, ૪–કાળ, ૫–સંખ્યા, ૬–સ્થાનસ્વરૂપ અને ૭–ફળ એ સાત ભેદ કહીએ છીએ :–

**૧. નામ**–'જ્ઞાન' એવું નામ શા માટે કહેવું? [ તે કહે છે.] 'ज्ञानोति ज्ञानं [અર્થાત્ જે જાણે છે તે જ્ઞાન છે]' એના વડે જાણવામાં આવે છે તેથી જ્ઞાન કહીએ; જે [પોતે] જાણે છે [અથવા] જેના વડે જીવ જાણે છે, તેથી [તેનું] 'જ્ઞાન' નામ છે.

**૨. લક્ષણ**–જ્ઞાનનું લક્ષણ સામાન્યપણે નિર્વિકલ્પ છે, તે જ સ્વ–પર પ્રકાશક છે. વિશેષ એમ કહીએ છીએ [કે] જો [જ્ઞાન], કેવળ સ્વસંવેદજ [અર્થાત્ માત્ર પોતાને જ જાણનાર] છે, તે સ્વ–પર પ્રકાશક નથી તો મહા દૂષણ થાય; સ્વપદની સ્થાપના પરના સ્થાપનથી છે. પરની સ્થાપનાની અપેક્ષા દૂર કરવામાં આવે તો સ્વનું સ્થાપન પણ સિદ્ધ થતું નથી. માટે સ્વ–પર પ્રકાશક શક્તિ માનવાથી સર્વ સિદ્ધિ છે, આમાં કાંઈ સંદેહ નથી.

[**પ્રશ્ન :**–] જ્ઞાન અનંત ગુણોને જાણે છે, એક દર્શનને પણ તે જાણે છે, દર્શનમાત્રને જાણતું હોવાથી [તે] એકદેશ જ્ઞાન છે કે સર્વદેશ જ્ઞાન છે? [૧] [માત્ર દર્શનને જાણનારા જ્ઞાનને] જો સર્વદેશ કહો તો તે સર્વદેશ સંભવતું નથી [કારણ કે] તે માત્ર દર્શનને જ જાણનારું ન રહ્યું પણ બધાને જાણનારું ઠર્યું. [૨] [અને જો તે જ્ઞાનને] એકદેશ અંશકલ્પના છે, [એમ કહો તો] તે કેવળજ્ઞાનમાં સંભવતી નથી.

**તેનું સમાધાન :**–દર્શનમાં સર્વદર્શિત્વ શક્તિ છે,[૧] તેથી તેને જાણતાં સર્વ જાણ્યું,–એક તો આ ન્યાય છે. [વળી] યુગપત્ સર્વ ગુણોને જાણતાં તેમાં દર્શનને પણ જાણ્યું, યુગપત્ જાણવામાં વિકલ્પ નથી. એક જ નિરાવરણ જાણવાથી સર્વ ગુણો નિરાવરણ જાણ્યા. જેમ એક આત્માના અસંખ્ય પ્રદેશ, પ્રદેશ–પ્રદેશમાં અનંત ગુણ [અને] ગુણ–

૧. ગુજ૦ સમયસાર પૃ. ૫૦૪;

ગુણમાં અસંખ્ય પ્રદેશ. તે એક પ્રદેશ નિરાવરણ થતાં સર્વ પ્રદેશો નિરાવરણ થયા; એકને જાણે તે સર્વને જાણે, સર્વને જાણે તે એકને જાણે,[૧] એમ આગમમાં કહ્યું છે; [તેથી] નિરાવરણ એક દર્શનને જાણવામાં સર્વદેશ જ્ઞાન સિદ્ધ થાય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે–દર્શન નિરાકાર છે, તેને જાણવાથી જ્ઞાન પણ નિરાકાર થયું?

**તેનું સમાધાન** :–દર્શન ગુણ દેખવામાત્ર લક્ષણને ધારણ કરે છે; અને સર્વદર્શિત્વ શક્તિને ધારણ કરે છે એ દર્શનનું વિશેષ છે; તેને (જ્ઞાન) જાણે છે. (તેથી દર્શનને જાણનારું જ્ઞાન નિરાકાર નથી)–એક તો આ સમાધાન છે. બીજું વિશેષ એ છે કે જ્ઞાનની સર્વજ્ઞ શક્તિમાં સર્વને જાણતાં દર્શન પણ આવ્યું; બધા ગુણોનું જાણપણું મુખ્ય થયું તેમાં દર્શન પણ આવી ગયું, પણ તે જ્ઞાન તે રૂપ (થયું)–એમ ન કહીએ (અર્થાત્ અનંત ગુણો સાથે દર્શનને જાણવા છતાં જ્ઞાન તે દર્શનરૂપે થઈ જતું નથી) જ્ઞાનની શક્તિ યુગપત્–બધાને એક સાથે–જાણવાની છે તેથી (જ્ઞાનને) જુદું વિશેષણ (ગુણ) લેવું. જેમ પાંચ રસ જેમાં ગર્ભિત છે એવો રસ કોઈએ ચાખ્યો, ત્યાં એમ કહેવાનું બનતું નથી કે આ પુરુષે મધુર રસ ચાખ્યો. તેમ દર્શન અનંત ગુણોમાં આવી ગયું, એક (જુદા દર્શન-ગુણ)ની કલ્પના કરવાનું બનતું નથી–એમ જાણવું.

જ્ઞાન પોતાના સત્‌પણાથી સત્તારૂપ છે, જ્ઞાન પોતાના સૂક્ષ્મત્વથી સૂક્ષ્મરૂપ છે, જ્ઞાન પોતાના વીર્યથી અનંત બળરૂપ છે, જ્ઞાન પોતાના અગુરુલઘુત્વથી અગુરુલઘુરૂપ છે–એ પ્રમાણે અનંત ગુણોનાં લક્ષણ જ્ઞાનમાં આવે છે. જ્ઞાન ત્રિકાળવર્તી સર્વને એક સમયમાં યુગપત્ જાણે છે.

ત્યાં, આ **પ્રશ્ન** ઊઠે છે કે–આત્માને ભવિષ્યકાળના સમય-સમયમાં જે પરિણામદ્વારા જે સુખ થશે તે તો જ્ઞાનમાં આવી પ્રતિભાસ્યું,

૧. પ્રવચનસાર ગા. ૪૮–૪૯.

(તો પછી) સ્વસંવેદન પરિણતિનું સુખ સમયે સમયે નવું નવું કહેવાનું કઈ રીતે રહ્યું?

**તેનું સમાધાન** :–જ્ઞાનભાવમાં ભવિષ્યકાળ થતાં જે પરિણામ વ્યક્ત થશે ત્યારે તે સુખ વ્યક્ત થશે. અહીં (વર્તમાનમાં) વ્યક્ત પરિણામ થયા તેથી સુખ છે; પરિણામ એક સમય જ રહે છે તેથી સમયમાત્ર પરિણામનું સુખ છે, જ્ઞાનનું સુખ યુગપત્ છે. પરિણામનું (સુખ) સમય માત્રનું છે (તેથી) સમય સમયના પરિણામ જ્યારે આવે ત્યારે વ્યક્ત સુખ થાય. ભવિષ્યકાળના પરિણામ જ્ઞાનમાં આવ્યા, પણ થયા નથી, તેથી પરિણામનું સુખ ક્રમવર્તી છે, તે તો સમયે સમયે નવું નવું થાય છે. જ્ઞાનનો ઉપયોગ યુગપત્ છે, તે ઉપયોગ પોત પોતાના લક્ષણને ધારણ કરે છે તેથી પરિણામનું સુખ નવું કહીએ (અને) જ્ઞાનનું સુખ યુગપત્ છે. જ્ઞાનની અન્વય અને યુગપત્‌રૂપ શક્તિ છે, તેના પર્યાયની વ્યતિરેકરૂપ શક્તિ (છે, તે) વ્યાપકરૂપ થઈને અન્વયરૂપ થાય છે*. અન્વય યુગપત્ છે એકેક સમયના પરિણામદ્વારમાં આવે છે, તેને પરિણમેલું જ્ઞાન કહે છે, અથવા જ્ઞાનરૂપે જ્ઞાન પરિણમે છે ત્યારે વ્યતિરેક શક્તિરૂપ જ્ઞાન થાય છે. અન્વય-વ્યતિરેક પરસ્પર એક-બીજારૂપ થાય છે (અર્થાત્ તે બંને અવિનાભાવીરૂપ છે,) તેથી (જ્ઞાનનું) પરમ લક્ષણ જે વેદકતા, તેમાં (તે બંને) છે. વેદકતા (જાણવાપણું) પરિણામથી (છે); પરિણામ, દ્રવ્યત્વગુણના પ્રભાવથી દ્રવ્યગુણના આકારે થાય છે (અને) દ્રવ્ય-ગુણો પર્યાયના આકારે થાય છે. આ પ્રમાણે જ્ઞાનના ઘણા ભેદો સધાય છે. (અહીં) જ્ઞાનનું લક્ષણ જાણપણું છે તે નિશ્ચિત થયું. તેનો બીજો વિસ્તાર છે.

(પૂર્વે જ્ઞાન વિષે સાત ભેદ કહ્યા હતા તેમાંથી નામ અને લક્ષણ એ બે ભેદનું વિવેચન અહીં પૂરું થયું. હવે ત્રીજા ભેદનું વિવેચન કરે છે.)

---

* જુઓ ગુજ૦ પ્રવચનસાર ગા. ૧૧૧ ટીકા પૃ. ૧૯૨.

હવે જ્ઞાનનું ક્ષેત્ર કહીએ છીએ.

૩. **ક્ષેત્ર**–(જ્ઞાનનું ક્ષેત્ર) અસંખ્યાત પ્રદેશ ભેદ વિવક્ષામાં કહીએ. અને અભેદમાં જાણનમાત્ર વસ્તુનું સત્ત્વ (જેટલામાં છે તેટલું) ક્ષેત્ર છે.

૪. **કાળ**–જેટલી જ્ઞાનની મર્યાદા છે તેટલો જ્ઞાનનો કાળ છે. (સામાન્ય અપેક્ષાએ જ્ઞાનનો કાળ અનાદિ અનંત છે અને વિશેષ અપેક્ષાએ જ્ઞાનનો કાળ એક સમય છે.)

૫. **સંખ્યા**–જ્ઞાન માત્ર વસ્તુ સામાન્યતાથી એક છે (અને) પર્યાયથી અનંત છે, શક્તિ અનંત છે. ભેદ કલ્પનામાં દર્શનને જાણે તે 'દર્શનનું જ્ઞાન' (એવું) નામ પામે, સત્તાને જાણે તે 'સત્તાનું જ્ઞાન' (એવું) નામ પામે; તેથી કલ્પના કરતાં ભેદ સંખ્યા છે. નિર્વિકલ્પ અવસ્થામાં એક છે. આ સંખ્યા જો પ્રદેશમાં ગણીએ તો જ્ઞાનના અસંખ્યાત પ્રદેશો છે.

૬. **સ્થાનસ્વરૂપ**–જ્ઞાનમાત્ર વસ્તુનું સ્થાનક જ્ઞાનમાત્ર વસ્તુમાં છે તેથી (જ્ઞાન) જ્ઞાનસ્વરૂપ પોતાના સ્થાનકમાં છે, તે જ સ્થાનસ્વરૂપ કહીએ. (જે જ્ઞાન,) દર્શનને જાણે તે દર્શનને જાણવાનું સ્થાનસ્વરૂપ દર્શનનું જ્ઞાન છે–એવી ભેદ કલ્પના ઊઠે છે, જ્ઞાતા જાણે છે.

૭. **ફળ**–જ્ઞાનનું ફળ છે તે જ્ઞાન છે, એક તો એમ છે, કેમકે એકનું ફળ બીજું ન હોય, (કોઈ ગુણ) નિજલક્ષણને ન તજે, ગુણમાં ગુણ હોય નહિ, માટે (જ્ઞાનનું) નિર્વિકલ્પ નિજલક્ષણ ફળ છે. જેમ પોતે પોતાને સંપ્રદાન કરે તેમ (જ્ઞાનનું) પોતાનું ફળ સ્વભાવપ્રકાશ છે. બીજું, જ્ઞાનનું ફળ *સુખ કહીએ. બારમા ગુણસ્થાને મોહ ગયો, પણ અનંત

* પ્રવચનસાર ગા. ૫૪ હેડિંગ તથા ગા. ૫૯-૬૦-૬૧

ज्ञान समान न आन जगत में सुखको कारण।
यह परमामृत जन्मजरामृतु-रोग-निवारण॥

છહઢાળા : ૪–૩

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સુખ (એવું) નામ જ્ઞાન અનંત થવાથી તેરમા (ગુણસ્થાનક)માં પામ્યું; તેથી જ્ઞાનની સાથે આનંદ છે તે જ્ઞાનનું ફળ છે.–આ સંબંધમાં કહ્યું છે કે '**नास्ति ज्ञानसमं सुखम्** । (અર્થાત્ જ્ઞાન સમાન સુખ નથી).'

(અહીં જેમ જ્ઞાનમાં નામ, લક્ષણાદિ સાત ભેદ ઉતાર્યા તેમ) એ સાતે ભેદો દર્શનમાં લગાડવા, વીર્યમાં (પણ) લાગે. અનંતગુણોમાં (પણ) તે સાતે ભેદ જાણો.

આ રીતે જ્ઞાનનું (સ્વરૂપ) અને તેના ભેદ સંક્ષેપમાત્રથી કહ્યા.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# દર્શનગુણનું સ્વરૂપ

હવે દર્શનના ભેદ કહીએ છીએ :—

જે દેખે છે તે દર્શન છે અથવા જેના વડે જીવ દેખે છે તેને દર્શન કહીએ. નિરાકાર ઉપયોગરૂપ દશિ[1] (દર્શન) શક્તિ છે. આ સંબંધમાં જિનાગમમાં એમ કહ્યું છે કે '**निराकारं दर्शनं, साकारं ज्ञानं** (એટલે કે દર્શન નિરાકાર છે અને જ્ઞાન સાકાર છે અર્થાત્ દર્શનનો વિષય નિરાકાર છે અને જ્ઞાનનો વિષય સાકાર છે.) જો દર્શન ગુણ ન હોય તો વસ્તુ અદેશ્ય થતાં સર્વ વસ્તુઓનું જ્ઞાન જ ન થાય અને એમ થતાં જ્ઞેયોનો અભાવ ઠરે, માટે દર્શન પ્રધાન ગુણ છે.

'**सामान्यं दर्शनं विशेषं ज्ञानं**' [દર્શન સામાન્ય છે અને જ્ઞાન વિશેષ છે અર્થાત્ દર્શનનો વિષય સામાન્ય છે ને જ્ઞાનનો વિષય વિશેષ છે–] એમ (આગમમાં) કહ્યું છે. કોઈ એક વક્તાએ 'સિદ્ધસ્તોત્ર'ની ટીકા કરી છે તેણે તથા બીજાએ પણ એમ કહ્યું છે કે સામાન્ય શબ્દનો અર્થ આત્મા કહ્યો છે, [તેથી] આત્માનું અવલોકન તે દર્શન છે અને સ્વ–પરનું અવલોકન તે જ્ઞાન છે. [પરંતુ] એમ કહેવાથી એક ગુણ જ ઠરે [કેમકે] જે દર્શન આત્મ-અવલોકનમાં હતું તે જ પરઅવલોકનમાં આવ્યું; આવરણ બે ન હોય. પરંતુ આ કથન તો નિઃસંદેહ છે કે જ્ઞાનાવરણ અને દર્શનાવરણ એ બે જતાં સિદ્ધ ભગવાનને (કેવળજ્ઞાન અને કેવળદર્શન) એવા બે ગુણો પ્રગટે છે.

[વળી જો] આત્માનું અવલોકન જ દર્શન હોય તો સર્વદર્શિત્વ

---

૧. જુઓ સમયસાર ગુજરાતી પૃ. ૫૦૩

શક્તિનો અભાવ થાય (પરંતુ આગમમાં) તે સર્વદર્શિત્વ શક્તિ કહી છે. સિદ્ધાંતનું એવું વચન છે કે **'विश्वविश्वसामान्यभावपरिणामात्मदर्शनमयी सर्वदर्शित्वशक्तिः'**[1] [સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમેલા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ] આમ સમયસારના ઉપન્યાસ [–પરિશિષ્ટ]માં કહ્યું છે.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે–દર્શનને નિરાકાર કહ્યું [પરંતુ] સર્વદર્શિત્વ શક્તિમાં તો સર્વજ્ઞેયોને દેખવાથી [તે] નિરાકાર ન રહ્યું?

તેનું સમાધાન–ગોમ્મટસારજી (જીવકાંડ)માં કહ્યું છે કે :–

**भावाणं सामण्णविसेसयाणं सरूवमेत्तं जं।**
**वण्णणहीणग्गहणं जीवेण य दंसणं होदि**।।४८३।।

[**અર્થ** :–જીવદ્વારા જે સામાન્યવિશેષાત્મક પદાર્થોની સ્વપરસત્તાનું નિર્વિકલ્પરૂપે અવભાસન થાય છે તેને દર્શન કહે છે.]

**ટીકા** :–''**भावानां सामान्यविशेषात्मकपदार्थानां यत्स्वरूपमात्र विकल्परहितं यथा भवति तथा जीवेन सह स्वपरसत्तावभासनं तद्दर्शन भवति । पश्यति दृश्यते अनेन दर्शनमात्र वा दर्शनं**''—

આ કથનમાં, સામાન્ય વિશેષમય સર્વ પદાર્થોનું સ્વરૂપ માત્ર, વિકલ્પરહિત, જીવ સહિત સ્વ-પરનું ભાસવું (તેને) દર્શન કહીએ. આ કથનમાં, બન્ને સિદ્ધ થયા. નિરાકાર તો વિકલ્પરહિત સ્વરૂપમાત્રના ગ્રહણમાં સિદ્ધ થયું. સર્વદર્શી(ત્વ) સર્વ પદાર્થના ગ્રહણમાં સિદ્ધ થયું; તેથી આ કથન પ્રમાણ છે.

આ કથનમાં આ વિવક્ષા લેવી કે પોતાનું સ્વરૂપમાત્ર (તે) સ્વ લેવું, તે જ સામાન્ય થયું માટે એ લેવું, અને ગુણપર્યાયના ભેદરૂપ પર કહેતાં નિર્વિકલ્પ સ્વરૂપથી બીજો ભેદ તે જ વિશેષ થયું આવું સામાન્ય–

---

૧. ગુજ૦ સમયસાર પૃ. ૫૦૪

વિશેષ(પણું) સર્વ ભાવોમાં (બધા પદાર્થોમાં) છે. તદાત્મક (સામાન્ય વિશેષાત્મક) વસ્તુના નિર્વિકલ્પ સ્વરૂપ માત્રનું અવભાસન (તેને) દર્શન કહીએ.

(પૂર્વે જેમ જ્ઞાન વિષે સાત ભેદ કહ્યા હતા તેમ) દર્શન વિષે પણ સાત ભેદ છે, તે કહીએ છીએ :–

**(૧) (નામ–)** દર્શન એવું નામ, દેખવાથી પડયું તેથી (દર્શન) તે નામ છે.

**(૨) (લક્ષણ–)** દેખવામાત્ર લક્ષણ છે.

**(૩) (ક્ષેત્ર–)** અસંખ્યાત પ્રદેશમાં ક્ષેત્ર છે.

**(૪) (કાળ–)** દર્શનની સ્થિતિની મર્યાદાને કાળ કહીએ.

**(૫) (સંખ્યા–)** વસ્તુરૂપે એક છે, શક્તિ (અને) પર્યાયે અનેક છે. તે સંખ્યા છે.

**(૬) (સ્થાન સ્વરૂપ–)** (દર્શન) વસ્તુ પોતાના સ્થાનમાં પોતાના સ્વરૂપને ધારીને રહે છે તે સ્થાનસ્વરૂપ છે.

**(૭) (ફળ–)** આનંદ (તેનું) ફળ છે, (અથવા) વસ્તુ ભાવવડે આ દર્શનનો શુદ્ધ પ્રકાશ તે જ (તેનું) ફળ છે. વિવક્ષાઓ અનેક છે તે પ્રમાણ છે.

આ રીતે દર્શનનું સંક્ષેપમાત્ર કથન કહ્યું.

# ચારિત્રનું સ્વરૂપ

હવે ચારિત્રનું કથન કહીએ છીએ :–

આચરણનું નામ ચારિત્ર છે. (જે) આચરે અથવા જેના વડે આચરણ કરવામાં આવે તેને ચારિત્ર કહીએ. ચારિત્ર પરિણામવડે વસ્તુને આચરીએ તે ચારિત્ર (છે). ચરણ માત્ર ચારિત્ર છે, આ નિર્વિકલ્પ છે; નિજાચરણ જ છે, પરનો ત્યાગ છે એ પણ ચારિત્રનો ભેદ છે. દ્રવ્ય વિષે સ્થિરતા-વિશ્રામ-આચરણને દ્રવ્યાચરણ કહીએ; ગુણ વિષે સ્થિરતા-વિશ્રામ-આચરણને ગુણાચરણ કહીએ તેનું વિશેષ કથન કહીએ છીએ :– સત્તાગુણ વિષે પરિણામની સ્થિરતા (તે) સત્તાનું ચારિત્ર છે.

કોઈ પ્રશ્ન કરે કે સ્થિર (તો) અવિનાશીનું નામ છે. પરિણામની પ્રવૃત્તિ સ્વરૂપમાં આવે તે ચારિત્ર છે, પરિણામ સમય સ્થાયી છે, તો (સ્થિરપણું) કઈ રીતે બને?

**તેનું સમાધાન** :–જ્ઞાન દર્શન સ્વરૂપમાં સ્થિરતારૂપે સ્થિતિ–એવી સ્થિરતાનું નામ પણ ચારિત્ર છે. એ ચારિત્ર પરિણામની પ્રવૃત્તિ સ્વરૂપમાં થતાં જ્ઞાન-દર્શનની સ્થિતિ સ્વરૂપમાં થાય છે. પરિણામ વસ્તુને વેદીને સ્વરૂપમાં ઊઠે છે ત્યાં સ્વરૂપનો લાભ થાય છે, પછી તે જ (પરિણામ) વસ્તુમાં લીન થાય છે, ઉત્તર–પરિણામનું કારણ છે. વસ્તુનો–દ્રવ્ય–ગુણનો–આસ્વાદ લઈને (પરિણામ) વસ્તુમાં લીન થયા ત્યારે વસ્તુનું સર્વસ્વ એનાથી પ્રગટ થયું, વ્યાપકપણાથી વસ્તુના સર્વસ્વની મૂળ સ્થિતિનો નિવાસ વસ્તુ થઈ. તે પણ પરિણામની લીનતામાં જણાઈ ગયું.

તેથી જ્ઞાન–દર્શનની શુદ્ધતા પરિણામની શુદ્ધતાથી છે. જેમકે

અભવ્યનાં દર્શન–જ્ઞાન નિશ્ચયથી સિદ્ધસમાન છે, (પરંતુ) તેના પરિણામ કદી સુલટા થતા નથી તેથી તેના દર્શન-જ્ઞાન સદા અશુદ્ધ રહે છે; ભવ્યના પરિણામ શુદ્ધ થાય છે તેથી તેના દર્શન-જ્ઞાન પણ શુદ્ધ થાય છે. આ ન્યાયે પરિણામની નિજવૃત્તિ થતાં સ્વભાવગુણરૂપ વસ્તુમાં ઉપયોગની સ્થિરતા તે ચારિત્ર છે.

(પરિણામ) દ્રવ્યને દ્રવે છે, પરિણામમમાં દ્રવત્વ શક્તિ છે તે (દ્રવ્ય-ગુણને) દ્રવે છે. દ્રવ્યમાં દ્રવત્વ શક્તિ છે (તેથી) તે ગુણ—પર્યાયોને દ્રવે છે. અને ગુણમાં દ્રવત્વ શક્તિ છે (તેથી) તે દ્રવ્ય—પર્યાયોને દ્રવે છે. આ દ્રવત્વ શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. પરિણામ ગુણમાં દ્રવીને વ્યાપે ત્યારે ગુણદ્વારા પરિણતિ થઈ (અને) તે વખતે ગુણ પોતાના લક્ષણથી પ્રકાશરૂપ થયો. (પરિણામ દ્રવ્યમાં દ્રવીને વ્યાપે ત્યારે) દ્રવ્યરૂપ પરિણતિ થઈ (અને) તે વખતે દ્રવ્યનું લક્ષણ પ્રગટ થયું; માટે પરિણામ વિના દ્રવતા (–દ્રવવાપણું) હોય નહિ, દ્રવ્યા વિના વ્યાપકતા હોય નહિ; તેથી વ્યાપકતા વિના દ્રવ્યનો પ્રવેશ ગુણ-પર્યાયમાં થાય નહિ; તેથી (દ્રવ્ય-ગુણ-પર્યાયની) અન્યોન્ય સિદ્ધિ થાય નહિ, માટે અન્યોન્ય સિદ્ધિનું નિમિત્ત પરિણામ સર્વસ્વ છે.

પરિણામવડે આત્મામાં જ્ઞાન-દર્શનની સ્થિતિ થઈ તે ચારિત્ર છે; વેદકતા–વિશ્રામ, સ્વરૂપમાં થયો તે વિશ્રામરૂપ ચારિત્ર છે. (તે ચારિત્ર) વસ્તુના–ગુણના સ્વરૂપને આચરણવડે પ્રકટ કરે છે, તેથી આચરણરૂપ ચારિત્ર છે. ચારિત્ર સર્વસ્વ ગુણ–દ્રવ્યનું છે. સત્તાના અનંત ભેદ છે. અનંત ગુણના અનંત સત્ત્વ થયાં, જ્ઞાનનું સત્ત્વ, દર્શનનું સત્ત્વ–એ પ્રમાણે (અનંત ગુણોનું) સત્ત્વ જાણો, તે અનંત સત્ત્વનું આચરણવિશ્રામ, સ્થિરતાભાવ ચારિત્રે કર્યા.

અહીં પ્રશ્ન થાય છે કે–જ્ઞાનનું ચારિત્ર એકદેશ છે કે સર્વદેશ? તેનું **સમાધાન** :–જ્ઞાન એક ગુણ છે, પરંતુ જ્ઞાન વિષે સમસ્ત ગુણોને જાણે (એવી) સર્વજ્ઞ જ્ઞાનશક્તિ જ્ઞાનમાં છે, તેથી જ્ઞાનના આચરણથી

સર્વનું આચરણ છે. જ્ઞાનને વેદ્યુ ત્યાં બધા ગુણોને વેદ્યા. આ જ્ઞાન–વિશ્રામ થયો. જ્ઞાનની સ્થિરતા થઈ, (અને) સર્વ ગુણની સ્થિરતા જ્ઞાનની સ્થિરતામાં આવી, તેથી સર્વચારિત્ર આવ્યું. એ જ પ્રમાણે દર્શનનું ચારિત્ર તેમ જ સર્વ ગુણના ચારિત્રના ભેદ જાણો.

# ગુણની સિદ્ધિ પર્યાયથી જ છે

જ્ઞાનનું લક્ષણ જાણપણું છે; જ્ઞાન જાણપણારૂપ પરિણમે છે. અહીં પ્રશ્ન થાય છે કે–જ્ઞાનની સિદ્ધિ જાણપણાથી છે કે પરિણમનથી છે? તેનું સમાધાન–જાણપણા વિના તો જ્ઞાનનો અભાવ થાય, (અને) પરિણમન વિના જાણપણું હોય નહિ. જાણપણું ગુણ છે, પરિણમવું તે પર્યાય છે. પર્યાય વિના ગુણ હોય નહિ અને ગુણ વિના પર્યાય હોય નહિ, પર્યાયવડે ગુણ છે, અવિનાભાવી છે.

ત્યાં ફરી પ્રશ્ન ઉપજે છે કે–પર્યાય ક્રમવર્તી છે અને ગુણ યુગપત્ છે, તો કર્મવર્તીથી યુગપત્ ગુણની સિદ્ધિ કઈ રીતે થાય છે? તેનું સમાધાન–ગુણની સિદ્ધિ પર્યાયથી જ છે–તે કહીએ છીએ :— અગુરુલઘુગુણની સિદ્ધિ પર્યાય વિના થતી નથી; એ જ પ્રમાણે સર્વ (ગુણોમાં) જાણો. અગુરુલઘુગુણનો વિકાર (પરિણમન) તે ષટ્ગુણી વૃદ્ધિ–હાનિ છે. જો ષટ્ગુણી વૃદ્ધિ–હાનિ ન હોય તો અગુરુલઘુ ન હોય! જો સૂક્ષ્મ ગુણનો પર્યાય ન હોય તો સૂક્ષ્મ (ગુણ) ન હોય. જ્ઞાનસૂક્ષ્મ, દર્શનસૂક્ષ્મ તે સૂક્ષ્મ(ગુણ)ના પર્યાય છે. તેથી પર્યાય સાધક છે, ગુણ સિદ્ધિ (સાધ્ય) છે.

ષટ્ગુણી વૃદ્ધિ–હાનિનું સ્વરૂપ શું છે? એવો પ્રશ્ન થયો. તેનું **સમાધાન** :—સિદ્ધ ભગવાન છે તેમને વિષે ષટ્ગુણી વૃદ્ધિ–હાનિનું સ્વરૂપ* કહીએ છીએ :–

---

* અહીં માત્ર દૃષ્ટાંતરૂપ કથન છે, અગુરુલઘુગુણનું સૂક્ષ્મ પરિણમન તો આગમગમ્ય છે, વચન અગોચર છે. જુઓ, આલાપપદ્ધતિ પૃ. ૮૯

૧. સિદ્ધ પરમેશ્વર પોતાની શુદ્ધ સત્તાસ્વરૂપે પરિણમે છે, એમ કહીએ ત્યારે તેમાં અનંતગુણમાંથી એક સત્તા ગુણ આવ્યો, (તેથી) અનંત ગુણનો અનંતમો ભાગ થયો. તે પરિણમનની જે વૃદ્ધિ (ઉત્પાદ) તેને અનંતભાગવૃદ્ધિ કહીએ.

૨. ભગવાનમાં અસંખ્ય ગુણની વિવક્ષા લઈને એમ કહેવું કે ભગવાન દ્રવ્યત્વ ગુણરૂપ પરિણમે છે. (ત્યારે) તેમાં અસંખ્યમાંથી એક (ગુણ) આવ્યો; ત્યાં અસંખ્યાતમો ભાગ થયો. તે પરિણમનની વૃદ્ધિ તે અસંખ્યાતભાગવૃદ્ધિ કહીએ.

૩. સિદ્ધ ભગવાનમાં આઠ ગુણ છે, તેમાં કહેવું કે સિદ્ધ સમકિતરૂપે પરિણમે છે. ત્યાં (આઠ ગુણમાંથી એક ગુણ આવ્યો એટલે) સંખ્યાતમો ભાગ થયો, (તે પરિણમનની વૃદ્ધિ) તે સંખ્યાતભાગવૃદ્ધિ છે.

૪. તે સિદ્ધ આઠે ગુણરૂપ પરિણમે છે, ત્યાં આઠ ગુણ પરિણમનની વૃદ્ધિ થઈ તે સંખ્યાતગુણીવૃદ્ધિ કહીએ.

૫. સિદ્ધ અસંખ્યાત ગુણરૂપે પરિણમે છે ત્યાં અસંખ્યગુણ પરિણામની વૃદ્ધિ થઈ તે અસંખ્યગુણવૃદ્ધિ કહીએ.

૬. સિદ્ધ અનંતગુણરૂપ પરિણમે છે ત્યાં અનંતગુણ પરિણમનની વૃદ્ધિ થઈ તે અનંતગુણી વૃદ્ધિ કહીએ.

એ છ પ્રકારની વૃદ્ધિવડે પરિણામ વસ્તુમાં લીન થઈ ગયા ત્યારે ષટ્ પ્રકાર હાનિ (વ્યય) કહીએ.

અગુરુલઘુગુણથી વસ્તુની સિદ્ધિ છે. તેથી ગુણની સિદ્ધિ ગુણ-પર્યાયથી છે, દ્રવ્યની સિદ્ધિ દ્રવ્યપર્યાયથી છે, પર્યાયની સિદ્ધિ દ્રવ્ય–ગુણથી છે, દ્રવ્ય–પર્યાયની સિદ્ધિ દ્રવ્યથી છે (અને) ગુણપર્યાયની સિદ્ધિ ગુણથી છે. દ્રવ્યમાંથી જ પર્યાય ઊઠે છે, (જો) દ્રવ્ય ન હોય તો પરિણામ ઊઠે નહિ. દ્રવ્ય, વગર પરિણમે દ્રવ્યરૂપ કઈ રીતે હોય? માટે

દ્રવ્યથી પર્યાયની સિદ્ધિ છે. જો જ્ઞાનગુણ ન હોય તો જાણપણારૂપ કઈ રીતે પરિણમે? ગુણદ્વારા પરિણતિ છે. જેમ દ્વાર ન હોય તો દ્વારમાં પ્રવેશ ક્યાંથી હોય? ગુણ ન હોય તો ગુણપરિણામ પણ ન હોય. (જો) સૂક્ષ્મ ગુણ ન હોય તો સૂક્ષ્મ ગુણનો પર્યાય ક્યાંથી હોય? આ પ્રમાણે સર્વ ગુણ વિષે જાણો. ગુણપરિણતિ ગુણમય હોય છે.

ॐ

સહજ ચિદાનંદ.

# પરિણમનશક્તિ દ્રવ્યમાં છે

કોઈ **પ્રશ્ન** કરે છે કે–ગુણદ્વારથી જે પરિણતિ ઊપજી તે ગુણની છે કે દ્રવ્યની છે? જો ગુણની હોય તો, ગુણો અનંત છે તેથી પરિણતિ પણ અનંત હોય. અને (જો તે પરિણતિ) દ્રવ્યની હોય તો ગુણપરિણતિ શા માટે કહો છો?

**તેનું સમાધાન** :–એ પરિણમન શક્તિ દ્રવ્યમાં છે; દ્રવ્ય ગુણોનો પુંજ છે, તે પોતાના ગુણરૂપે પોતે જ પરિણમે છે; તેથી ગુણમય પરિણમતાં (તેને) ગુણપર્યાય કહીએ. તેથી દ્રવ્યની પરિણતિ, ગુણની પરિણતિ–એમ તો કહીએ છીએ; પરંતુ આ પરિણમન શક્તિ દ્રવ્યમાંથી ઊઠે છે, ગુણમાંથી નહિ. એની સાક્ષી સૂત્રજીમાં (તત્ત્વાર્થ સૂત્રમાં) દીધી છે કે–'**द्रव्याश्रया निर्गुणा गुणाः**[1]' દ્રવ્યના આશ્રયે ગુણ છે ગુણના આશ્રયે ગુણ નથી. '**गुणपर्ययवद द्रव्यम्**[2]' (–ગુણપર્યાયવાળું દ્રવ્ય છે)–એમ પણ કહ્યું છે. પર્યાયવાળું દ્રવ્ય જ કહ્યું (પણ) ગુણ ન કહ્યો.

અહીં કોઈ **પ્રશ્ન** કરે છે કે–જ્ઞાનસૂક્ષ્મ સર્વગુણસૂક્ષ્મ (તે) સૂક્ષ્મગુણના પર્યાયો છે, ગુણોમાં આ સૂક્ષ્મપણું સૂક્ષ્મગુણનું છે કે દ્રવ્યનું છે? (જો) દ્રવ્યનું છે તો સૂક્ષ્મ ગુણના અનંત પર્યાય શા માટે કહ્યા? અને (જો) સૂક્ષ્મગુણનું છે તો (તેને) દ્રવ્યની પરિણતિ શા માટે કહો છો?

**તેનું સમાધાન** :–દ્રવ્ય સૂક્ષ્મ છે. તે સૂક્ષ્મ ગુણને લીધે છે; દ્રવ્ય સૂક્ષ્મ હોવાથી અનંત ગુણોનો પુંજ તે દ્રવ્ય છે, તેથી સર્વે ગુણો સૂક્ષ્મ

---

૧. તત્ત્વાર્થ સૂત્ર ૫–૪૧.

૨. તત્ત્વાર્થ સૂત્ર ૫–૩૮.

થયા; પરંતુ એ (સૂક્ષ્મતારૂપ) પરિણમનશક્તિ દ્રવ્યથી છે. દ્રવ્ય ગુણલક્ષણરૂપે પરિણમે છે. તેથી ક્રમઅક્રમ સ્વભાવ દ્રવ્યનો કહ્યો છે. તેનું સમાધાન કરીએ છીએ.

ક્રમના બે ભેદ કહ્યા છે–એક પ્રવાહક્રમ (અને) એક વિષ્કંભક્રમ. પ્રવાહક્રમ એને કહીએ–જેમ અનાદિથી કાળનો સમયપ્રવાહ ચાલ્યો આવે છે તેમ દ્રવ્યમાં સમયે સમયે પરિણામ ઊપજે–એવો પ્રવાહ ચાલ્યો આવે છે તેને પ્રવાહક્રમ કહીએ. તે (પ્રવાહક્રમ) દ્રવ્યના પરિણામ વિષે છે. આ બાબત સિદ્ધાંત પ્રવચનસારજી (ગા. ૯૯)માં કહ્યું છે ત્યાંથી જાણવું. વિષ્કંભક્રમ ગુણોનો છે; તે ગુણો પહોળાઈરૂપ (–વિસ્તારરૂપ) છે. પ્રદેશોનો પ્રદેશો પહોળાઈરૂપ છે તેને ક્રમથી ગણતાં અસંખ્ય થાય છે. આ ક્રમ ગુણમાં છે તેથી (તેને) વિષ્કંભક્રમ કહીએ; અથવા ગુણક્રમથી કહીએ (તો) દર્શન, જ્ઞાન ઈત્યાદિ સર્વે વિસ્તારને ધરે છે તેથી (તેને) વિષ્કંભક્રમ કહીએ. અહીં પ્રવાહક્રમ દ્રવ્યના પરિણામ વડે છે તેથી ગુણોમાં [તે] નથી, માટે ગુણ (તે) પરિણતિનો પ્રવાહ નથી, ગુણથી (તો) વિસ્તારક્રમ જ કહ્યો છે.

દ્રવ્યની પરિણતિ છે તે સર્વે ગુણોમાં છે. આત્મા જ્ઞાનમય પરિણમે છે, જ્ઞાન જાણપણારૂપ પરિણમે છે એમ લક્ષ્ય–લક્ષણરૂપ ભેદથી તો એક પરિણામમાં ભેદ છે, પરંતુ એવું તો નથી કે જ્ઞાનની પરિણતિ જુદી છે ને આત્માની (પરિણતિ) જુદી છે. એમ માનવાથી (તે બંનેનું) સત્ત્વ જુદું ઠરે છે, સત્ત્વ જુદું થતાં વસ્તુ અનેક (થઈને) જુદી જુદી અવસ્થા ધારણ કરીને વર્તે. એમ થતાં તો વિપર્યય થાય છે, વસ્તુનો અભાવ થાય છે.

ત્યાં **પ્રશ્ન** ઊપજે છે કે–(ગુણ અને દ્રવ્યની) જુદી પરિણતિ માનવામાં શું દોષ છે? ગુણ (અને) આત્માની અભેદ પરિણતિ માનવાથી તો જ્ઞાન જાણપણારૂપ પરિણમે, દર્શન દેખવારૂપ પરિણમે એમ કહેવું વૃથા થયું, અભેદમાં ભેદ ઊપજે નહિ, માટે સમાધાન કરો.

**સમાધાન** :–દ્રવ્યના પરિણામની વૃત્તિ ઊઠતાં, દ્રવ્ય અનંત ગુણનો

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પુંજ છે તેથી ગુણથી પણ ઊઠી કહીએ; દ્રવ્ય અને ગુણનાં સત્ત્વ બે નથી, એક છે. (પરિણામ) દ્રવ્યમય પરિણમતાં ગુણ આવ્યા તેથી ગુણમય પરિણામ છે. આ પ્રકારે એક વસ્તુના પરિણામ નિર્વિકલ્પ છે. જ્ઞાનરૂપ આત્મા પરિણમ્યો તો પરિણામ જાણપણામાં આવ્યા. તેથી જ્ઞાન જાણપણારૂપ પરિણમે છે એવી વિવક્ષા છે તે જાણવી.

વસ્તુના પરિણામને સર્વસ્વ કહ્યું છે. તે કઈ રીતે? પરિણામવડે અન્વય સ્વભાવ પમાય છે.[1] જો પરિણામ ન હોય તો અન્વયી દ્રવ્ય ન હોય, અનંત ગુણો પરિણમ્યા વગર દ્રવ્ય ન હોય. તેથી વસ્તુના વેદનમાં સર્વસ્વ પરિણામ તે વેદકતા છે. ગુણ પરિણામથી ગુણના આસ્વાદનો લાભ થાય છે; દ્રવ્ય પરિણામથી દ્રવ્યના આસ્વાદનો લાભ થાય છે, કહેવામાં તો લક્ષ્ય–લક્ષણ ભેદ એવો બતાવ્યો છે, કેમકે લક્ષણ વગર લક્ષ્ય એવું નામ પામે નહિ. એ રીતે તો છે, પરંતુ પરમાર્થથી અભેદ નિશ્ચયમાં–નિર્વિકલ્પ વસ્તુમાં દ્વૈતકલ્પનાનો વિકલ્પ ક્યાં સંભવે છે? એક અભેદ વસ્તુમાં સર્વ સિદ્ધિ છે, જેમ ચંદ્ર અને ચંદ્રનો પ્રકાશ એક જ છે. સામાન્યતાથી નિર્વિકલ્પ છે; વિશેષતાથી શિષ્યને પ્રતિબોધ કરવામાં આવે ત્યારે જેમ જેમ શિષ્ય, ગુરુના પ્રતિબોધવાથી ગુણનું સ્વરૂપ જાણી જાણીને વિશેષ ભેદી થતો જાય તેમ તેમ તે શિષ્યને આનંદના તરંગ ઊઠે, તે સમયે વસ્તુનો નિર્વિકલ્પ આસ્વાદ કરે. આ કારણે ગુણ-ગુણીનો વિચાર યોગ્ય છે. ગુણનાં વિશેષને (પરિણામ) કહ્યા છે; આ પરિણામથી જ ઉત્પાદ-વ્યયવડે વસ્તુની સિદ્ધિ છે એમ કહીએ છીએ.

---

૧. પ્રવચનસાર ગુજ૦ પૃ–૧૯૨

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# કારણ–કાર્યભાવ

પ્રથમ જ સર્વ સિદ્ધાંતનું મૂળ એ છે કે વસ્તુના કારણ-કાર્ય જાણવા; જેટલા સંસારથી પાર થયા છે તે સર્વે પરમાત્માનાં કારણ-કાર્ય જાણી જાણીને થયા છે. ત્રણે કાળે જે પરમાત્માને ધ્યાવવાથી મુક્ત થયા તેના (–તે પરમાત્માના) કારણ-કાર્ય જો ન જાણ્યા તો તેણે શું જાણ્યું? (કાંઈ જાણ્યું નથી.) માટે કારણ–કાર્ય જાણવા જોઈએ.

તે કારણ–કાર્ય કઈ રીતે ઊપજે છે તે કહીએ છીએ :—

*पुव्वपरिणामजुत्तं कारणभावेण वट्टदे दव्वं।
उत्तरपरिणामजुदं तं चिय कज्जं हवे णियमा।।

સિદ્ધાન્તમાં એમ બતાવ્યું છે કે પૂર્વ પરિણામયુક્ત જે દ્રવ્ય છે તે કારણભાવ (રૂપ) પરિણમેલું છે. (અને) ઉત્તર પરિણામયુક્ત જે દ્રવ્ય છે તે કાર્યભાવ (રૂપ) પરિણમેલું છે. કેમ કે પૂર્વ પરિણામ ઉત્તર પરિણામનું કારણ છે, પૂર્વ પરિણામનો વ્યય તે ઉત્તર (પરિણામ)ના ઉત્પાદનું કારણ છે. જેમ માટીના પિંડનો વ્યય ઘટ કાર્યનું કારણ છે.

કોઈ **પ્રશ્ન** કરે કે–ઉત્તર પરિણામમાં ઉત્પાદમાં શું કાર્ય થાય છે?

**તેનું સમાધાન** :–સ્વરૂપલાભ લક્ષણવાળો ઉત્પાદ છે, સ્વભાવ પ્રચ્યવન લક્ષણવાળો વ્યય છે;[૧] તેથી સ્વરૂપલાભમાં કાર્ય છે.–આ નિ:સંદેહ જાણો. (ઉત્પાદના કાર્યરૂપ સ્વરૂપલાભ) પરમાત્મામાં સમયે

---

* જુઓ સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ગા. ૨૨૨ અને ૨૩૦.

૧. જુઓ ગુજ. પ્રવચનસાર, પૃ ૧૫૦.

સમયે થાય છે. માટે હે સંતો! એવા કારણ–કાર્યને પરિણામ દ્વારા જાણો **કારણ અને કાર્ય પરિણામથી જ થાય છે.**

વસ્તુના ઉપાદાનના બે ભેદ કહ્યા છે, તે કહીએ છીએ :– અષ્ટસહસ્રીમાં[1] કહ્યું છે કે—

*** त्यक्तात्यक्तात्मरूपं यत् पूर्वापूर्वेण वर्तते।**
**कालत्रयेऽपि तद्द्रव्यमुपादानमिति स्मृतम्।।१।।**
**यत्स्वरूपं त्यजत्येव यत्रात्यजति सर्वथा।**
**तत्रोपादानमर्थस्य क्षणिकं शाश्वतं यथा।।२।।**

**અર્થ** :–દ્રવ્યનો ત્યક્ત સ્વભાવ તો પરિણામ(રૂપ)–વ્યતિરેક સ્વભાવ છે, અને અત્યક્ત સ્વભાવ ગુણરૂપ–અન્વયસ્વભાવ છે. તે ગુણ તો પૂર્વે હતા તે જ રહે છે, પરિણામ અપૂર્વ–અપૂર્વ થાય છે. આ દ્રવ્યનું ઉપાદાન છે તે પરિણામને તો તજે છે પણ ગુણને સર્વથા તજતું નથી; તેથી **પરિણામ ક્ષણિક ઉપાદાન છે અને ગુણ શાશ્વત ઉપાદાન છે. વસ્તુ ઉપાદાનથી સિદ્ધ છે.**

---

૧. જુઓ શ્લોક ૫૮ ની ટીકા, પૃ. ૨૧૦.

* કાર્યસર્જક ઉપાદાનકારણનું સ્વરૂપ બતાવવા માટે આચાર્યદેવ શ્રી વિદ્યાનંદસ્વામીએ ભગવાન શ્રી સમન્તભદ્રાચાર્યદેવકૃત દેવાગમસ્તોત્રની કારિકા ૫૮ની ‘અષ્ટસહસ્રી’ ટીકામાં પૂર્વવર્તી આચાર્યના જે ઉપરોક્ત બે શ્લોક મુક્યા છે જેનો એક અન્ય અર્થ નીચે મુજબ પણ છે.

(૧) અર્થ :–જે, (પર્યાય-અપેક્ષાએ) પોતાના રૂપને છોડતું હોવાથી અપૂર્વ અર્થાત્ નવું રૂપ ધારણ કરે છે, અને જે (દ્રવ્ય-અપેક્ષાએ) પોતાના રૂપને નહીં છોડતું હોવાથી, પૂર્વ અર્થાત્ મૂળરૂપથી વર્તે છે તે (દ્રવ્ય-પર્યાયાત્મક) દ્રવ્ય અર્થાત્ પદાર્થ જ ત્રણે કાળમાં ઉપાદાનકારણ છે–એવું આગમમાં કહ્યું છે.

(૨) અર્થ :–જે પોતાના (મૂળ) સ્વરૂપને સર્વથા છોડી દે છે અથવા જે પોતાના (પર્યાય ) સ્વરૂપને સર્વથા છોડતો નથી, તે પદાર્થનું (પદાર્થના કાર્યનું) ઉપાદાન કારણ નથી; જેમ કે (સાંખ્ય અથવા વેદાન્ત સમ્મત સર્વથા અપરિણામી) શાશ્વત તથા (બૌદ્ધસમ્મત સર્વથા પરિણામી) ક્ષણિક પદાર્થ કાર્યનું ઉપાદાનકારણ થઈ શકે નહીં.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે ઉત્પાદાદિ જીવાદિકથી ભેદસ્વરૂપે સધાય છે કે અભેદરૂપ સધાય છે? જો અભેદરૂપ સધાય છે તો ત્રિલક્ષણપણું ન હોય, જો ભેદરૂપ સધાય છે તો સત્તાભેદ થતાં સત્તા ઘણી થઈ, ત્યાં વિપરીતતા થાય છે.

**તેનું સમાધાન** :—લક્ષણભેદ છે, સત્તાભેદ નથી, તેથી સત્તા અપેક્ષાએ અભેદ અને સંજ્ઞાદિ (અપેક્ષાએ) ભેદ જાણવો. વસ્તુની સિદ્ધિ ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણેથી છે. અષ્ટસહસ્રીમાં કહ્યું છે કે :—

**पयोव्रतो न दध्यत्ति न पयोत्ति दधिव्रतः।**
**अगोरसव्रतो नोभे तस्मात्तत्वं त्रयात्मकम्॥६०॥**

**घटमौलि सुवर्णार्थी नाशोत्पादस्थितिष्वयम्।**
**शोक–प्रमोद–माध्यथ्यं जनो याति सहेतुकम्॥५९॥**

[દેવાગમ–આપ્તમિમાંસા]

જેમ કોઈ પુરુષે દૂધનું વ્રત લીધું છે કે હું દૂધ જ પીશ. તે દહીંનું ભોજન કરતો નથી, અને જેને દહીંનું વ્રત છે તે દૂધનું ભોજન કરતો નથી, તથા જેને ગોરસનો નિયમ છે કે હું ગોરસ નહિ લઉં, તે ગોરસને ગ્રહણ કરતો નથી. માટે તત્ત્વ છે તે ત્રણે થઈને છે. દૂધ છે તે ગોરસનો પર્યાય છે અને દહીં (પણ ગોરસનો) પર્યાય છે, એક પર્યાયમાત્રને ગ્રહણ કરવાથી ગોરસની સિદ્ધિ થતી નથી, ગોરસ સર્વ (આખું) (તેમાં) આવી જતું નથી. તેમ એક ઉત્પાદમાં અથવા વ્યયમાં અથવા ધ્રુવમાં વસ્તુની સિદ્ધિ થતી નથી, (પણ) વસ્તુ ત્રણે વડે સિદ્ધ છે. જેમ કોઈ પંચરંગી ચિત્ર છે, (તેમાંથી) એક જ રંગને ગ્રહવાથી ચિત્રનું ગ્રહણ થતું નથી; તેમ ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ ત્રણેમય વસ્તુ છે, (ઉત્પાદાદિ કોઈ) એક જ વડે તેનું ગ્રહણ થતું નથી.

જો વસ્તુને ધ્રુવ જ માનો તો બે દોષ લાગે–[૧]એક તો ધ્રુવનો જ

૧. જુઓ પ્રવચનસાર ગા. ૧૦૦ ટીકા.

નાશ થાય; ઉત્પાદ-વ્યય વગર (વસ્તુ) અર્થક્રિયાકારક ન હોય અને અર્થક્રિયા વગર વસ્તુની સિદ્ધિ ન થાય (વસ્તુમાં) ષટ્ ગુણી વૃદ્ધિ-હાનિ ન થાય; એમ થતાં (વસ્તુ) અગુરુલઘુ ન રહે ને વસ્તુ હલકી–ભારે થઈને જડ થઈ જાય, તેથી ચિદ્ધ્રુવતા ન રહે. બીજો એ દોષ–ક્ષણવર્તી પર્યાય પણ નિત્ય થઈ જાય, એમ થતાં અધ્રુવ પણ ધ્રુવ થઈ જાય.

વળી કેવળ ઉત્પાદ જ માનીએ તો બે દોષ લાગે–એક તો ઉત્પાદના કારણ-વ્યયનો અભાવ થાય, વ્યયનો અભાવ થતાં ઉત્પાદનો અભાવ થાય. બીજો દોષ એ–જો અસત્‌નો ઉત્પાદ થાય તો આકાશના ફૂલની પણ ઉત્પત્તિ દેખાય પણ એ કલ્પના જૂઠી છે.

કેવળ વ્યય જ માનવામાં આવે તો બે દોષ લાગે–એક તો વિનાશનું (–વ્યયનું) કારણ જે ઉત્પાદ તેનો અભાવ થાય, એમ થતાં વિનાશ પણ હોય નહિ; કારણ વગર કાર્ય હોય નહિ, બીજો એ દોષ–સત્‌નો ઉચ્છેદ થઈ જાય; અને સત્‌નો ઉચ્છેદ થતાં જ્ઞાનાદિ ચેતનાનો નાશ થઈ જાય.

માટે (ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ) ત્રિલક્ષણારૂપ વસ્તુ છે.[૧]

---

૧. જુઓ, પ્રવચનસાર ગા. ૧૦૦ ટીકા.

# દ્રવ્યનો સત્ઉત્પાદ અને અસત્ઉત્પાદ

હવે દ્રવ્યનો સત્ઉત્પાદ અને અસત્ઉત્પાદ બતાવે છે. દ્રવ્યનો આ સત્સ્વભાવ અનાદિનિધન છે; દ્રવ્ય-ગુણ અન્વયશક્તિવાળાં છે; તે ક્રમવર્તી પર્યાયથી વ્યાપ્ત હોવા છતાં પણ, દ્રવ્યાર્થિકનયથી પોતાની વસ્તુના સત્વડે જેવા છે તેવા ઊપજે છે. પર્યાયની અપેક્ષાએ ઊપજવું એવું છે, પરંતુ અન્વયશક્તિમાં તો જેવા ને તેવા છે, તોપણ લેવામાં આવ્યા છે. પર્યાયશક્તિમાં અસત્ ઉત્પાદ બતાવ્યો છે; કેમકે પર્યાય નવા નવા ઉપજે છે તેથી (તેને અસત્ ઉત્પાદ) કહ્યો છે; પરંતુ તે અન્વયશક્તિથી વ્યાપ્ત છે. (અસત્ ઉત્પાદ) પર્યાયાર્થિક નયથી છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે–શું જ્ઞેય જ્ઞાન વિષે વિણસે છે? ઊપજે છે? (જો જ્ઞેયો જ્ઞાનવિષે ઊપજે છે એમ કહો તો) ત્યાં અસત્–ઉત્પાદ છે, (અને જો જ્ઞેયો જ્ઞાનવિષે નથી ઉપજતાં એમ કહો તો) જ્ઞેયો જ્ઞાનવિષે ન આવ્યા. જ્ઞેયના ઊપજવાથી (જ્ઞાનને) ઊપજ્યું કહો છો કે જ્ઞાનના પર્યાય અપેક્ષાએ તેને ઊપજ્યું કહો છે?

**તેનું સમાધાન**:–દ્રવ્ય વડે સત્ ઉત્પાદ છે, પર્યાયથી અસત્ ઉત્પાદ છે. જ્ઞેય-જ્ઞાયક, ઉપચાર સંબંધ છે, ઉપચારથી જ્ઞેય જ્ઞાનમાં અને જ્ઞાન જ્ઞેયમાં; તેથી વસ્તુત્વથી સત્ ઉત્પાદ છે, પર્યાય વડે અસત્ ઉત્પાદ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે–પર્યાય વગર દ્રવ્ય હોતું નથી, દ્રવ્યની સિદ્ધિ પર્યાયથી છે, પર્યાય વડે અસત્ ઉત્પાદ (છે) તેથી અસત્ ઉત્પાદ વડે સત્ ઉત્પાદ સિદ્ધ થયો! (તેમ જ) દ્રવ્યથી પર્યાય થાય છે

---

* પ્રવચનસાર ગા. ૧૧૧-૨-૩

તેથી સત્ ઉત્પાદથી અસત્ ઉત્પાદ થયો! (-તો પછી) પર્યાય વડે અસત્‌ઉત્પાદ દ્રવ્ય વડે સત્-ઉત્પાદ—એમ શા માટે કહો છો?

**તેનું સમાધાન** :—પર્યાય દ્રવ્યનું કારણ છે; દ્રવ્ય પર્યાયનું કારણ છે-એ તો (એક બીજાને) કારણરૂપ છે. પરંતુ પર્યાયનું કાર્ય પર્યાયથી જ થાય છે. દ્રવ્યનું કાર્ય દ્રવ્યથી જ થાય છે; તેથી પર્યાયથી અસત્‌ઉત્પાદ(રૂપ) કાર્ય થાય છે (અને) દ્રવ્યથી સત્‌ઉત્પાદ (રૂપ)-થાય છે. આ કારણકાર્ય (નો) ભેદ છે તે વિવેકી પામે છે. દ્રવ્ય-સમુદ્રમાંથી પર્યાય-તરંગ ઊઠે છે ત્યારે આનંદની કેલિમાં મગ્ન થઈને વર્તે છે. પરિણામપ્રવૃત્તિથી દ્રવ્ય-ગુણની પ્રવૃત્તિ છે અને વસ્તુની સ્થિરતા છે, વિશ્રામ છે; આચરણ છે, વેદકતા છે, સુખનો આસ્વાદ છે, ઉત્પાદ-વ્યય છે, ષટ્‌ગુણ વૃદ્ધિ-હાનિ છે; પરિણામ જ વસ્તુના ગુણનો પ્રકાશ પ્રગટ કરે છે. ગુણ-ગુણીના વિલાસનો રસ નિર્વિકલ્પદશામાં આવ્યો છે. એક વસ્તુ અનંત ગુણનો પુંજ છે, વસ્તુમાં ગુણ આવ્યા; વસ્તુ પરિણામ વેદે ત્યારે અનંતગુણ પણ વેદે, તેથી ગુણ-ગુણી બંને વેદે. સામાન્યમાં વિશેષ છે, વિશેષમાં સામાન્ય છે. કહ્યું[1] છે કે—

**निर्विशेषं हि सामान्यं भवेत् खरविषाणवत्।**
**सामान्यरहितत्वाच्च विशेषस्तद्वदेव हि।।१।।**

અર્થ :-ખરેખર વિશેષ વગરનું સામાન્ય ગધેડાના શિંગડા સમાન છે, અને સામાન્ય વિનાનું હોવાથી વિશેષ પણ ગધેડાના શિંગડા સમાન જ છે.

૧. જુઓ, આલાપપદ્ધતિ એકાન્તપક્ષ દોષ અધિકાર.

## સામાન્ય–વિશેષનું સ્વરૂપ

સામાન્ય–વિશેષનું સ્વરૂપ લખીએ છીએ :—

‘વસ્તુ’ એમ (કહેવું તે) વસ્તુનું સામાન્ય (કથન) છે અને **‘सामान्यविशेषात्मकं वस्तु’** [૧](અર્થાત્ વસ્તુ સામાન્ય વિશેષસ્વરૂપ છે)– એમ કહેવું તે વસ્તુનું વિશેષ કથન છે. અસ્તિ તે સત્ એમ કહેવું તે સામાન્ય સત્ છે, અને (પરથી) નાસ્તિ અભાવ (રૂપ) સત્ એમ કહેવું તે વિશેષ સત્ છે. દેખવામાત્ર દર્શન–એ સામાન્ય દર્શન છે અને સ્વ-પર સકલ જ્ઞેયોને દેખે તે વિશેષ દર્શન છે. જાણવામાત્ર જ્ઞાન સામાન્ય (જ્ઞાન) છે, સ્વ-પર સકલ જ્ઞેયોને જાણે તે જ્ઞાનને વિશેષ કહીએ. આ પ્રમાણે સર્વે ગુણોમાં સામાન્ય-વિશેષ છે. સામાન્ય વિશેષ વડે વસ્તુ પ્રગટે છે; તે કહીએ છીએ :–(વસ્તુને) જો સામાન્ય જ કહીએ તો વિશેષ વિના વસ્તુના ગુણો જાણવામાં આવે નહિ. ગુણ વિના વસ્તુ ન જણાય; માટે સામાન્યને વિશેષ પ્રગટ કરે છે, સામાન્ય ન હોય તો વિશેષ ક્યાંથી હોય? વિશેષને સામાન્ય પ્રગટ કરે છે; તેથી સામાન્ય–વિશેષમય વસ્તુ છે.

અહીં કોઈ **પ્રશ્ન** કરે છે કે–સામાન્ય તો અન્વયશક્તિને કહીએ, વિશેષ વ્યતિરેક શક્તિને કહીએ–એમ કહ્યું છે, તે કઈ રીતે છે?

**તેનું સમાધાન** :–અન્વયશક્તિ યુગપત્ સદા પોતાના સ્વભાવરૂપ રહે છે, તેમાં કોઈ વિશેષ નથી; પોતાના સ્વભાવના ભાવમાં જે દશા છે તે જ છે, (તે) નિર્વિકલ્પ અબાધિત છે.

૧. જુઓ, પ્રવચનસાર ગા. ૧૧૪ ટીકા. આલાપપદ્ધતિ પૃ. ૮૬

વ્યતિરેક પર્યાય જુદા જુદા (નવા નવા) રૂપ થાય છે તેથી વિશેષ છે. આ વસ્તુની લક્ષણ-શક્તિનાં સામાન્ય–વિશેષ કહ્યાં; સકળ સામાન્ય-વિશેષ જે છે તે આમાં આવી ગયા. (આ સામાન્ય–વિશેષ) વસ્તુનું સર્વસ્વ છે. (વસ્તુમાં) સંજ્ઞા આદિ ભેદ વડે ઘણા ભેદ છે. આ અર્થ–વિચારમાં–અન્વય–વ્યતિરેકમાં સર્વે આવી ગયા. અનંત ગુણો અને દ્રવ્ય અન્વયમાં આવ્યા, પર્યાય વ્યતિરેકમાં આવ્યા; (આ રીતે) દ્રવ્ય-ગુણ-પર્યાય આવી જતાં (તેમાં) સર્વ આવી ગયું. તેથી સ્યાદ્વાદની સિદ્ધિ સામાન્ય વિશેષ વિના થતી નથી. (જો વસ્તુને) અભેદરૂપ માનો તો, ભેદ વિના ગુણને ન પામે (–ગુણ સિદ્ધ ન થાય) અને ગુણ વિના ગુણીને ન પામે તેથી ભેદ-અભેદ બંનેને માનવાથી વસ્તુની સિદ્ધિ છે. અવક્તવ્યતામાં કાંઈ કહી શકાતું નથી, વચનથી અગોચર છે, જ્ઞાનગમ્યમાં પ્રગટે છે. આજ સામાન્ય-વિશેષરૂપ વસ્તુ ઉપર અનંત નયો સાધી શકાય છે. તેનું થોડુંક વિશેષણ (–વિવેચન) લખીએ છીએ.

સહજ ❄ ચિદાનંદ.

# સામાન્ય-વિશેષરૂપ વસ્તુ ઉપર અનંત નય

જ્ઞાનસામાન્ય ગ્રાહકનયથી જ્ઞાન સામાન્યરૂપ કહીએ; જ્ઞાનવિશેષ ગ્રાહકનયથી જ્ઞાન વિશેષરૂપ કહીએ. (એ પ્રમાણે) અનંતગુણોમાં અનંત સામાન્ય-વિશેષનયથી સામાન્ય-વિશેષ બંને ભેદ સાધવા.

પર્યાયસામાન્ય ગ્રાહકનયથી પરિણમનરૂપ પર્યાય; પર્યાયવિશેષ ગ્રાહકનયથી ગુણપર્યાય, દ્રવ્યપર્યાય, અર્થપર્યાય, વ્યંજનપર્યાય (તેમજ) એકગુણના અનંત પર્યાયો (છે તે) સર્વે લેવા.

[1]સામાન્ય સંગ્રહનયથી દ્રવ્યો પરસ્પર અવિરુદ્ધ કહીએ. વિશેષ સંગ્રહનયથી સર્વ જીવો પરસ્પર અવિરુદ્ધ કહીએ.

[2]નૈગમનય ત્રણ પ્રકારનો છે–ભૂત, ભાવિ, વર્તમાન; ભૂતનૈગમ આ પ્રમાણે : આજે દીપમાલિકાના દિવસે વર્ધમાનજી મોક્ષ ગયા. ભાવી તીર્થંકરજીને વર્તમાન તરીકે માનવા (તેને) ભાવિનૈગમ કહીએ. વર્તમાન-નૈગમથી **‘ओदनः पच्यते’** ભાત થાય છે, એમ કહીએ.

નૈગમ (નય)ના બે પ્રકાર છે—

(૧) દ્રવ્ય નૈગમ (૨) પર્યાય નૈગમ.

દ્રવ્ય નૈગમના બે ભેદ છે—

(૧) શુદ્ધ દ્રવ્ય નૈગમ, (૨) અશુદ્ધ દ્રવ્ય નૈગમ.

પર્યાય નૈગમના ત્રણ ભેદ છે—

---

૧. આલાપપદ્ધતિ પૃ. ૬૬.

૨. આલાપપદ્ધતિ પૃ. ૬૪.

(૧) અર્થપર્યાય નૈગમ, (૨) વ્યંજનપર્યાય નૈગમ, (૩) અર્થ-વ્યંજનપર્યાય નૈગમ.

અર્થપર્યાય નૈગમના ત્રણ ભેદ છે—

(૧) જ્ઞાન–અર્થપર્યાય નૈગમ, (૨) જ્ઞેય–અર્થપર્યાયનૈગમ, (૩) જ્ઞાનજ્ઞેય–અર્થપર્યાય નૈગમ.

વ્યંજનપર્યાય નૈગમના છ ભેદ છે :—

(૧) શબ્દવ્યંજનપર્યાયનૈગમ, (૨) સમભિરૂઢવ્યંજન પર્યાયનૈગમ, (૩) એવંભૂતવ્યંજનપર્યાયનૈગમ, (૪) શબ્દ સમભિરૂઢવ્યંજનપર્યાય-નૈગમ, (૫) શબ્દએવંભૂતવ્યંજનપર્યાયનૈગમ, (૬) સમભિરૂઢએવંભૂત-વ્યંજનપર્યાયનૈગમ.

અર્થવ્યંજનપર્યાયનૈગમના ત્રણ પ્રકાર છે.

(૧) શબ્દ–અર્થવ્યંજનપર્યાયનૈગમ, (૨) સમભિરૂઢઅર્થવ્યંજન-પર્યાયનૈગમ, (૩) એવંભૂતવ્યંજનપર્યાયનૈગમ (એ પ્રમાણે પર્યાયનૈગમના ભેદો જાણવા).

(શુદ્ધ દ્રવ્ય નૈગમનય તેમજ અશુદ્ધ દ્રવ્ય નૈગમનયના ચાર ભેદ છે–)

(૧) શુદ્ધદ્રવ્યઋજુસૂત્ર, (૨) શુદ્ધદ્રવ્યશબ્દ, (૩) શુદ્ધદ્રવ્ય-સમભિરૂઢ, (૪) શુદ્ધદ્રવ્યએવંભૂત.

(૧) અશુદ્ધદ્રવ્યઋજુસૂત્ર, (૨) અશુદ્ધદ્રવ્યશબ્દ, (૩) અશુદ્ધદ્રવ્ય-સમભિરૂઢ, (૪) અશુદ્ધદ્રવ્યએવંભૂત.

—એ પ્રમાણે દ્રવ્ય નૈગમના આઠ ભેદો છે.

[હવે દ્રવ્યાર્થિકનયના દશ ભેદોનું વર્ણન કરે છે :–[1]]

---

૧. જુઓ આલાપપદ્ધતિ પૃ. ૫૫ થી ૯૦ અહીં પુદ્‌ગલમાં ઊતાર્યા છે, આલાપપદ્ધતિમાં જીવમાં ઉતાર્યા છે.

(૧) પુદ્‌ગલોનો એક સ્કંધ છે, તેને દ્વિ–અણુકાદિથી નિરપેક્ષ એવા શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી કહેવામાં આવે તો તે સ્કંધમાં જેટલા પરમાણુઓ છે તે સર્વે અવિભાગી પરમાણુની માફક શુદ્ધ છે.

(૨) તે સ્કંધમાં રહેલ બધા પરમાણુઓમાં જો ઉત્પાદ વ્યયની ગૌણતા લઈને સત્તાગ્રાહક (શુદ્ધ દ્રવ્યાર્થિક) નય લઈએ તો (તે) સર્વે નિત્ય છે.

(૩) ભેદ કલ્પના નિરપેક્ષ (શુદ્ધ દ્રવ્યાર્થિક)નય લઈએ તો (તે સ્કંધનો દરેક પરમાણુ) પોતાના ગુણપર્યાયથી અભેદ છે.

(૪) [૧]સત્તા ગૌણ ઉત્પાદ-વ્યયગ્રાહકનયથી સર્વે પરમાણુ અનિત્ય છે; તે અશુદ્ધ દ્રવ્યાર્થિક (નય) છે.

(૫) દ્વિ અણુકાદિથી સાપેક્ષ એવા અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી સ્કંધાદિ અશુદ્ધપુદ્‌ગલદ્રવ્ય કહીએ.

(૬) ભેદ કલ્પના [સાપેક્ષ] અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી ગુણનો ગુણીથી ભેદ કહેવાય છે.

(૭) સ્વદ્રવ્યાદિચતુષ્ટય ગ્રાહક [દ્રવ્યાર્થિક] નયથી [વસ્તુને] અસ્તિ કહીએ.

(૮) પરદ્રવ્યાદિ [ચતુષ્ટય] ગ્રાહક [દ્રવ્યાર્થિક] નયથી નાસ્તિ કહીએ.

(૯) અન્વય દ્રવ્યાર્થિકનયથી ગુણપર્યાયસ્વભાવવાળું દ્રવ્ય છે.

(૧૦) પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિક થી મૂર્તિક જડસ્વભાવી પુદ્‌ગલ છે.

એ પ્રમાણે સામાન્ય–વિશેષરૂપ વસ્તુ ઉપર અનંત નયો લાગુ પડે છે.

[અહીં દ્રવ્યાર્થિકનયના દશ ભેદ કહ્યા છે, પર્યાયાર્થિકનયના છ ભેદ છે તે આગળ કહેશે.]

❁

૧. ઉત્પાદવ્યયસાપેક્ષઅશુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોતાં દ્રવ્ય એક સમયમાં ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક છે, (આલાપપદ્ધતિપ્રમાણે)

[ ૪૩

# વ્યવહાર[1]

પર્યાયાર્થિકનયના અનેક ભેદ તેમજ ગુણના ભેદ વડે વ્યવહારનય કહીએ.

[2]સામાન્યસંગ્રહ ભેદકવ્યવહારથી જીવ, અજીવ દ્રવ્ય કહીએ.

વિશેષસંગ્રહ ભેદવ્યવહારથી જીવ, સંસારી, મુક્તરૂપ કહીએ.

[3]શુદ્ધ સદ્ભુતવ્યવહાર, જેમ કે શુદ્ધ ગુણ, શુદ્ધ ગુણી (એવા) ભેદ કરીએ. અશુદ્ધસદ્ભૂતવ્યવહાર, જેમ કે મતિ આદિ ગુણ જીવના કહીએ. વ્યવહારના અનેક ભેદ છે.

વ્યવહારથી પરપરિણતિરૂપ રાગ-દ્વેષ-મોહ-ક્રોધ-માન-માયા લોભાદિ (છે તે) અવલંબન હેય કરવું; સંસારી જીવોએ એક ચૈતન્ય આત્મસ્વરૂપ વિષે અવલંબન કરવું;–સર્વથા સ્વરૂપ ઉપાદેય કરવું અને વૈરાગ્યતા, સંવર એકદેશ ઉપાદેય કરવા. વ્યવહાર–હેય-ઉપાદેયનો આવો ઉપદેશ જાણવો.

પર્યાયભેદ કરવો તે વ્યવહાર છે. સ્વ (–પોતામાં) સ્વભાવ, સ્વભાવી કહેવું તે શુદ્ધ વ્યવહાર છે.[4] અને સ્વભાવથી અન્યથા કહેવું તે અશુદ્ધ વ્યવહાર છે.

[આ જ ગ્રંથકર્તાકૃત આત્મ-અવલોકન ગ્રંથમાં વ્યવહારનું વર્ણન કર્યું છે, ત્યાં પ્રથમ એક ગાથા લખીને વ્યવહારના ચાર પ્રકાર જણાવ્યા છે. તે આ પ્રમાણે :–

---

૧. આત્મ-અવલોકન પૃ. ૨૧ થી ૨૫ સુધીમાં આ વર્ણન છે.

૨. આલાપપદ્ધતિ પૃ. ૬૮;

૩. આલાપપદ્ધતિ પૃ. ૮૧;

૪. આલાપપદ્ધતિ પૃ. ૧૨૭.

''पर्यायभावना सर्वे सर्वे भेदकरणा च जोगरक्षणा हि।
स्वभावतोऽन्यथा कथना तं व्यवहारं जिनभणितं॥

(૧) પર્યાયના જેટલા ભાવ છે તે સર્વે વ્યવહાર નામ પામે છે.

(૨) જેટલા એકના અનેક ભેદ કરવામાં આવે તે સર્વે વ્યવહાર નામ પામે છે.

(૩) બંધાણું અને છૂટ્યું–એવા જેટલા ભાવ છે તે સર્વે વ્યવહાર નામ પામે છે. અને

(૪) સ્વભાવથી અન્ય ભાવનું જે કથન છે તે સર્વ વ્યવહાર નામ પામે છે.–આવો વ્યવહાર જિનાગમ વિષે કહ્યો છે.''

હવે અહીં વ્યવહારના પ્રકારોનું વિસ્તારથી વર્ણન કરે છે :– અહીં જે વિસ્તાર-વર્ણન કર્યું છે તે આત્મઅવલોકનમાં કહેલા ચાર પ્રકારના ક્રમ અનુસાર છે; [અને એ વર્ણન આત્મઅવલોકનમાં પણ અક્ષરશઃ છે].

(૧)

આકાશ વિષે સર્વ દ્રવ્યોનું રહેવું, જીવ–પુદ્‌ગલને ગતિ–સ્થિતિમાં ધર્મ–અધર્મદ્રવ્યનો સહકાર હોવો; અથવા સર્વ દ્રવ્યોને પરિણામ પરિણમાવવામાં કાળની વર્તનાનો સહકાર હોવો; પુદ્‌ગલાદિની ગતિવડે કાળ દ્રવ્યના પરિણામ ઉપજાવવા; જ્ઞાન વિષે જ્ઞેય, જ્ઞેય વિષે જ્ઞાન, જ્ઞાન દર્શનની એક એક શક્તિ એક એક સ્વ-પર જ્ઞેય ભેદ પ્રત્યે જ લગાવવી,–આવા ભાવો; તેમજ પરસ્પર સર્વ દ્રવ્યોનો મેળાપ થવો–એવા એવા પર્યાયના ભાવો [તે વ્યવહાર છે.]

વળી, વિકાર ઊપજ્યો ને સ્વભાવ નાશ થયો, તેમ જ
સ્વભાવ ઊપજ્યો ને વિકાર નાશ થયો;
જીવ ઊપજ્યો, જીવ મર્યો;
આ પુદ્‌ગલ સ્કંધરૂપ થયા અથવા કર્મરૂપ થયા (અથવા)

અવિભાગી પુદ્‌ગલ થયા,

સંસાર પરિણતિ નાશ થઈ, સિદ્ધ પરિણતિ ઊપજી;

આવરણ–મોહ અંતરાય કર્મની રોક નાશ થઈ, અનંતજ્ઞાન–અનંતદર્શન–અનંતચારિત્ર અને અનંતવીર્ય ખૂલ્યાં;

મિથ્યાત્વ ગયું. સમ્યક્ત્વ થયું;

અશુદ્ધતા ગઈ, શુદ્ધતા થઈ;

પુદ્‌ગલવડે જીવ બંધાયો, જીવનું નિમિત્ત પામીને પુદ્‌ગલો કર્મરૂપ થયા, જીવે કર્મોનો નાશ કર્યો, આ વણસ્યું, આ ઊપજ્યું,–એવા પર્યાયના ઊપજતા–વણસતા ભાવને લીધે સર્વે, વ્યવહાર નામ પામે છે.

(૨)

વળી, એક આકાશના લોક અને અલોક (એવા) ભેદ કરીએ;

કાળની વર્તનાના અતીત, અનાગત અને વર્તમાન (એવા) ભેદ કરવા,

–એ પ્રમાણે બીજું [પણ સમજવું]

વળી, એક વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાય વડે ભેદ કરવા;

[૧][એક સત્‌ના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે ભેદ કરવા;

એક વસ્તુના કર્તા-કર્મ-ક્રિયા વડે ભેદ કરવા];

એક જીવ વસ્તુના બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા (એવા ભેદ કરવા);

[૨]એક દ્રવ્ય સમૂહના અસંખ્યાત કે અનંત પ્રદેશો વડે ભેદ કરવા.

[૧][એક દ્રવ્યના અનંત ગુણ વડે ભેદ કરવા;

૧. આ વાક્યો ચિદ્વિલાસમાં નથી, આત્માવલોકનમાં છે : પૃ. ૨૩.

૨. આ વાક્ય હિંદી ચિદ્વિલાસમાં બે વાર છે.

એક ગુણના અનંત શક્તિ વડે ભેદ કરવા].

એક દ્રવ્યના, એક પર્યાયના અનંત પરિણામ વડે ભેદ કરવા,

એક દ્રવ્ય–એક વસ્તુ ના અસ્તિ-વિધિ વડે અને અવિધિ-નાસ્તિ વડે (ભેદ) કરવા;

એક વસ્તુના દ્રવ્ય, સત્ત્વ, ([૧]પદાર્થ, ગુણી,) પર્યાયી; અન્વયી, અર્થ, નિત્ય–એવા નામ ભેદ કરવા;

એક જીવના આત્મા, પરમાત્મા જ્ઞાની, સમ્યક્‌ત્વી, ચારિત્રી, સુખી, વીર્યવાન, દર્શની, ચિદાનંદ, ચૈતન્ય, સિદ્ધ, ચિત્‌, દર્શન-જ્ઞાન-ચારિત્ર, કેવળી, સર્વજ્ઞ, સર્વદર્શી, સુખી, મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની વડે (નામ) ભેદ કરવા; જ્ઞાન, બોધ, જ્ઞપ્તિ–એવા (જ્ઞાનના) નામભેદ કરવા;

સમ્યક્‌ત્વ, આસ્તિકાય, શ્રદ્ધાન, નિયત્‌, પ્રતીતિ, યત્‌ તત્‌ (જે છે તે), એતત્‌ (આ) (–એવા સમ્યક્‌ત્વના નામભેદ કરવા);

ચારિત્ર, આચરણ, (સ્થિર), વિશ્રામ, સમાધિ, સંયમ, સમય, એકાંતમગ્ન, સ્થગિત, અનુભવન, પ્રવર્તન–(એવા ચારિત્રના–નામભેદ કરવા);

સુખ, આનંદ, રસ–સ્વાદ, ભોગતૃપ્તિ, સંતોષ (–એવા સુખના નામભેદ કરવા); વીર્ય, બળ–શક્તિ, બળ, ઉપાદાન, તેજ, ઓજ (પ્રતાપ)–(એવા વીર્યના નામભેદ કરવા).

એક અશુદ્ધના વિકાર, વિભાવ, અશુદ્ધ, મળ, પરભાવ, સંસાર, આસ્રવ, રંજભાવ, ક્ષણભંગ, ભ્રમ–(એવા નામ ભેદ કરવા);

–એ પ્રમાણે બીજા એક એકના નામ માત્રથી ભેદ કરવા.

એક જ્ઞાનના મતિ–શ્રુત–અવધિ–મનઃપર્યય અને કેવળ–પર્યાયવડે ભેદ કરવા—એ રીતે અન્ય (ગુણોમાં સમજવું); જ્ઞાન-દર્શન-ચારિત્ર

૧. આત્માવલોકન. પૃ. ૨૩.

વિગેરે એકેક ગુણમાં કોઈ જઘન્ય–ઉત્કૃષ્ટપણાથી પરિણતિભેદ કરવા, એક વસ્તુના નિશ્ચય–વ્યવહાર પરિણતિથી ભેદ કરવા–(એ પ્રમાણે) તે સર્વે ભેદભાવ, વ્યવહારપરિણતિ (એવા) ભેદ કરવા. એવી એવી રીતે એકેકના ભેદ કરવા તે સર્વે ભેદભાવ વ્યવહાર નામ પામે.

(૩)

ગુણ બંધાયા, ગુણ છૂટ્યા, દ્રવ્ય બંધાયું, દ્રવ્ય છૂટ્યું–એવા સર્વે ભાવોને પણ વ્યવહાર કહીએ.

(૪)

વળી ચિરકાળના (વિ)ભાવના વશથી, સ્વભાવ છોડીને દ્રવ્ય-ગુણ-પર્યાયને અન્યભાવ કહીએ. (જેમ કે–) જ્ઞાનીને અજ્ઞાની, સમ્યક્ત્વીને મિથ્યાત્વી, સ્વસમયીને પરસમયી, સુખીને દુઃખી; અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર સુખ-વીર્યને અલ્પરૂપ કહીએ; જ્ઞાનને અજ્ઞાન, સમ્યક્ત્વને મિથ્યાત્વ, સ્થિરને ચપળ, સુખને દુઃખ, ઉપાદેયને હેય, અમૂર્તિકને મૂર્તિક, પરમ શુદ્ધને અશુદ્ધ, એકપ્રદેશી પુદ્‌ગલને બહુપ્રદેશી, પુદ્‌ગલને કર્મત્વ, એક ચેતનરૂપ જીવને માર્ગણા-ગુણસ્થાનાદિ જેટલી પરિણતિ, વડે નિરૂપવો (તે વ્યવહાર છે); વળી, એક જીવને પુણ્ય-પાપ, આસ્રવ-સંવર (–નિર્જરા)–બંધ અને મોક્ષપરિણતિ વડે નિરૂપવો (તે), અને જેટલું વચનપિંડવડે કથન છે તે સર્વ વ્યવહાર નામ પામે.

વળી એક સામાન્યથી–સમુચ્ચયથી વ્યવહારનો આટલો અર્થ જાણવો;–આટલો દ્રવ્ય વ્યવહાર જાણવો કે, જે ભાવ વસ્તુ સાથે અવ્યાપકરૂપ સંબંધવાળો હોય–વસ્તુ સાથે વ્યાપ્યવ્યાપક (રૂપ) એકમેક સંબંધવાળો ન હોય તે વ્યવહાર નામ પામે–આવું વ્યવહાર ભાવનું કથન દ્વાદશાંગ વિષે ચાલ્યું છે તે જાણવું.

આ પ્રમાણે વ્યવહારનું સ્વરૂપ કહ્યું.

❀

# નિશ્ચય

*जेसिं गुणाणं पचयं, णियसहावं च अभेयभावं च।
दव्वपरिणमणाधिणं तण्णिच्छयं भणियं ववहारेण॥

येषां गुणानां प्रचयं, निजस्वभावं च अभेदभावं च।
द्रव्यपरिणमनाधीनं, तं निश्चयं भणितं व्यवहारेण॥

येषां गुणानां प्रचयं एकसमूहं तं निश्चयं। पुनः येषां द्रव्य-गुण-पर्यायाणां निजस्वभावं निजजातिस्वरूपं तं निश्चयं। पुनः येषां द्रव्य-गुणानां गुणशक्ति पर्यायाणां यं अभेदभावं एकप्रकाशं तं निश्चयं। पुनर्येषां द्रव्याणां यं द्रव्यपरिणमनाधीनं तस्य द्रव्यस्य परिणाम आश्रयं भावं तं निश्चयं, एतादृशं निश्चयं व्यवहारेण वचनद्वारेण भणितं वर्णितं।

(૧) જે નિજ અનંત ગુણો (છે) તેનો જે પરસ્પર એક જ સમૂહ–પુંજ તે નિશ્ચયનું રૂપ જાણવું. (૨) એક નિજ દ્રવ્યના અનંત ગુણ-પર્યાયોનું જે કેવળ નિજ જાતિ સ્વરૂપ તે પણ નિશ્ચયનું રૂપ જાણવું. (૩) એક નિજ દ્રવ્યના અનંત ગુણોને એક કહેવા (તેમ જ) ગુણના અનંત પર્યાયોને જે એક જ સ્વરૂપથી ભાવવા; (૪) તે જ દ્રવ્યને (આધીન) પરિણામ પરિણમે, અન્ય પરિણામ ન પરિણમે–એ નિશ્ચય જાણવો; એવા એવા ભાવોને વચનદ્વારથી નિશ્ચય સંજ્ઞા કહી.

ભાવાર્થ :–(૧) હે સંત! આ નિજ નિજ અનંત ગુણો મળીને જે એક પિંડ (રૂપ) ભાવ-એક (રૂપ) સંબંધ જ (છે), તેને ગુણનો પુંજ કહીએ; તે ગુણ-પુંજને વસ્તુ એવું નામ કહીએ. આ વસ્તુત્વ એવું નામ ગુણના પુંજ સિવાય બીજા કોને કહીએ? એ ગુણ–પુંજને વસ્તુ કહીએ; માટે આ વસ્તુને નિશ્ચયસંજ્ઞા જાણવી.

---

* આત્માવલોકન ગાથા ૧૧ તથા ટીકા

(૨) વળી, જે જે ગુણ જે જે સ્વરૂપને ધારણ કરીને ઊપજ્યા છે તે સર્વે પોતપોતાના રૂપને ધરે; ગુણ બીજા ગુણોથી પોતાના જુદા રૂપે અનાદિ અનંત રહે છે.–આવું જે જુદું રૂપ તેને નિજ જાતિ કહીએ. પોતાથી પોતે અનાદિ નિધન છે, તે રૂપ કોઈ બીજા–કોઈ રૂપ–સાથે ન મળે. વળી, જે રૂપ તે જ ગુણ, જે ગુણ તે જ સ્વરૂપ–આવું જે છે (તે) તાદાત્મ્ય લક્ષણ (છે). વળી જો કોઈ તે રૂપ નાસ્તિ ચિંતવે તો (તેણે) ગુણની નાસ્તિ ચિંતવી. એ પ્રમાણે જે પોતપોતાનું રૂપ છે, તે રૂપને નિજ જાતિ–સ્વભાવરૂપ કહીએ, એવા નિજરૂપને નિશ્ચય સંજ્ઞા કહીએ.

(૩) વળી, અનંત ગુણોના એક પુંજભાવને દેખવો, પણ (ગુણને) જુદા ન દેખવા; તેમ જ અનંત શક્તિ વડે જે ગુણ છે તે એક ગુણને જ દેખવો, તે શક્તિને જ ન દેખવી; તથા જઘન્ય ઉત્કૃષ્ટ એવા ભેદ ન દેખવા, તે શક્તિને એકને જ દેખવી-આવું જે અભેદ દર્શન–એક જ રૂપનું દર્શન–છે તેને પણ અભેદદર્શન (રૂપ) નિશ્ચય સંજ્ઞા કહીએ.

(૪) વળી, હે સંત! ગુણના પુંજ વિષે તો કોઈ (જુદો) ગુણ નથી–એ વાત તો નિઃસંદેહ છે–એમ જ છે; પરંતુ તે ભાવનો તે ગુણ છે, દ્રવ્ય-ગુણ-પર્યાયને ધારણ કરીને પરિણામ વડે પરિણમે છે. તે ભાવ તે ગુણ–પરિણામથી જુદો નથી, પરંતુ તે જ ભાવરૂપ થઈને પરિણમે છે; (તે અહીં કહીએ છીએ) :–જેમ પુદ્ગલ વસ્તુ વિષે સ્કંધ-કર્મ-વિકાર કોઈ ગુણ તો નથી, પરંતુ તે પુદ્ગલ વસ્તુના પરિણામ તે સ્કંધ-કર્મ-વિકાર ભાવરૂપ સ્વાંગ ધરીને પરિણમે છે. બીજા કોઈ દ્રવ્યના પરિણામ એ (સ્કંધ–) કર્મ-વિકાર ભાવને ધારણ કરીને પરિણમતા નથી, પણ આ એક પુદ્ગલ જ તે સ્વાંગ ધારણ કરીને વર્તે છે–એ નિઃસંદેહ છે. એવી જ રીતે આ જીવ વસ્તુના પરિણામ (પણ) રંજક (મલિન), સંકોચ–વિસ્તાર, અજ્ઞાન, મિથ્યાદર્શન, અવિરતિ આદિ ચેતન-વિકારરૂપે થઈને પરિણમે છે; એવો ચેતનવિકારભાવ તો તે ચેતનદ્રવ્યના પરિણામ વિષે

જ જોવામાં આવે છે, અચેતન દ્રવ્યના પરિણામ વિષે તે કદી જોવામાં આવતો નથી.–એ વાત નિઃસંદેહ છે. એ પ્રમાણે જે વિકારભાવ (છે, તે) પોતપોતાના દ્રવ્યના પરિણામ વિષે જ થાય છે, અને તે તે દ્રવ્યના પરિણામ આશ્રિત (જ તે વિકાર) હોય છે,–તે પણ નિશ્ચય સંજ્ઞા નામ પામે ઈતિ નિશ્ચયઃ

વળી, 'च' કારથી બીજા પણ નિશ્ચયભાવ જાણવા. (તે પ્રકારોનું વર્ણન કરે છે) :–

(૫) નિજ વસ્તુની જેટલી પરિમિતિ (–ક્ષેત્ર) છે તેટલી પરિમિતિ વિષે જ દ્રવ્ય-ગુણ-પર્યાયનાં જ વ્યાપ્ય-વ્યાપક, થઈને વર્તે છે, પોતપોતાની સત્તા વિષે જ વ્યાપ્ય વ્યાપક થઈને અનાદિ અનંત રહે છે.–એને પણ નિશ્ચય કહીએ.

(૬) વળી, જે ભાવ જે ભાવનો પ્રતિપક્ષી-વૈરી હોય તે તેની સાથે જ વૈર કરે, બીજા સાથે ન કરે–એને પણ નિશ્ચય કહીએ.

(૭) જે કાળ વિષે જે કાંઈ જેમ થવાનું છે તેમ જ થાય–એને પણ નિશ્ચય કહીએ છીએ.[૧]

**(૮) વળી, જે જે ભાવની જેવી જેવી રીત વડે પ્રવર્તના છે (તે તે ભાવ) તેવી તેવી રીત પામીને પરિણમે–એને પણ નિશ્ચય કહે છે.**

(૯) એક પોતાના સ્વદ્રવ્યનું પણ નિશ્ચય નામ છે.

(૧૦) વળી, એક પ્રકાર આ છે કે એક ગુણના રૂપને મુખ્ય લઈએ ત્યારે બીજા સર્વે અનંત નિજ ગુણોનું જે રૂપ છે તે, તે (એક) ગુણરૂપના ભાવ થાય છે.

**ભાવાર્થ** :–કહેવામાં તો એક જુદું રૂપ લઈને કહીએ છીએ;

૧. જુઓ સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગા. ૩૨૧-૨-૩. સમયસાર ગા. ૩૦૮ થી ૩૧૧ની ટીકા, પ્રવચનસાર. ગાથા ૯૯ ની ટીકા.

પરંતુ તે જ એક ગુણનું રૂપ છે, (અને) તે જ સર્વનો રસ છે. વળી, જો કોઈ એમ જ માને કે 'અન્ય રૂપ નથી, એક જ છે,' તો ત્યાં અનર્થ ઊપજે છે. જેમ કે એક જ્ઞાનગુણ છે, તે જ્ઞાન વિષે બીજા ગુણનું રૂપ નથી–એમ જેણે માન્યું તે પુરુષે જ્ઞાનને ચેતનરહિત, તેમ જ અસ્તિત્વ–વસ્તુત્વ–જીવત્વ અમૂર્તત્વ વગેરે સર્વ રહિત માન્યું. પરંતુ એમ માનતાં જ્ઞાનગુણ કઈ રીતે રહ્યો? શા કારણે રહ્યો? તે ન જ રહ્યો. તેથી અહીં એ વાત સિદ્ધ થઈ કે જે એક એક ગુણનું રૂપ છે તે સર્વ સ્વરસ છે (અર્થાત્ એક ગુણના રૂપમાં બધા ગુણોનું રૂપ અભેદપણે આવી જાય છે), આવા સર્વ સ્વરસને પણ નિશ્ચય કહીએ.

(૧૨) વળી, કોઈ દ્રવ્ય (બીજા) કોઈ દ્રવ્ય સાથે ન મળે, કોઈ ગુણ (બીજા) કોઈ ગુણ સાથે ન મળે (અને) કોઈ પર્યાય-શક્તિ (બીજી) કોઈ પર્યાયશક્તિ સાથે ન મળે, આવો જે અમિલનભાવ તેને પણ નિશ્ચય કહીએ.

નિશ્ચયનો સામાન્ય અર્થ તો આટલો કહીએ–સંક્ષેપથી આટલો જ અર્થ જાણવો. નિજ વસ્તુ સાથે જે ભાવ વ્યાપ્યવ્યાપકરૂપ એકમેક સંબંધવાળો હોય તેને નિશ્ચય જાણવો.

(૧૩) કર્તા ભેદ વિષે (તેમ જ) કર્મ ભેદ વિષે પણ (અને) ક્રિયા ભેદ-વિષે પણ–એ ત્રણેય ભેદ વિષે એક જ સ્વભાવને દેખવો; એક ભાવના એ ત્રણ ભેદ નીપજે છે,–એવો (જે) એક ભાવ (તેને) પણ નિશ્ચય કહીએ.

(૧૪) સ્વભાવ ગુપ્ત છે કે પ્રગટરૂપ પરિણમે છે (પરંતુ) તેની નાસ્તિ તો નથી,–આવો જે અસ્તિત્વભાવ તેને નિશ્ચય કહીએ.

આવા આવા ભાવોને નિશ્ચય સંજ્ઞા જાણવી. જિનાગમ વિષે એમ કહી છે. એ પ્રમાણે નિશ્ચયનું વર્ણન પૂરું થયું.

ॐ

# પર્યાયાર્થિક નયના પ્રકારો

ૠજુસૂત્ર નય કહીએ છીએ :–સમયે સમયે જે પરિણતિ થાય તે સૂક્ષ્મ ૠજુસૂત્ર (એવો) ભેદ છે (અને) લાંબા કાળની મર્યાદાવાળો જે સ્થૂળ પર્યાય થાય તેને સ્થૂળ ૠજુસૂત્ર કહીએ.

દોષ રહિત શુદ્ધ શબ્દ કહેવા તેને શબ્દનય કહે છે.

જેટલા શબ્દ તેટલા નય.

એક શબ્દના અનેક અર્થોમાંથી એક અર્થ મુખ્ય આરૂઢ થાય તેને સમભિરૂઢ કહીએ, જેમ કે ગો શબ્દના અનેક અર્થો છે, પરંતુ ગાય અર્થને વિષે તે સમભિરૂઢ છે. તે સમભિરૂઢના અનેક ભેદ છે.–સાદિરૂઢ, અનાદિરૂઢ, સાર્થકરૂઢ, અસાર્થકરૂઢ, ભેદરૂઢ, અભેદરૂઢ, વિધિરૂઢ, પ્રતિષેધ રૂઢ–ઈત્યાદિ ભેદો છે.

જેવો પદાર્થ હોય તેવું જ તેનું નિરૂપણ કરવું તે એવંભૂતનય છે. જેમ કે **इन्द्रतीति इन्द्रः न शक्रः** (અર્થાત્ જે શાસન કરે છે તે ઈન્દ્ર છે, શક્ર નથી એમ કહેવું) તે એવંભૂત છે.

(હવે) પર્યાયાર્થિક નયના છ ભેદ છે; (તે કહે છે-*)

(૧) અનાદિ નિત્ય પર્યાય, જેમ કે નિત્ય મેરુ આદિ.

(૨) સાદિનિત્ય પર્યાય, જેમ કે સિદ્ધ પર્યાય.

(૩) સત્તાને ગૌણ કરીને ઉત્પાદ-વ્યયગ્રાહકસ્વભાવ અનિત્યશુદ્ધપર્યાયાર્થિક; જેમ કે પર્યાયો સમયે સમયે વિનાશી છે.

---

* જુઓ, આલાપપદ્ધતિ પૃ. ૫૯ થી ૬૩; નયચક્ર પૃ. ૬–૭.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(૪) સત્તાસાપેક્ષ સ્વભાવ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક; જેમ કે પર્યાય એક સમયમાં ત્રયાત્મક છે.

(૫) કર્મોપાધિ નિરપેક્ષ સ્વભાવ અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક, જેમ કે સંસારી જીવોના પર્યાયો સિદ્ધપર્યાયસદ્દશ શુદ્ધ છે.

(૬) કર્મોપાધિ સાપેક્ષ વિભાવ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક; જેમ કે સંસારી જીવોને જન્મ-મરણ છે.

—પર્યાયાર્થિક નયના આ છ ભેદ છે.

પૃ. ૪૩ થી શરૂ કરીને અહીં સુધી નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજૂસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ સાત નયોનું વર્ણન કર્યું]. આ નયોમાં પહેલા પહેલાનો નય પછીના નયની અપેક્ષાએ વિરૂદ્ધ મહાવિષયવાળો છે, અને પછી પછીના નય પહેલા નયની અપેક્ષાએ સૂક્ષ્મ-અલ્પ અનુકૂળ વિષયવાળા છે. [આ સંબંધી ઘણો સુંદર *ખુલાસો તત્ત્વાર્થરાજવાર્તિક પૃ. ૪૯૩-૪માં કર્યો છે. ટૂકમાં તેની સમજણ આ પ્રમાણે :—જેમ કે એક પક્ષીનો અવાજ સાંભળીને એક માણસે કહ્યું કે આ નગરમાં પક્ષી બોલે છે–૧, બીજાએ કહ્યું–આ નગરના એક ઝાડ ઉપર પક્ષી બોલે છે–૨. ત્રીજાએ કહ્યું–ઝાડની મોટી ડાળ ઉપર પક્ષી બોલે છે–૩. ચોથાએ કહ્યું–નાની ડાળી ઉપર પક્ષી બોલે છે–૪. પાંચમાએ કહ્યું–ડાળીના એક ભાગ ઉપર બેસીને પક્ષી બોલે છે–૫. છટ્ઠાએ કહ્યું–પક્ષી પોતાના શરીરમાં બોલે છે–૬, અને સાતમાએ કહ્યું–પક્ષી પોતાના કંઠમાં બોલે છે–૭. જેમ આ દૃષ્ટાંતમાં પક્ષીના બોલવાનું સ્થાન પહેલાં મોટું બતાવ્યું છે અને પછી ક્રમે ક્રમે ઓછું થતું જાય છે તેમ નૈગમથી એવંભૂત સુધીના સાત નયમાં પણ સમજવું. નૈગમ નયનો વિષય સૌથી વધારે છે અને એવંભૂત નયનો વિષય સૌથી અલ્પ છે. આ અપેક્ષાએ કહ્યું કે પહેલા પહેલા નયનો વિષય મહાન છે અને પછી પછીના નયનો વિષય સૂક્ષ્મ-અલ્પ છે. વળી, પહેલા નયે જેટલા પદાર્થોનો

* આલાપ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

વિષય કર્યો છે તેટલા પદાર્થોને બીજો નય વિષય કરતો નથી. આ અપેક્ષાએ પહેલા પહેલાના નયો વિરુદ્ધ મહા વિષયવાળા છે, અને પછીના નયે જે પદાર્થનો વિષય કર્યો છે તે પદાર્થો પહેલા નયના વિષયમાં ગર્ભિત છે, તેથી પછી પછીના નયો અલ્પ અનુકૂળ વિષયવાળા છે. વિશેષ માટે જુઓ, તત્ત્વાર્થરાજવાર્તિક.

એ પ્રમાણે નયોના પ્રકારોનું વર્ણન કરીને તેનું ફલ બતાવતાં ગ્રંથકાર કહે છે કે નય–પ્રમાણ દ્વારા સુખ થાય છે.]

# સુખ અધિકાર

આ નય–પ્રમાણ દ્વારા યુક્તિથી શિવસાધન થાય છે, અને તેનાથી અનંતગુણો શુદ્ધ થાય છે. તે અનંત ગુણની શુદ્ધતાનું ફળ સુખ છે, તે કહીએ છીએ :–

સ્વ વસ્તુને દેખતાં, જાણતાં, પરિણમતાં સુખ થાય, આનંદ થાય; તે અનુપમ, અબાધિત, અખંડિત, અનાકુળ (અને) સ્વાધીન છે, (તે) સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયનું સર્વસ્વ છે. જેમ સર્વ ઉદ્યમ ફળ વિના વૃથા હોય. ફળ યુક્ત કાર્યકારી હોય, તેમ સુખ કાર્યકારી વસ્તુ છે.

એ પ્રમાણે સુખ–અધિકાર પૂરો થયો.

[ ૫૫

# જીવન શક્તિ

જીવનશક્તિ કહીએ છીએ :–

આ આત્મા અનાદિનિધન છે, અનંત ગુણયુક્ત છે, એક એક ગુણમાં અનંતશક્તિ છે. પ્રથમ જીવનશક્તિ છે; આ આત્માને કારણભૂત ચૈતન્યમાત્ર ભાવ છે, તે ભાવને ધારણ કરનારી જીવનશક્તિ છે.[૧] તે જીવનશક્તિ વડે જે જીવ્યો, જીવે છે અને જીવશે તેને જીવ કહીએ. આ જીવનશક્તિ ચિત્પ્રકાશથી શોભાયમાન દ્રવ્ય વિષે છે, ગુણ વિષે છે, પર્યાય વિષે છે. તેથી તે સર્વે જીવ થયા. (દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે થઈને) જીવ તો એક છે, જો જીવ ત્રણ ભેદમાં હોય તો તેના ત્રણ પ્રકાર થઈ જાય. પણ એમ તો નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય જીવની અવસ્થા છે અને જીવ એ ત્રણેરૂપ એક વસ્તુ છે. જેમ (વસ્તુના) અનંત (ગુણોમાં) ગુણ ભેદ છે તેમ જીવમાં ભેદ નથી, જીવનું સ્વરૂપ અભેદ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે–જીવ અભેદરૂપ છે, તો ભેદ વિના અભેદ કઈ રીતે થયું?–જો ગુણ અનંત ન હોત તો દ્રવ્ય ન હોત, પર્યાય ન હોત, તો જીવ વસ્તુ પણ ન હોત. માટે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ કહેવાથી અભેદ સિદ્ધ થાય છે.

તેનું સમાધાન–હે શિષ્ય! ભેદ વગર અભેદ તો ન હોય, પણ ભેદ વસ્તુનું અંગ છે. અનેક અંગ વડે એક વસ્તુ કહીએ. તેનું દૃષ્ટાંત :–જેમ એક નગર છે તેમાં ઘણા મહોલ્લા છે અને તે મહોલ્લામાં ઘણાં ઘર છે. ત્યાં તે (મહોલ્લા, મકાન વગેરે) જુદાં જુદાં અંગમાં તો નગર નથી (પરંતુ) તે સર્વના એક ભાવરૂપ નગર છે. જેમ એક નરનાં અનેક અંગ છે, (ત્યાં કોઈ) એક અંગમાં નર નથી; સર્વ અંગરૂપ નર છે. તેમ દ્રવ્યરૂપ ગુણરૂપ, પર્યાયરૂપ જીવ નથી; જીવ વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયનું

---

૧. ગુજરાતી સમયસાર પૃ. ૫૦૩

એકત્વ છે. જો એક અંગમાં જીવ હોય તો જ્ઞાનજીવ, દર્શનજીવ–એ પ્રમાણે અનંત ગુણો અનંત જીવ થઈ જાય. માટે અનંત ગુણનો પુંજ જીવવસ્તુ છે.

[વળી જીવમાં એક ચિતિશક્તિ (–ચૈતન્યશક્તિ) કહેવામાં આવી છે.] અહીં કોઈ પ્રશ્ન કરે કે–જો ચેતના ભાવને (જીવનશક્તિની વ્યાખ્યામાં) જીવનું લક્ષણ કહ્યું, તો ચૈતન્યશક્તિ જુદી શા માટે કહી? તેનું સમાધાન–ચૈતન્યશક્તિ જે છે તે જડના અભાવથી છે. [૧]અને જ્ઞાનચેતના આદિ અનંત ચેતના સહિત છે. તે અનંત ચેતનાના પ્રકાશરૂપ ચિદ્શક્તિ હોય તો જીવનશક્તિ રહે, ચેતનાના અભાવથી જીવનો અભાવ છે. ચેતના પ્રકાશરૂપ છે. અનંત ગુણ–પર્યાય (રૂપ) ચેતના પ્રાણને ધારણ કરીને જીવનશક્તિ સદા જીવે છે. વિશેષ (રૂપે જોતાં) ગુણ તત્ત્વ, પર્યાય તત્ત્વ અને દ્રવ્ય તત્ત્વ એ ત્રણે મય જીવતત્ત્વને જીવનશક્તિ પ્રકાશે છે. તે ચેતના-લક્ષણનો પ્રકાશ સદા પ્રકાશિત રહે તો જીવત્વ નામ પામે. માટે ચેતનાલક્ષણ જીવવસ્તુનું છે; અને ચિદ્શક્તિ જુદી કહી, તે ચૈતન્યશક્તિ પોતાના અનંત પ્રકાશરૂપ મહિમાને ધારણ કરે છે તે બતાવવા માટે (તેને) જુદી કહી, પણ (અભેદપણે)) દેખીએ તો તે લક્ષણ જીવનશક્તિનું જ છે. જેમ–સામાન્ય ચેતના ચેતનાના પુંજરૂપ છે અને વિશેષ ચેતના, જ્ઞાનચેતના દર્શનચેતના (વગેરે) અનંતરૂપ છે; સામાન્ય ચેતનાથી વિશેષ ચેતના જુદી નથી; વિશેષ ચેતના વિના ચેતનાનું સ્વરૂપ જાણવામાં ન આવે. તેમ–જીવનશક્તિથી ચેતનભાવ જુદો નથી, પણ ચેતનભાવોનું વિશેષ કહ્યા વિના જીવનશક્તિનું સ્વરૂપ જાણવામાં ન આવે. આ જીવનશક્તિ અનાદિનિધન અનંત મહિમાને ધારણ કરે છે અને સર્વ શક્તિઓમાં તે સાર છે, તથા તે સર્વનો જીવ છે, (અર્થાત્ જીવનશક્તિ બધી શક્તિઓનો આત્મા છે). આવી જીવનશક્તિને જાણવાથી જીવ જગત્પૂજ્ય પદને પામે છે, માટે જીવનશક્તિને જાણો.

❍ ❑ ❍

૧. ગુજ. સમયસાર પૃ. ૫૦૩.

# પ્રભુત્વ શક્તિ

હવે પ્રભુત્વશક્તિ કહીએ છીએ :–

અખંડ પ્રતાપ સ્વતંત્ર શોભિત પ્રભુત્વશક્તિ [–જેનો પ્રતાપ અખંડિત છે એવા સ્વાતંત્ર્યથી (–સ્વાધીનતાથી) શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વશક્તિ.[૧]] સામાન્યપણાથી તો એકરૂપ વસ્તુનું પ્રભુત્વ બિરાજી રહ્યું છે, અને વિશેષપણે દ્રવ્યનું પ્રભુત્વ જુદું છે, ગુણનું પ્રભુત્વ જુદું છે અને પર્યાયનું પ્રભુત્વ જુદું છે. દ્રવ્યના પ્રભુત્વથી ગુણ-પર્યાયનું પ્રભુત્વ છે અને ગુણ-પર્યાયના પ્રભુત્વથી દ્રવ્યનું પ્રભુત્વ છે; કેમકે દ્રવ્ય વડે ગુણ-પર્યાય છે, ગુણ-પર્યાય વડે–દ્રવ્ય છે. દ્રવ્ય ગુણી છે, ગુણ (તે) ગુણ છે. ગુણીદ્વારા ગુણની સિદ્ધિ છે, ગુણ દ્વારા ગુણીની સિદ્ધિ છે, (હવે) વિશેષ પ્રભુત્વ કહીએ છીએ.

## દ્રવ્યનું પ્રભુત્વ

દ્રવ્યમાં જે પ્રભુત્વ છે તે ગુણ-પર્યાયના અનંત પ્રભુત્વ સહિત છે, તથા અખંડિતપ્રતાપ સહિત છે; (તે) ગુણ-પર્યાયને દ્રવે છે તેથી ગુણ-પર્યાયના સ્વભાવને ધારણ કરીને દ્રવ્યના અનંત મહિમારૂપ પ્રભુત્વને દ્રવ્યમાં પ્રકટ કરે છે. તે એક અચલ દ્રવ્યનું પ્રભુત્વ અનેક સ્વભાવ–પ્રભુત્વનું કર્તા પ્રવર્તે છે એટલે સર્વ પ્રભુત્વનો પુંજ દ્રવ્યપ્રભુત્વ છે. હવે ગુણનું પ્રભુત્વ કહીએ છીએ.

## ગુણનું પ્રભુત્વ

પ્રથમ સત્તાગુણનું પ્રભુત્વ કહીએ છીએ. દ્રવ્યનું સત્તા લક્ષણ છે; તે સત્તાલક્ષણ અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભિત છે. તે સામાન્ય-વિશેષ પ્રભુત્વ સહિત છે તે સત્તાનું સામાન્ય પ્રભુત્વ કહીએ છીએ–સત્તા

૧. સમયસાર ગુજ૦ પૃ. ૫૦૩-૪

અખંડિત પ્રતાપવાળી છે, સ્વતંત્ર શોભાવાળી છે, સ્વરૂપરૂપ બિરાજે છે. તેમાં દ્રવ્યસત્ત્વ, પર્યાયસત્ત્વ, ગુણસત્ત્વના વિશેષ કહેવા ન પડે તે સામાન્ય સત્ત્વનું પ્રભુત્વ છે. દ્રવ્યસત્ત્વનું પ્રભુત્વ તો પૂર્વે દ્રવ્યનું વિશેષણ (વર્ણન) કર્યું તેમાં જાણવું.

સર્વ ગુણસત્ત્વનું પ્રભુત્વ કાંઈક (–થોડું) કહીએ છીએ–ગુણો અનંત છે, (તેમાં) એક પ્રદેશત્વ ગુણ છે, તેનું જે સત્ત્વ તેને પ્રદેશસત્વ કહીએ. એકેક પ્રદેશમાં અનંતગુણ પોતાના મહિમા સહિત બિરાજે છે. એકેક ગુણમાં અનંત શક્તિ–પ્રતિશક્તિ છે. અનંત મહિમા સહિત એકેક શક્તિના અનંત પર્યાયો છે, તે સર્વે એકેક પ્રદેશમાં છે. એવા અસંખ્ય પ્રદેશો પોતાના અખંડિત પ્રભુત્વ સહિત પોતાની પ્રદેશ–સત્તાના આધારે છે. તેથી પ્રદેશસત્ત્વનું પ્રભુત્વ સર્વે ગુણોના પ્રભુત્વનું કારણ છે.

'સૂક્ષ્મ' સત્તાનું પ્રભુત્વ પણ અનંતગુણના પ્રભુત્વનું કારણ છે. (આત્મામાં જો) સૂક્ષ્મ ગુણ ન હોય તો સર્વે (ગુણો) સ્થૂળ હોય અને ઈન્દ્રિય-ગ્રાહ્ય હોય. એમ થતાં (તે) પોતાના અનંત મહિમાને ધારે નહિ. માટે સૂક્ષ્મ (ગુણની) સત્તાના પ્રભુત્વને લીધે સર્વે ગુણો પોતાના અનંત મહિમા સહિત છે. જ્ઞાનનું સત્ત્વ સૂક્ષ્મ છે તેથી તે ઈન્દ્રિય–ગ્રાહ્ય નથી; એ પ્રમાણે અનંત ગુણોનું સત્ત્વ સૂક્ષ્મ છે, તેથી (તે) અનંત મહિમા સહિત છે. માટે અનંતગુણની સત્તાનું પ્રભુત્વ એક સૂક્ષ્મ (ત્વ ગુણની) સત્તાના પ્રભુત્વથી છે. તેથી એ પ્રમાણે સર્વે ગુણોનું પ્રભુત્વ જુદું જુદું જાણો. બહુ વિસ્તાર થઈ જાય તેથી અહીં લખ્યું નથી.

## પર્યાયનું પ્રભુત્વ

પર્યાયનું પરિણમન–રૂપ, વેદકભાવવડે સ્વરૂપ લાભ–વિશ્રામ–સ્થિરતારૂપ વસ્તુના સર્વસ્વને વેદીને (–અનુભવીને) પ્રગટ કરે છે–એવા અખંડિત પ્રભુત્વને ધારણ કરે છે; તેને પર્યાયનું પ્રભુત્વ કહીએ.

–આ પ્રભુત્વશક્તિને જાણવાથી જીવ પોતાના અનંત પ્રભુત્વને પામે છે. ❑ ❋ ❑

# વીર્યશક્તિ

હવે વીર્યશક્તિનું સ્વરૂપ કહીએ (છીએ) :—

પોતાના સ્વરૂપને નિષ્પન્ન કરનારી, સામર્થ્યરૂપ વીર્યશક્તિ છે;[૧] તે સામાન્ય અને વિશેષ એવા બે ભેદવાળી છે. વસ્તુના સ્વરૂપને નિષ્પન્ન રાખવાનું જે સામર્થ્ય તે તો સામાન્ય વીર્યશક્તિ છે. વિશેષ વીર્યશક્તિના ત્રણ ભેદ છે–દ્રવ્યવીર્યશક્તિ, ગુણવીર્યશક્તિ, પર્યાયવીર્યશક્તિ. (વળી) ક્ષેત્રવીર્ય, કાળવીર્ય, તપવીર્ય, ભાવવીર્ય, ઇત્યાદિ વિશેષ છે. તે કેટલાક વિશેષો લખીએ છીએ. પ્રથમ જ દ્રવ્યવીર્ય લખીએ છીએ.

સહજ ચિદાનંદ.

૧. સમયસાર ગુજ૦ પૃ. ૫૦૩.

# દ્રવ્યવીર્ય

દ્રવ્યવીર્ય ગુણ-પર્યાયવીર્યનો સમુદાય છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે–ગુણ-પર્યાયને દ્રવે, [તેમાં] વ્યાપે તે દ્રવ્ય છે, તેમ જ ગુણ-પર્યાયનો સમુદાય પણ દ્રવ્ય છે.–[એ રીતે] ગુણ-પર્યાયનો સમુદાય અને [ગુણ-પર્યાયમાં] વ્યાપવું–[એ] વિશેષ જુદા છે, તો શું દ્રવ્ય પણ જુદા [ બે પ્રકારના] છે?

**તેનું સમાધાન** :–વ્યાપકભાવના બે ભેદ છે :–(૧) ભિન્નવ્યાપક, (૨) અભિન્નવ્યાપક. ભિન્નવ્યાપકના બે ભેદ છે :– બંધવ્યાપક, (અને) અબંધવ્યાપક. જેમ તલ વિષે તેલ બંધવ્યાપક છે, તેમ દેહ વિષે આત્મા બંધવ્યાપક છે; ધનાદિક વિષે અબંધવ્યાપક છે. (–ભિન્ન વ્યાપકપણાના આ બંને પ્રકારો) અશુદ્ધ અવસ્થામાં છે. અહીં શુદ્ધતામાં ગુણ-પર્યાયથી અભિન્ન વ્યાપક છે; તે અભિન્ન વ્યાપકના બે ભેદ છે–એકયુગપત્‌ સર્વદેશવ્યાપક અને બીજો ક્રમવર્તી એકદેશવ્યાપક. દ્રવ્ય (પોતાના) ગુણોમાં યુગપત્‌ સર્વદેશવ્યાપક છે (અને) પર્યાયમાં ક્રમવર્તી વ્યાપક છે; કેમકે સર્વે ગુણપર્યાયનું એક દ્રવ્ય નિપજેલું છે; તેથી સર્વ (વ્યાપક અને) ક્રમવ્યાપક અભિન્નતા ગુણ-પર્યાયથી થઈ. એટલે વ્યાપકપણામાં, ગુણ-પર્યાયનો સમુદાય આવ્યો; માટે વ્યાપકતા અને ‘ગુણ-પર્યાય(નો સમુદાય)’ (એ તો) કહેવા માત્ર ભેદ છે, (–દ્રવ્ય કાંઈ બે ભેદરૂપ નથી.) વસ્તુનો સ્વભાવ અન્ય અન્ય ભેદ વડે (તથા) સત્તાથી અભેદવડે સિદ્ધ છે. દ્રવ્યનું વિશેષ (–વર્ણન) પૂર્વે કહ્યું, તેને ટકાવી રાખવાની સામર્થ્યતા (તે) દ્રવ્યવીર્યશક્તિ છે.

(અહીં) કોઈ પ્રશ્ન કરે છે કે :—

(૧) આ દ્રવ્યવીર્ય ભેદ છે કે અભેદ?

(૨) અસ્તિ છે કે નાસ્તિ છે?

(૩) નિત્ય છે કે અનિત્ય છે?

(૪) એક છે કે અનેક છે?

(૫) કારણ છે કે કાર્ય છે?

(૬) સામાન્ય છે કે વિશેષ છે?

તેનું સમાધાન કરીએ છીએ :—

(૧) સામાન્યપણે કહીએ ત્યારે તો દ્રવ્યવીર્ય અભેદ છે અને ગુણોના સમુદાયની વિવક્ષાથી કહીએ ત્યારે ભેદ છે; ગુણોના ભેદ જુદા છે તેથી આ વિવક્ષામાં ભેદ આવ્યો, પરંતુ અભેદને સાધવાનું નિમિત્ત આ ભેદ છે. ભેદ વિના અભેદ હોય નહિ; તેથી (દ્રવ્યવીર્યને) ભેદ-અભેદ કહીએ.

(૨) (દ્રવ્યવીર્ય) પોતાના ચતુષ્ટયથી અસ્તિ છે (અને) પરચતુષ્ટયથી નાસ્તિ છે.

(૩) દ્રવ્યવીર્ય નિત્ય છે, (અને) આ દ્રવ્યવીર્યમાં પર્યાયવીર્ય પણ આવે છે તે (પર્યાયવીર્ય)વડે અનિત્ય છે. પરંતુ દ્રવ્યવીર્ય નિત્ય છે તેને પર્યાયવીર્ય સાધે છે, તેથી અનિત્ય તે નિત્યનું સાધન છે. તે (દ્રવ્યવીર્ય)નો નિત્યાનિત્યાત્મક સ્વભાવ છે. (એ રીતે તે) અનેક ધર્માત્મક છે. નયચક્ર ગ્રંથમાં કહ્યું છે કે–'**नानास्वभावसंयुक्तं द्रव्यं ज्ञात्वा प्रमाणतः** [૧]('અર્થાત્ અનેક સ્વભાવ સંયુક્ત દ્રવ્યને પ્રમાણવડે જાણીને–') એ વચનથી પર્યાય સ્વભાવથી અનિત્ય છે.

(અહીં) કોઈ પ્રશ્ન કરે છે કે–પર્યાયને અનિત્ય કહો, પણ દ્રવ્યને અનિત્ય ન કહો.

૧. જુઓ, નયચક્ર ગા. ૧૭૩.

**તેનું સમાધાન**–ઉપચારથી દ્રવ્યને (અનિત્ય) કહીએ; લક્ષણથી પર્યાયને અનિત્ય કહીએ.

(વળી અહીં) બીજો પ્રશ્ન થાય છે કે–ઉત્પાદ-વ્યય-ધ્રુવ તો સત્તાનું લક્ષણ છે[1] અને સત્તા દ્રવ્યનું લક્ષણ છે,[2] (માટે તેને) પર્યાયનું લક્ષણ ન કહો.

તેનું સમાધાન કરીએ છીએ :–ઉત્પાદ-વ્યય પણ પર્યાયસત્તાનું જ લક્ષણ (છે), ઉપચારથી (તેને) દ્રવ્યમાં કહીએ. નયચક્રમાં કહ્યું છે કે '**द्रव्ये पर्यायोपचारः पर्याये द्रव्योपचारः**[3] (અર્થાત્ દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર થાય છે અને પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર થાય છે)' માટે (અનિત્ય પર્યાયનો) ઉપચાર કરીને (દ્રવ્યને અનિત્ય) કહીએ છીએ. અનિત્ય દ્રવ્ય મૂળભૂત વસ્તુ નથી–એમ જાણવું.

(૪) (દ્રવ્યવીર્ય) દ્રવ્યથી એક છે અને ગુણ-પર્યાયના સ્વભાવથી અનેક છે; અનેક સ્વભાવવડે એક છે, માટે અનેક ઉપચારથી કહીએ. એક સ્વભાવ સાધવાનું નિમિત્ત અનેકપણું એમ ઉપચારથી સાધ્યું છે.

(૫) પૂર્વ પરિણામથી યુક્ત (તે) કારણરૂપ દ્રવ્ય છે (અને) ઉત્તર પરિણામથી યુક્ત (તે) કાર્યરૂપ દ્રવ્ય છે,[4]–કારણ કાર્ય-સ્વભાવ દ્રવ્યમાં જ છે; તેથી નયવિવક્ષાવડે દ્રવ્યમાં કારણ-કાર્ય સાધવામાં કોઈ દોષ નથી. પૂર્વ પરિણામ ગ્રાહકનય (અને) ઉત્તર પરિણામ ગ્રાહકનય વડે (કારણ–કાર્ય) સાધવું.

(૬) દ્રવ્યવીર્ય સામાન્ય છે, તેને ગુણ-પર્યાયવીર્યથી વિશેષ કહીએ; તેથી સામાન્યવિશેષરૂપ તેનું જ છે.

દ્રવ્યવીર્યના આ બધાં વિશેષણો નયથી કહીએ.

---

૧. તત્ત્વાર્થ સૂત્ર ૫–૩૦;

૨. તત્ત્વાર્થ સૂત્ર ૫–૨૯;

૩. જુઓ નયચક્ર ગા. ૫૧.

૪. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા. ગા. ૨૨૨, ૨૩૦.

# ગુણવીર્ય

ગુણવીર્યનું વિશેષ કહીએ છીએ :—

ગુણને (ટકાવી) રાખવાનું જે સામર્થ્ય તેને ગુણવીર્ય કહીએ. સામાન્ય-વિશેષ ગુણવીર્ય કહીએ છીએ. જ્ઞાનગુણમાં જ્ઞાયકપણાને (ટકાવી) રાખવાનું જે સામર્થ્ય છે તે જ્ઞાનગુણવીર્ય છે; દર્શનમાં દેખવાની શક્તિ છે તેને (ટકાવી) રાખવાનું જે સામર્થ્ય છે તે દર્શન (ગુણ)–વીર્ય છે. સુખને (ટકાવી) રાખવાનું જે સામર્થ્ય છે તે સુખ (ગુણ)–વીર્ય છે. ઈત્યાદિ ગુણોને (ટકાવી) રાખવાનું સામર્થ્ય તે વિશેષ–ગુણવીર્ય છે; એકેક ગુણમાં વીર્યશક્તિના પ્રભાવથી આવું સામર્થ્ય છે તે કહીએ છીએ :—

એક સત્તાગુણ વીર્યના પ્રભાવથી આવા મહિમાને ધારણ કરે છે કે દ્રવ્ય–સત્તાવીર્યના પ્રભાવથી દ્રવ્યના 'છે' પણાની સામર્થ્યતા આવી, ગુણ-સત્તાવીર્યના પ્રભાવથી ગુણના 'છે' પણાની સામર્થ્યતા આવી; પર્યાય–સત્તાવીર્યના પ્રભાવથી પર્યાયના 'છે'પણાની સામર્થ્યતા આવી; એક સૂક્ષ્મગુણ–સત્તાવીર્યમાં એવી શક્તિ છે કે (તેને લીધે સર્વ ગુણ) 'સૂક્ષ્મ છે' એવી સામર્થ્યતા થઈ. જ્ઞાનસૂક્ષ્મ છે એવી સામર્થ્યતા આવી ઈત્યાદિ સર્વે ગુણોમાં વીર્યસત્તા (–સત્તાવીર્ય)નો પ્રભાવ ફેલાઈ રહ્યો છે. આ પ્રકારે સર્વે ગુણોમાં પોતપોતાના ગુણગુણનું વીર્ય, અનંત પ્રભાવને ધારણ કરે છે, વિસ્તાર (થઈ જાય તે) માટે (અહીં) લખ્યું નથી.

જ્ઞાન અસાધારણ ગુણ છે, સત્તા સાધારણ ગુણ છે, એમાં સત્તાની મુખ્યતા લઈએ ત્યારે (એમ) કહીએ કે જ્ઞાન સત્તાના આધારે છે તેથી સત્તા પ્રધાન છે.

સત્તા દ્રવ્ય-ગુણ-પર્યાયના રૂપને રાખે છે તેમજ જ્ઞાનના રૂપને પણ રાખે છે, તેથી અસાધારણ વડે સાધારણ છે.

હવે જ્ઞાનની પ્રધાનતા કહીએ છીએ. જો જ્ઞાન ન હોત તો સત્તા અચેતન થઈને વર્તતી હોત. આ (સત્તાની) ચેતના જ્ઞાનથી છે (અને) ચેતનાવડે ચેતનની સત્તા છે, માટે ચેતન સત્તાને રાખવાનું કારણ જ્ઞાન ચેતના છે. જ્ઞાન વડે સર્વજ્ઞશક્તિ છે, (તે) સર્વેમાં પ્રધાન છે, પૂજ્ય છે. તે જ્ઞાન હોય તો સર્વે ગુણો હોય. જેમ નિગોદિયાને જ્ઞાન હીન છે, તેથી સર્વે ગુણો દબાયેલા છે, જ્ઞાન વધ્યું ત્યારે ગુણો વધતા ગયા. જેમ જેમ સ્વસંવેદન–જ્ઞાન વધ્યું તેમ તેમ સુખાદિ સર્વે ગુણો વધ્યા. બારમા ગુણસ્થાને ચારિત્ર શુદ્ધ થયું, પરંતુ (કેવળ) જ્ઞાન વિના અનંત સુખ (એવું) નામ ન પામ્યું, માટે જ્ઞાનગુણ સર્વ ચેતનામાં પ્રધાન છે. તેનાથી જ ચેતના સત્તા છે. સાધારણ સત્તા હતી તેને ચેતનાસત્તા એવું નામ મળ્યું તે ચેતનાને લીધે મળ્યું છે. ચેતનામાં જ્ઞાન પ્રધાન છે. સાધારણ સત્તા અપ્રધાન હતી તેને અસાધારણ ચેતનતારૂપ જ્ઞાનની પ્રધાનતાથી 'અસાધારણ ચેતનસત્તા' એવું પ્રધાન નામ મળ્યું. સત્તા જ્ઞાનમાં આવો મહિમા સત્તાજ્ઞાનના વીર્યથી છે, તેથી વીર્યગુણ પ્રધાન છે.

## પર્યાયવીર્ય

હવે પર્યાય વીર્યનું વિશેષ (સ્વરૂપ) કહીએ છીએ :–વસ્તુરૂપ પરિણમે તેને પર્યાય કહીએ. તેને નિષ્પન્ન રાખવાની સામર્થ્યતાને પર્યાયવીર્ય કહીએ. (પરિણામ વડે) વસ્તુને વેદે, ગુણને વેદે ત્યારે વસ્તુ પ્રગટે, વસ્તુનું અને ગુણનું સ્વરૂપ પર્યાય દ્વારા પ્રગટ થાય છે. વસ્તુરૂપ ન પરિણમે તો અવસ્તુ થઈ જાય, ગુણરૂપ ન પરિણમે તો ગુણનું સ્વરૂપ ન રહે; જો જ્ઞાનરૂપ ન પરિણમે તો જ્ઞાન ન રહે. તેથી સર્વ ગુણો ન પરિણમે. તો સર્વ ગુણો કઈ રીતે હોય? સર્વનું મૂળ કારણ પર્યાય છે. પર્યાય અનિત્ય છે, (તે) નિત્યનું કારણ છે, નિત્ય-અનિત્ય વસ્તુ છે. પર્યાય(રૂપી) ચંચળ તરંગો દ્રવ્ય (રૂપી) ધ્રુવ સમુદ્રને દર્શાવે છે.

(અહીં) કોઈ પ્રશ્ન કરે છે કે–પર્યાય વસ્તુ છે કે અવસ્તુ છે? જો તે વસ્તુ હોય તો વસ્તુને વસ્તુસંજ્ઞા ન કહેવી જોઈએ? (કેમ કે) પર્યાય જ વસ્તુ છે, અવસ્તુ હોય તો તે નાશરૂપ હોય (અર્થાત્ તે અભાવરૂપ હોય) માટે તેનો વિરોધ આવે છે.

**તેનું સમાધાન** :–દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ વસ્તુ છે. પર્યાય, પરિણામ, દ્રવ્ય–વેદના, ગુણ–ઉત્પાદ આદિ પર્યાય છે. તેથી પર્યાયને વસ્તુ સંજ્ઞા આવિવક્ષાથી કહીએ. (દ્રવ્ય-ગુણ-પર્યાય) ત્રણેની પરિણામ સત્તા અભેદ છે તેથી વસ્તુ સંજ્ઞા પરિણામ સ્વરૂપને પરિણામ અપેક્ષાએ કહીએ, દ્રવ્ય અપેક્ષાએ પરિણામને વસ્તુ ન કહીએ. જો આ–અપેક્ષાએ (પરિણામ અપેક્ષાએ) પણ (પર્યાયને) વસ્તુ ન કહીએ તો પરિણામ કોઈ વસ્તુ રહેતી નથી –(તેનો) નાશ થાય છે. માટે (પર્યાયનું વસ્તુપણું) વિવક્ષાથી પ્રમાણ છે. (તે) દ્રવ્યરૂપ નથી (પણ) પર્યાય (રૂપ) વસ્તુ છે; (તે) અનંત ગુણથી ધ્રુવરૂપ વસ્તુના કારણ (રૂપ) વસ્તુ છે. (પણ પોતે) ધ્રુવરૂપ કાર્ય નથી (અર્થાત્ પર્યાય તે ધ્રુવ દ્રવ્યગુણનું કારણ છે પણ પોતે જ ધ્રુવ દ્રવ્યગુણરૂપ નથી) (અહીં) આ એક જુદી વિવક્ષા છે. ઘણે ઠેકાણે તો દ્રવ્ય–ગુણ તે કારણ અને પર્યાય તે કાર્ય–એમ બતાવવામાં આવે છે. પરંતુ આ ઠેકાણે તો પર્યાયને કારણ કહ્યું છે અને દ્રવ્ય-ગુણને તેનું કાર્ય કહ્યું છે; કેમકે અહીં *પર્યાયમાં પણ વસ્તુપણું છે એમ સિદ્ધ કરવું છે; કાર્ય પરિણામ જ દેખાડે છે એ વિવક્ષા જુદી છે, એ (વાત) પહેલાં કહી છે. નાના (–અનેક) ભેદથી નાની (–અનેક) વિવક્ષાઓ છે; નયને જાણવાથી વિવક્ષા જણાય છે. તેથી પર્યાયરૂપ વસ્તુ દ્રવ્યાત્મક નથી એ કથન સિદ્ધ થયું.

પર્યાયનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કેવા? તે કહીએ છીએ :–

[પર્યાય] ઊપજવાનું ક્ષેત્ર તો દ્રવ્ય છે;

* પ્રવચનસાર ગા. ૮૭ ટીકા.

સ્વરૂપ ક્ષેત્ર–પ્રદેશે પ્રદેશે પરિણામશક્તિ છે, તે શક્તિસ્થાન જ ક્ષેત્ર છે;

કાળ સમય–મર્યાદા છે, નિજ–વર્તનાની મર્યાદા કાળ છે.

ભાવ–સર્વ પ્રગટ–સર્વસ્વ પરિણમન–સર્વે નિજલક્ષણ (રૂપ) અવસ્થાથી શોભિત છે તે ભાવ કહીએ.

આ પ્રમાણે પર્યાયના સ્વરૂપને સદા નિશ્ચલ રાખે એવી સામર્થ્યતાનું નામ પર્યાયવીર્યશક્તિ કહીએ.

## ક્ષેત્રવીર્ય

હવે ક્ષેત્રવીર્ય કહીએ છીએ. પોતાના પ્રદેશને ક્ષેત્ર કહીએ; તેને પરિપૂર્ણ નિષ્પન્ન રાખવાની સામર્થ્યતા તે ક્ષેત્રવીર્યશક્તિ છે. ક્ષેત્રવીર્યને લીધે ક્ષેત્ર છે, ક્ષેત્રમાં અનંતગુણનો નિવાસ છે, એકેક ગુણમાં અનંત શક્તિ છે, અનંત પર્યાય છે. એકેક ગુણના રૂપમાં સર્વે ગુણોનું રૂપ સધાય છે. સત્તાગુણના રૂપમાં સર્વે ગુણોનું રૂપ સધાય છે. સત્તાથી સર્વે ગુણો 'છે' લક્ષણવાળા છે, સત્તા સર્વેમાં વ્યાપક છે. જ્ઞાન 'છે,' દર્શન 'છે,' દ્રવ્ય 'છે,'–એ પ્રમાણે દ્રવ્યત્વ, અગુરુલઘુત્વ વગેરે બધા ગુણોમાં (સત્તાનું વ્યાપકપણું) જાણવું. ક્ષેત્રમાં ગુણનો વિલાસ, પર્યાયનો વિલાસ છે. દ્રવ્ય–મંદિરની મૂળ ભૂમિકા પ્રદેશનું ક્ષેત્ર છે. ક્ષેત્ર–પ્રદેશમાં અનંત ગુણો છે, ક્ષેત્ર વડે દ્રવ્યની મર્યાદા જાણવામાં આવે છે. દ્રવ્ય–ગુણ–પર્યાયનો વિલાસ, નિવાસ અથવા પ્રકાશ ક્ષેત્રના આધારે છે. આ ક્ષેત્ર બધાનું અધિકરણ છે. જેમ, નરકનું ક્ષેત્ર દુઃખ ઉત્પન્ન કરવાનું કારણ છે, કોઈ દેવાદિક નારકીનાં દુઃખને મટાડી શકે નહિ, એવો તે ક્ષેત્રનો પ્રભાવ છે. અને સ્વર્ગભૂમિમાં સહજપણે શીતાદિ વેદના નથી (એવો તે) ક્ષેત્રનો પ્રભાવ છે. તે પ્રમાણે આત્મપ્રદેશના ક્ષેત્રનો એવો પ્રભાવ છે કે અનંત ચેતના દ્રવ્ય-ગુણ-પર્યાયના વિલાસને પ્રગટ કરે છે. (અહીં) એટલું વિશેષ છે કે

નરકાદિ ક્ષેત્ર તો ભિન્ન વસ્તુનું કારણ છે (અને) આત્મપ્રદેશ ક્ષેત્ર ગુણ પર્યાયથી અભિન્ન છે. આ પ્રદેશક્ષેત્રમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ સિદ્ધ થાય છે. (તે આ પ્રમાણે–) *ઉપચારથી એક પ્રદેશને મુખ્ય કરીએ તેનો ઉત્પાદ, બીજા પ્રદેશની ગૌણતા તે વ્યય ગણવો (અને) ધ્રુવ મુખ્ય ગૌણપણા રહિત અનુસ્યૂત શક્તિ-વસ્તુરૂપ શક્તિ છે–એ પ્રકારે ધારવું. એ પ્રમાણે પ્રદેશ ક્ષેત્રનો અનંત મહિમા છે. આ પ્રદેશ ક્ષેત્ર, લોકાલોકને જાણવા માટે અરીસો છે. જે જીવોએ આ પ્રદેશ– આ પ્રદેશક્ષેત્ર–માં નિવાસ કર્યો છે તેઓ જ અનંત સુખના ભોક્તા થયા છે. આવા પ્રદેશક્ષેત્રને (ટકાવી) રાખવાના સામર્થ્યનું નામ ક્ષેત્રવીર્યશક્તિ છે.

## કાળવીર્ય

હવે કાળવીર્ય (શક્તિ) કહીએ છીએ :—

કાળ–પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની મર્યાદા તે કાળ છે, તેને (ટકાવી) રાખવાની સામર્થ્યતાનું નામ કાળવીર્ય શક્તિ છે. દ્રવ્યની વર્તના તે દ્રવ્ય-કાળ-ક્ષણ છે. ગુણની વર્તના તે ગુણકાળ છે, પર્યાયની વર્તના તે પર્યાય–કાળ છે.

અહીં કોઈ **પ્રશ્ન** કરે કે–દ્રવ્યવર્તના તો ગુણપર્યાયવર્તનાથી છે, માટે ગુણપર્યાયવર્તના પણ દ્રવ્યવર્તના છે. (તથા) દ્રવ્યવર્તનાથી ગુણપર્યાયવર્તના છે, માટે દ્રવ્યવર્તનામાં ગુણપર્યાયવર્તના કહો (અને) ગુણપર્યાય (વર્તના)માં દ્રવ્યવર્તના કહો?

**તેનું સમાધાન**–હે ભવ્ય! તેં જે પ્રશ્ન કર્યો તે તો સાચો છે, પરંતુ અહીં જે વિવક્ષા છે તે કહીએ છીએ. ગુણપર્યાયના પુંજની વર્તના તે દ્રવ્યવર્તના છે કેમ કે ગુણપર્યાયનો પુંજ તે દ્રવ્ય છે. દ્રવ્યનો સ્વભાવ ગુણ-પર્યાય છે, તે દ્રવ્ય પોતના સ્વભાવરૂપે વર્તે છે તેથી દ્રવ્યવર્તનામાં

* જુઓ, પ્રવચનસાર ગા. ૯૯ ટીકા.

સ્વભાવ આવ્યો પરંતુ એટલું વિશેષ છે કે જુદી ગુણવર્તનામાં ગુણવર્તને છે. જ્ઞાનવર્તનામાં જ્ઞાનવર્તના છે, દર્શનવર્તનામાં દર્શનવર્તના છે; એ પ્રમાણે જુદા જુદા ગુણમાં ગુણવર્તના જુદી જુદી છે. પર્યાયમાં પર્યાયવર્તના છે; તેમાં એટલું વિશેષ છે કે–જે સમયે જે પર્યાય છે તે પર્યાયની વર્તના તેમાં છે; બીજા સમયના પર્યાયની વર્તના બીજા સમયના પર્યાયમાં છે. એકપર્યાયમાં બીજા પર્યાયની વર્તના (હોતી) નથી (કેમકે) પર્યાય જુદા જુદા છે. તેથી દ્રવ્યની ગુણ પર્યાયના પુંજની–વર્તના એક ગુણમાં કે એક પર્યાયમાં આવી જતી નથી, કેમ કે વસ્તુનો એક ગુણ (આખા) દ્રવ્યરૂપ હોય નહિ. જો ગુણપુંજ (–દ્રવ્ય) એક ગુણમાં જ આવી જાય તો ગુણ અનંત (હોવાથી) અનંત દ્રવ્ય થઈ જાય. ગુણપુંજવર્તના દ્રવ્યની (છે), તેને એક ગુણવર્તના ન કહીએ, કેમ કે એક ગુણરૂપ દ્રવ્ય નથી; પુંજ ગુણોવડે ગુણપુંજમાં વર્તે છે. તેમાં દ્રવ્યવિવક્ષામાં દ્રવ્યવર્તના, ગુણવિવક્ષામાં ગુણવર્તના, પર્યાયવિવક્ષામાં પર્યાયવર્તના (એ રીતે) અનેકાંત સિદ્ધિ વિવક્ષાથી છે. તેથી ગુણ-પર્યાય-દ્રવ્યની વર્તના–મર્યાદા અથવા સ્થિતિ, તેને નિષ્પન્ન રાખવાનું (જે) સામર્થ્ય તેનું નામ કાળવીર્યશક્તિ છે.

સહજ ચિદાનંદ.

## તપવીર્ય

હવે તપવીર્યનું વર્ણન કરીએ છીએ :–તપ નિશ્ચય અને વ્યવહાર (એવા) બે ભેદને ધારણ કરે છે. બાર પ્રકારના તપ, પરીષહસહનરૂપ તપ તે વ્યવહાર (તપ છે); તેનાથી કર્મની નિર્જરા ત્યારે જ થાય કે જ્યારે ઇચ્છાનો નિરોધ કરીને વર્તે, પર ઇચ્છા મટાડે (અને) સ્વરસને ભેટે. સાધનવડે સિદ્ધિ સાચા વ્યવહાર દ્વારા થાય છે. તેને નિષ્પન્ન રાખવાનું (જે) સામર્થ્ય, તેનું નામ વ્યવહારતપવીર્યશક્તિ છે; તેના પ્રભાવથી અનેક ઋદ્ધિઓ ઊપજે છે.

હવે નિશ્ચય તપવીર્યશક્તિનું સ્વરૂપ કહીએ છીએ :–

તપ એટલે તેજ; તેજ એટલે પોતાની તેજસ્વી અનંતગુણ ચેતનાની પ્રભાનો પ્રકાશ તેને નિષ્પન્ન રાખવાના સામર્થ્યનું નામ નિશ્ચયતપવીર્યશક્તિ કહીએ. જ્ઞાનચેતનાનો પ્રકાશ સ્વસંવેદન (રૂપ) તથા સ્વપરપ્રકાશક (રૂપ) [૧]નિજપ્રભાભારના વિકાસથી શોભિત તેજ (છે). એ જ પ્રકારે દર્શન નિરાકાર–ઉપયોગ (રૂપ) સર્વદર્શિત્વ(રૂપ), સામાન્ય ચેતનાના પ્રભાભારના પ્રકાશ (રૂપ) તેજ (છે) એ જ પ્રમાણે અનંત ગુણના તેજપુંજના પ્રભાભારનો પ્રકાશ (તે) દ્રવ્યનું તેજ (છે), પર્યાય સ્વરૂપના પ્રભાભારનો પ્રકાશ (તે પર્યાયનું) તેજ છે. એ પ્રમાણે દ્રવ્ય-ગુણ-પર્યાયના પ્રભાભારનો પ્રકાશ તે (નિશ્ચય) તપ કહીએ, તેને નિષ્પન્ન રાખવાનું (જે) સામર્થ્ય, તેનું નામ નિશ્ચય તપવીર્યશક્તિ કહીએ.

## ભાવવીર્ય

હવે ભાવવીર્યશક્તિ કહીએ છીએ :—જેના પ્રભાવથી વસ્તુ પ્રગટે તેને ભાવ કહીએ. વસ્તુનો સર્વ સ્વરસ ભાવ છે. ભાવ તે વસ્તુનો સ્વભાવ છે. વસ્તુનું વસ્તુપણું ભાવદ્વારા જાણીએ છીએ. જેમ અક્ષરાર્થ ભાવાર્થ વડે સફળ છે તેમ ભાવવડે વસ્તુ છે. વસ્તુનું ઉપાદાન અક્રમ-ક્રમ સ્વભાવભાવ છે; તેના ત્રણ ભેદ છે–દ્રવ્યભાવ, ગુણભાવ (અને) પર્યાયભાવ. (હવે) દ્રવ્યભાવ કહીએ છીએ–ગુણ–પર્યાયના ભાવના સમુદાયરૂપ દ્રવ્યભાવ કહીએ. ગુણના ભાવના અનંત ભેદ છે. જ્ઞાન દ્રવ્ય છે, જ્ઞાન–જાણવારૂપ શક્તિનો ભાવ–ગુણ છે (અને) જ્ઞેયાકાર પર્યાય દ્વારા જ્ઞાન થાય છે તે પર્યાય છે. (એ રીતે) ત્રણે (દ્રવ્ય-ગુણ-પર્યાય) જ્ઞાનના ભાવવડે સધાય છે. ભાવ–ગુણવડે ગુણી સધાય છે; તે (આ રીતે કે–) દ્રવ્યથી ભાવ છે, પણ ગુણથી ગુણી એમ કહેતાં ભાવથી જ દ્રવ્યની સિદ્ધિ (થાય છે);

૧. નિજપ્રભાભાર–નિજપ્રભાનો સમૂહ

પર્યાયની સિદ્ધિ પણ ભાવથી જ છે. ગુણનો શક્તિરૂપ ભાવ, ગુણ-પર્યાયરૂપ ભાવ, તેને ગુણભાવ કહીએ. પર્યાયમાં જે પરિણમનશક્તિનું જે લક્ષણ છે તે પર્યાયનો ભાવ છે. ગુણે ગુણનો ભાવ જુદો જુદો છે; પર્યાયનો વર્તમાનભાવ અતીતભાવ સાથે મળતો નથી, અતીત અનાગત સાથે, વર્તમાન અનાગત સાથે મળતો નથી (અને) અનાગત વર્તમાન (કે) અતીત સાથે મળતો નથી. જે પરિણામ વર્તમાન છે તેનો ભાવ તેમાં જ છે. (આ પ્રમાણે પોતાના) ભાવને નિષ્પન્ન રાખવાનું જે સામર્થ્ય તેનું નામ ભાવવીર્ય કહીએ.

# એક ગુણમાં સર્વ ગુણોનું રૂપ સંભવે છે

વસ્તુમાં અનંત ગુણો છે. તે એક એક ગુણમાં સર્વ ગુણોનું રૂપ સંભવે છે. કઈ રીતે? તે કહે છે, જો સત્તાગુણ છે તો સર્વે ગુણ છે; માટે સત્તા વડે સર્વે ગુણોની સિદ્ધિ થઈ. જો સૂક્ષ્મ(ત્વ) ગુણ છે તો સર્વે ગુણો સૂક્ષ્મ છે; જો વસ્તુત્વ ગુણ છે તો સર્વે (ગુણો) સામાન્ય-વિશેષતા સહિત છે; જો દ્રવત્વ ગુણ છે તો દ્રવ્યને દ્રવે છે– વ્યાપે છે; જો અગુરુલઘુત્વ ગુણ છે તો સર્વે ગુણો અગુરુલઘુ છે; જો અબાધિત ગુણ છે તો સર્વે ગુણો અબાધિત છે; જો અમૂર્તિક ગુણ છે તો સર્વે (ગુણો) અમૂર્તિક છે. આ પ્રમાણે એક એક ગુણ સર્વમાં છે (અને તે) સર્વની સિદ્ધિનું કારણ છે.

એકેક ગુણમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સાધીએ (જેમ કે) એક જ્ઞાન ગુણ છે. તેનું જ્ઞાનરૂપ તો દ્રવ્ય છે, તેનું (જાણપણારૂપ) લક્ષણ તે ગુણ છે, તેની પરિણતિ તે પર્યાય છે, આકૃતિ તે વ્યંજનપર્યાય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે–જે પરિણતિ તે પર્યાય છે, જ્ઞાન જ્ઞેયો વિષે પર્યાય વડે આવ્યું છે, તો પરિણતિ તો ન આવી! તો પર્યાય વડે (જ્ઞાન જ્ઞેયમાં) કઈ રીતે આવ્યું?

તેનું સમાધાન :–(જ્ઞાનની) પરિણતિ અભેદરૂપે અથવા તાદાત્મ્યરૂપે (તો જ્ઞેયમાં) આવી નથી, પરંતુ પર્યાયની શક્તિ (જ્ઞેયમાં) ઉપચાર પરિણતિથી પરિણમી છે; ઉપચારથી (તેને) જ્ઞેયાકાર કહીએ. દ્રવ્ય-ગુણ-પર્યાય વસ્તુના છે. જે વસ્તુનું સત્ છે તે જ જ્ઞાનનું સત્ છે, કેમ કે જે અસંખ્ય પ્રદેશ વસ્તુના છે તે જ (પ્રદેશો) જ્ઞાનના છે. તેથી અભેદ સત્તાની અપેક્ષાએ અભેદ ગુણ-પર્યાયની સિદ્ધિ થઈ. ભેદ

(અપેક્ષા)માં જ્ઞાનરૂપ દ્રવ્ય, (જાણપણા) લક્ષણ ગુણ અને તેની પરિણતિ તે પર્યાય (એમ) ભેદવડે (ત્રણે) સધાય છે. ઉપચારથી સમસ્ત જ્ઞેયના દ્રવ્ય-ગુણ-પર્યાય જ્ઞાનમાં આવે છે. ઉપચારના અનેક ભેદ છે તે કહીએ છીએ :—

[૧] સ્વજાતિ ઉપચાર, [૨] વિજાતિ ઉપચાર અને [૩] સ્વજાતિ–વિજાતિ ઉપચાર. દ્રવ્યમાં ત્રણે ઉપચાર, ગુણમાં ત્રણે ઉપચાર, પર્યાયમાં ત્રણે ઉપચાર (એમ) નવ ભેદ થયા. નવ સ્વજાતિ, નવ વિજાતિ, નવ સ્વજાતિ–વિજાતિ, નવ સામાન્ય (–એ પ્રમાણે) છત્રીશ ભેદ જ્ઞાનમાં આવે ત્યારે જ્ઞાનમાં સધાય છે, જ્ઞાન અને દર્શન (એ બંને) ગુણો ચેતનાની અપેક્ષાએ સ્વજાતિ છે, લક્ષણ અપેક્ષાએ ઉપચારથી વિજાતિ છે (અને) બંને અપેક્ષા (સાથે લેતાં) સ્વજાતિ–વિજાતિ છે એક ગુણ દ્રવ્ય-ગુણ-પર્યાયને સાધે; (તથા) સ્વજાતિ, વિજાતિ અને મિશ્ર–એ સાધે ત્યારે અનંત ગુણોમાં છત્રીસ-છત્રીસ ભેદ ઉપચારથી સધાય છે.

[જૈન સિદ્ધાંત દર્પણમાં આ સંબંધી નીચે પ્રમાણે વર્ણન છે–] એક પ્રસિદ્ધ ધર્મનો બીજામાં આરોપ કરવો તે અસદ્‌ભૂત વ્યવહારનો વિષય છે; તેના ત્રણ ભેદ છે :—

૧–સજાતિ ઉપચાર, ૨–વિજાતિ ઉપચાર,

૩–સજાતિ વિજાતિ ઉપચાર.

એ ત્રણેમાંથી દરેકના નવ નવ ભેદ થાય છે; તે આ પ્રમાણે :—

૧. દ્રવ્યમાં દ્રવ્યનો આરોપ, ૨. દ્રવ્યમાં ગુણનો આરોપ, ૩. દ્રવ્યમાં પર્યાયનો આરોપ, ૪. ગુણમાં ગુણનો આરોપ, ૫. ગુણમાં દ્રવ્યનો આરોપ, ૬. ગુણમાં પર્યાયનો આરોપ, ૭. પર્યાયમાં પર્યાયનો આરોપ, ૮. પર્યાયમાં ગુણનો આરોપ, ૯. પર્યાયમાં દ્રવ્યનો આરોપ. તેમાં સજાતિ દ્રવ્ય-ગુણ-પર્યાયનો એક બીજામાં આરોપ કરવો તે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સજાતિ ઉપચાર છે. જેમ કે ચંદ્રના પ્રતિબિંબને ચંદ્ર કહેવો તે સજાતિ પર્યાયનો સજાતિ પર્યાયમાં આરોપ છે.

વિજાતિ દ્રવ્ય-ગુણ-પર્યાયનો એક બીજામાં આરોપ કરવો તે વિજાતિ ઉપચાર છે. જેમકે જ્ઞાનને મૂર્ત કહેવું તે વિજાતિ ગુણનો વિજાતિ ગુણમાં ઉપચાર છે. સજાતિ–વિજાતિ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આરોપ કરવો તે સજાતિ-વિજાતિ ઉપચાર છે, જેમ કે જીવ–અજીવરૂપ જ્ઞેયો જ્ઞાનનો વિષય હોવાથી તેને જ્ઞાન કહેવું તે સજાતિ–વિજાતિ દ્રવ્યમાં સજાતિ–વિજાતિ ગુણનો આરોપ છે. [જુઓ જૈનસિદ્ધાંત દર્પણ પૃ. ૩૨-૩૩]

ભેદ-અભેદવડે દ્રવ્ય-ગુણ-પર્યાય સધાય છે, એમ જાણવું. એક જ્ઞાન પોતાના સ્વભાવનું કર્તા છે, જ્ઞાનનો ભાવ તે કર્મ છે, જ્ઞાન પોતાના ભાવવડે પોતાને સાધે છે તેથી પોતે કરણ છે. પોતાનો સ્વભાવ પોતાને સોંપે છે તેથી પોતે સંપ્રદાન છે. પોતાના ભાવમાંથી પોતાને પોતે સ્થાપે છે તેથી અપાદાન પોતે છે, પોતાનો આધાર પોતે છે તેથી અધિકરણ પોતે છે. (એ પ્રમાણે) આ જ છ કારકો એકેક ગુણમાં જુદા જુદા અનંત ગુણ પર્યંત સાધવા.

ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે ગુણે ગુણમાં સાધીએ છીએ, સૂક્ષ્મ (ત્વ) ગુણ છે, તેના અનંત પર્યાયો છે. જ્ઞાનસૂક્ષ્મ, દર્શનસૂક્ષ્મ, અનંત ગુણ સૂક્ષ્મ, [તે સૂક્ષ્મત્વ ગુણના પર્યાયો છે]. એક ગુણસૂક્ષ્મની મુખ્યતાનો ઉત્પાદ બીજા ગુણની ગૌણતારૂપ સૂક્ષ્મનો વ્યય અને સૂક્ષ્મ (ત્વ) સત્તાવડે ધ્રુવ–એ પ્રમાણે સૂક્ષ્મ (ત્વ-ગુણ)માં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ઉતર્યા. એ રીતે સર્વે ગુણોમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સધાય છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# પરિણામશક્તિના ભેદ

હવે, વસ્તુ વિષે પરિણામશક્તિનું વર્ણન કરીએ છીએ :—

ગુણસમુદાય દ્રવ્ય છે, તે દ્રવ્ય પોતાના ગુણ-પર્યાય સ્વભાવવડે ઉત્પાદ-વ્યય-ધ્રુવથી આલિંગિત છે.[૧] ગુણરૂપ સત્તાના બે ભેદ છે–એક સાધારણ, એક અસાધારણ. દ્રવ્યત્વ આદિ સાધારણ, જ્ઞાનાદિ અસાધારણ સત્તા છે. જ્ઞાન-દર્શનાદિ વિશેષ ગુણોના સત્ત્વથી જીવ પ્રગટ્યો (અર્થાત્ જણાયો) ત્યારે (જીવના) વસ્તુત્વ વગેરે સર્વે ગુણો જણાયા. માટે અસાધારણ વડે સાધારણ છે. સાધારણ વડે અસાધારણ છે. એ સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાના યથાઅવસ્થિતપણાવડે સ્વચ્છ થયા, ત્યારે પરના અભાવને લીધે અભાવશક્તિરૂપ થયા. નિજ વસ્તુનો સકળ ભાવ પરના અભાવ વડે ચિદ્વિલાસથી શોભિત સ્વરસથી ભરેલો, ત્યાગઉપાદાનશૂન્ય, સકળ કર્મનો અકર્તા, (તથા) અભોક્તા, સર્વકર્મમુક્ત આત્મપ્રદેશ, સહજ મગ્ન, પરમૂર્તિ રહિત અમૂર્તરૂપ, ષટ્કારકરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ, સંજ્ઞા-સંખ્યા-લક્ષણ-પ્રયોજનાદિ રૂપ નિત્યાદિ સ્વભાવરૂપ, સાધારણાદિ ગુણરૂપ (તથા) અન્યોન્ય ઉપચારાદિ રૂપ–એવા અનંત ભેદ–અભેદ (રૂપ) છે. (તેમાં) સામાન્ય-વિશેષ આદિ અનંત નયોથી, અનંત વિવક્ષાઓથી અનંત સપ્તભંગ સાધવા.

અનાદિઅનંત, અનાદિસાંત, સાદિશાંત અને સાદિ અનંત–એ ચાર ભંગ સર્વે ગુણોમાં લાગુ પડે છે. તે કહીએ છીએ :– પ્રથમ જ્ઞાનમાં સાધીએ છીએ.

---

૧. જુઓ, સમયસાર ગુજ. પૃ. ૫૦૪

(૧) જ્ઞાન વસ્તુથી અનાદિ અનંત છે.

(૨) જ્ઞાન દ્રવ્યથી અનાદિ, પર્યાયથી સાંત, (એ રીતે) અનાદિસાંત છે.

(૩) જ્ઞાન પર્યાયથી સાદિસાંત છે.

(૪) પર્યાયથી જ્ઞાન સાદિ, દ્રવ્યથી અનંત છે, તેથી સાદિ અનંત છે.

એ પ્રમાણે દર્શનમાં એ જ રીત જાણો. સત્તામાં (એ ચાર પ્રકાર) સાધીએ છીએ :—

(૧) દ્રવ્યે સત્તા અનાદિઅનંત,

(૨) દ્રવ્યે સત્તા અનાદિ, પર્યાયે સત્તા સાંત (એ રીતે સત્તા) અનાદિસાંત;

(૩) પર્યાયે સત્તા સાદિસાંત;

(૪) પર્યાયે સત્તા સાદિ, દ્રવ્યે સત્તા તથા ગુણે સત્તા અનંત. (એ રીતે સત્તા) સાદિઅનંત છે.

આ પ્રમાણે (સત્તામાં ચાર ભંગ) સાધતાં પ્રશ્ન ઊઠે છે કે સત્તા તો 'છે' લક્ષણવાળી છે, સાદિસાંતમાં (તો) સત્તાનો અભાવ થાય છે; ત્યાં, (સત્તાનું) 'છે' (એવું) લક્ષણ રહેતું નથી.

તેનું સમાધાન કરીએ છીએ—પર્યાય સમયસ્થાયી છે, તેની સત્તા પણ સમય માત્રની કાળમર્યાદા સુધી 'છે' લક્ષણ સહિત છે. અનાદિઅનંતનો કાળ ઘણો છે તેથી પર્યાયમાં તે સંભવતો નથી. પર્યાય સમયસ્થાયી ન હોય તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સમયમાં સિદ્ધ ન થાય; તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ વિના સત્તા હોય નહિ, સત્તાનો નાશ થતાં વસ્તુનો નાશ થાય. માટે પર્યાયની મર્યાદા સમય(પૂરતી) હોવાથી (સત્તાનું) સાદિસાંતપણું સિદ્ધ થયું, આ સર્વે પરિણામશક્તિના ભેદ છે. આમાં સર્વે ગર્ભિત છે તેથી તેના જ ભેદ છે.

# પ્રદેશત્વશક્તિ

આત્મા વિષે પ્રદેશત્વશક્તિ છે, તેનું વર્ણન કરીએ છીએ.

સંસાર અવસ્થામાં અનાદિ સંસારથી પ્રદેશ–કાયા સંકોચ વિસ્તાર (પામે છે), મુક્ત થતાં ચરમ શરીરથી કિંચિત્ ઊણા આકારને ધરે* છે. તે એકેક પ્રદેશમાં અનંત ગુણો છે, એવા લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશો છે. અભેદવિવક્ષામાં 'પ્રદેશત્વ', ભેદવિવક્ષામાં 'અસંખ્ય', (તથા) વ્યવહારમાં 'દેહપ્રમાણ' કહીએ. તેમજ અવસ્થાન વિવક્ષાથી લોકાગ્ર અવસ્થાનરૂપ થઈને નિવાસ કરે છે. એકેક પ્રદેશની ગણતરી કરતાં અસંખ્ય (પ્રદેશો) છે.

અહીં કોઈ **પ્રશ્ન** કરે છે કે–જિનાગમમાં '**लोकप्रमाणप्रदेशो हि निश्चयेन जिनागमे**' આ પ્રમાણે કહ્યું છે. આ ભેદમાં અસંખ્ય કહેતાં નિશ્ચય સિદ્ધ થતો નથી, (કેમકે) નિશ્ચયમાં ભેદ સિદ્ધ થાય નહિ?

**તેનું સમાધાન** :–ભેદથી અસંખ્ય (પ્રદેશ હોવાનું) પ્રમાણ કર્યું, તેનાથી ઓછા કે વધારે (પ્રદેશો) નથી–આ નિયમરૂપ નિશ્ચય જાણવો.[1]

કોઈ **પ્રશ્ન** કરે છે કે–એક પ્રદેશમાં અનંત ગુણો છે તે સર્વ પ્રદેશોમાં છે. (જે અનંત ગુણો છે) તે (એક પ્રદેશમાં) આખા આવ્યા કે ઓછા આવ્યા?

**તેનું સમાધાન** :–સર્વ પ્રદેશોમાં જ્ઞાન છે. પ્રદેશ જુદા જુદા

* જુઓ, સમયસાર ગુજ૦ પૃ. ૫૦૫

૧. જુઓ, દ્રવ્યસંગ્રહ ગા. ૧૦.

માનવાથી જ્ઞાન જુદું જુદું થઈ જાય; જ્ઞાનપ્રમાણ આત્મા દ્રવ્ય છે તે પણ જુદો જુદો થઈ જાય, એ રીતે વિપરીત થાય છે; માટે વસ્તુમાં અંશકલ્પના નથી (તેમ જ) ગુણમાં પણ (અંશકલ્પના) નથી. પરંતુ પરમાણુમાત્ર ગજથી વસ્તુના પ્રદેશ ગણીએ ત્યારે એટલા (–અસંખ્ય) છે–એમ કહીએ છીએ. (પરંતુ) જેમ પ્રદેશોનું એકત્વ તે વસ્તુનું સ્વરૂપ છે તેમ જ્ઞાનસ્વરૂપ છે.

ક્રમના બે ભેદ છે–(૧) વિષ્કંભક્રમ અને (૨) પ્રવાહક્રમ[1]; વિષ્કંભક્રમ પ્રદેશોમાં છે ને પ્રવાહક્રમ પરિણામમાં છે. દ્રવ્યમાં ક્રમભેદ નથી, વસ્તુના અંગ જ એવા ભેદને ધારણ કરે છે. પણ અંગમાં ક્રમભેદ છે, વસ્તુમાં નથી. જેમ નરના અંગમાં ક્રમભેદ છે (પણ) નરમાં નથી; એ પ્રકારે જાણવું. જેમ અરીસામાં પ્રકાશ છે, (ત્યાં) આખા અરીસામાં (જેવો પ્રકાશ) છે તેવો જ અરીસાના એક પ્રદેશમાં છે. તે પ્રદેશ અરીસામાં જુદો તો નથી પણ (જ્યારે) પરમાણુમાત્ર પ્રદેશને કલ્પીએ ત્યારે તે પ્રદેશમાં જાતિશક્તિ તો તેવી (અરીસા જેવી) જ છે, પરંતુ સંપૂર્ણ વસ્તુ બધા પ્રદેશોનું નામ પામે છે. એ પ્રકારે જાતિ–શક્તિ ભેદથી તો પ્રદેશમાં ગુણ આવ્યો, પરંતુ સંપૂર્ણ આત્મવસ્તુ તો અસંખ્ય પ્રદેશમય છે; એક પ્રદેશ લોકાલોકને જાણે તે જ સર્વ પ્રદેશો જાણે, પરંતુ સર્વ પ્રદેશોનો એકત્વભાવ તે વસ્તુ છે.

અહીં કોઈ **પ્રશ્ન** કરે છે કે–એક ગુણના અનંત પર્યાયો છે; એક પ્રદેશમાં એક ગુણ છે તેમાં અનંત પર્યાયો કઈ રીતે આવ્યા?

**તેનું સમાધાન**–એક પ્રદેશમાં સૂક્ષ્મ[ત્વ] ગુણ છે તેમ જ અનંત ગુણો છે, તે સર્વે સૂક્ષ્મ છે; તેથી સૂક્ષ્મગુણના સર્વે પર્યાયના જાતિભેદ–શક્તિભેદ એક છે એમ આવ્યું.

વસ્તુનો એક ગુણ છે તે વસ્તુમાં વ્યાપક છે (અને) વસ્તુ સર્વે ગુણોમાં વ્યાપક છે. તેથી સૂક્ષ્મ[ત્વ] ગુણ પણ પોતાના પર્યાયવડે સર્વે

૧. જુઓ પ્રવચનસાર ગા. ૧૪૧.

ગુણોમાં વ્યાપક છે, અખંડિત છે. (જો) એક ગુણને ખંડખંડ પર્યાયવડે જુદો જુદો વ્યાપક કહેવામાં આવે તો સૂક્ષ્મ[ત્વ ગુણ] અનંત થઈ જાય. એક ન રહે; એમ થતાં દ્રવ્ય અનંત થઈ જાય. [પરંતુ] ગુણદ્રવ્ય એક છે તેથી સર્વ પ્રદેશરૂપ વસ્તુ છે તેમ જ ગુણ [પણ સર્વપ્રદેશરૂપ] છે. [જેમ] એક ગુણ તો સર્વે ગુણોમાં પોતાનું રૂપ ધરે છે (અને) વ્યાપક છે તેમ એક પ્રદેશ સર્વે પ્રદેશોમાં વ્યાપક નથી. એક પ્રદેશનું અસ્તિત્વ એક પ્રદેશમાં છે ને બીજાનું બીજામાં છે. પરંતુ ચેતનાના અભિન્નપણાને લીધે સર્વે પ્રદેશો અભિન્નસત્તારૂપ છે. એક વસ્તુના પ્રદેશ પરસ્પર *અનુસ્યુતિરૂપ અભેદ છે. પ્રદેશના સ્વરૂપનો નિર્ણય કરવા માટે કથનમાં તો ભેદ કહ્યો પરંતુ (સર્વે પ્રદેશોની) જાતિશક્તિ–સત્તા–પ્રકાશ વગેરે અભેદ છે. એક સૂક્ષ્મ(ત્વ) ગુણ છે તે સર્વે પ્રદેશોમાં પોતાના સંપૂર્ણ અસ્તિત્વને ધારણ કરે છે. તેનામાં સંપૂર્ણતા છે (એટલે) સર્વે ગુણોને સંપૂર્ણ સૂક્ષ્મ કર્યા, વસ્તુમાં જેટલા પ્રદેશો કહ્યા તેમાં તે એકેક પ્રદેશનો સૂક્ષ્મત્વગુણ જુદો ન કહીએ, (કેમ કે) એ પ્રમાણે સૂક્ષ્મ(ત્વ) ગુણ જુદો કહેતાં તો ગુણખંડ થઈ જાય. માટે (સર્વ પ્રદેશોમાં) અભેદ પ્રકાશ છે. તેમાં ભેદ અંશકલ્પના (હોવા) છતાં અભેદ છે; પ્રદેશો–અવયવોનો પુંજ છે તે એક વસ્તુની સિદ્ધિ કરે છે. આ પ્રદેશોમાં [૧]સર્વજ્ઞત્વ અને સર્વદર્શિત્વશક્તિ છે એ પ્રદેશો પોતાના યથાવત્ સ્વભાવરૂપ છે તેથી તે [૨]‘તત્ત્વ’શક્તિને ધારણ કરે છે (અને) પરપ્રદેશોરૂપ થતા નથી તેથી [૩]‘અતત્ત્વ’ શક્તિને ધારણ કરે છે, (તેમ જ તે પ્રદેશો) જડતા રહિત [હોવાથી] [૪]ચૈતન્ય શક્તિને ધારણ કરે છે.–ઈત્યાદિ અનંત શક્તિઓને એ પ્રકારે ધરે છે. [એ રીતે] પ્રદેશશક્તિ અનંત મહિમાને ધરે છે.

❋ ❋ ❋

* પ્રવચનસાર ગા. ૯૯ ટીકા.

૧. સમયસાર ગુજ. પૃ. ૫૦૪;

૨–૩ સમયસાર ગુજ. પૃ. ૫૦૫;

૪. જુઓ, ગુજ. સમયસાર. પૃ. ૫૦૩.

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિલાસ

સત્તાના આધારે સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાય છે, તેથી સત્તા જ સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયના રૂપનો વિલાસ કરે છે.

કોઈ પ્રશ્ન કરે કે સત્તા તો 'છે' લક્ષણવાળી છે, (તે) વિલાસ કઈ રીતે કરે છે?

તેનું સમાધાન :—દ્રવ્યનો વિલાસ દ્રવ્ય કરે, ગુણનો (વિલાસ) ગુણ કરે, (અને) પર્યાયનો (વિલાસ) પર્યાય કરે; (પરંતુ) એ ત્રણેના વિલાસનો અસ્તિભાવ સત્તા વડે છે, તેથી સત્તા જ (તેનો વિલાસ) કરે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિલાસ જ્ઞાનમાં આવ્યો; જ્ઞાનના વેદનપણાને લીધે જ્ઞાન જ એ ત્રણેનો વિલાસ કરે છે. એ જ પ્રમાણે દર્શનમાં પણ (તે વિલાસ) આવ્યો, (તેથી) દર્શન સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયના રૂપનો વિલાસ કરે છે. પરિણામ સર્વને વેદીને રસાસ્વાદ લે છે, તેથી પર્યાય સર્વનો વિલાસ કરે છે. આ પ્રમાણે, અનંત ગુણો છે. એકેક ગુણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેનો વિલાસ કરે છે.

# ભાવભાવશક્તિ

સમસ્ત પદાર્થોના સમસ્ત વિશેષોને જ્ઞાન જાણે, છે તેમ જ પૂર્વે જાણ્યું હતું ને ભવિષ્યમાં જાણશે એ (જ્ઞાન)શક્તિ જે પૂર્વે હતી તે જ શક્તિ ભવિષ્યમાં રહે છે, તેથી જ્ઞાનમાં ભાવભાવશક્તિ છે. આ પ્રમાણે દર્શનમાં જે ભાવ પૂર્વે હતો તે જ ભવિષ્યમાં રહે છે તેથી ભાવભાવશક્તિ દર્શનમાં પણ છે. જ્ઞાનમાં, દર્શનમાં એ પ્રમાણે અનંત ગુણોમાં ભાવભાવશક્તિ છે. સર્વે ગુણનો ભાવ એક એક ગુણમાં છે તેથી એક પોતાના ભાવથી સર્વે ગુણનો ભાવ છે અને સર્વે ગુણોના ભાવથી એક ગુણનો ભાવ છે, માટે ભાવભાવશક્તિ ગુણોમાં છે. એક ગુણમાં દ્રવ્ય-પર્યાયનો ભાવ છે અને દ્રવ્ય-પર્યાયના ભાવમાં ગુણનો ભાવ છે તેથી ભાવભાવશક્તિ સર્વે કહીએ. એકેક ભાવમાં અનંતભાવ છે અને અનંતભાવમાં એક ભાવ છે. વસ્તુનો સદ્ભાવ પ્રગટવો તે ભાવ છે; એક ભાવમાં અનંત રસનો વિલાસ છે. વિલાસના પ્રભાવને પ્રગટપણે (વસ્તુ) ધારણ કરે છે, વસ્તુમાં જ અનેક અંગનું વર્ણન જિનદેવ બતાવે છે.

વસ્તુમાં અનંત ગુણ છે, એક એક ગુણમાં અનંત શક્તિ(રૂપ) પર્યાય છે, પર્યાયમાં સર્વે ગુણનું વેદન છે, વેદવામાં અવિનાશી સુખરસ છે. એ સુખરસના પીવાથી ચિદાનંદ અજર અમર થઈને નિવાસ કરે છે.

---

* જુઓ સમયસાર ગુજ. પૃ. ૫૦૫

# એક સમયનાં કારણ-કાર્યમાં ત્રણ ભેદ

સમય સમય(નાં) કારણ કાર્યદ્વારા આનંદનો વિલાસ થાય છે. તે કારણકાર્ય પરિણામથી છે. પૂર્વ પરિણામ કારણ છે તે ઉત્તર પરિણામ(રૂપ) કાર્યને કરે છે. તે એક જ કારણકાર્યમાં ત્રણ ભેદ સધાય છે, તે કહીએ છીએ. જેમ ષટ્ગુણી વૃદ્ધિ–હાનિ એક સમયમાં સધાય તેમ એક વસ્તુના પરિણામમાં ભેદ કલ્પનાદ્વાર વડે કારણકાર્યના ત્રણ ભેદ સાધીએ છીએ. (તે આ પ્રમાણે–) દ્રવ્ય કારણકાર્ય, ગુણ કારણકાર્ય અને પર્યાય કારણકાર્ય. પ્રથમ દ્રવ્યના કારણકાર્ય કહીએ છીએ :—

## દ્રવ્યના કારણકાર્ય

(૧) દ્રવ્ય પોતે જ પોતાના સ્વભાવથી પોતાનું કારણ છે અને પોતે જ કાર્યરૂપ છે; અથવા,

(૨) ગુણ-પર્યાય તે દ્રવ્યનું કારણ છે (અને દ્રવ્ય કાર્ય છે.) [૧]ગુણ પર્યાયવાન્ દ્રવ્ય આવું સૂત્રનું વચન છે;

(૩) પૂર્વ પરિણામ યુક્ત દ્રવ્ય કારણ છે અને ઉત્તર પરિણામ યુક્ત દ્રવ્ય કાર્ય છે; [૨]અથવા

(૪) 'સત્' કારણ છે અને દ્રવ્ય કાર્ય છે; અથવા

(૫) 'द्रवत्वयोगात् द्रव्य' (એટલે કે દ્રવત્વના યોગથી દ્રવ્ય છે)– દ્રવત્વગુણ કારણ છે અને દ્રવ્ય કાર્ય છે.

---

૧. જુઓ તત્ત્વાર્થ સૂત્ર ૫–૩૮.

૨. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગા. ૨૨૨; ૨૩૦.

દ્રવ્યનાં કારણકાર્ય દ્રવ્યમાં જ છે, કેમ કે દ્રવ્ય પોતે જ પોતાના કારણરૂપ સ્વભાવપણે પરિણમીને પોતાના કાર્યને પોતે જ કરે છે. દ્રવ્યમાં જો કારણકાર્ય ન હોય તો દ્રવ્યપણું કેવી રીતે રહે? માટે સંસારમાં જેટલા પદાર્થો છે તે તે સર્વે પોતપોતાનાં કારણ-કાર્યને કરે છે. તેથી જીવદ્રવ્યનાં કારણકાર્યવડે જીવનું સર્વસ્વ પ્રગટે છે. જે કાંઈ છે તે કારણ-કાર્ય જ છે (અર્થાત્ કારણ કાર્યમાં બધું આવી જાય છે).

હવે ગુણના કારણ કાર્ય કહીએ છીએ :—

## ગુણનાં કારણકાર્ય

(૧) દ્રવ્ય-પર્યાય તે ગુણનું કારણ છે અને ગુણ કાર્ય.

(૨) કેવળ દ્રવ્ય-પર્યાય (ગુણનું) કારણ છે એટલું જ નહિ પરંતુ ગુણ પણ ગુણનું કારણ છે અને ગુણ જ કાર્ય છે. એક સત્તાગુણ સર્વે ગુણોનું કારણ છે અને સર્વે ગુણો (તેનું) કાર્ય છે. એક સૂક્ષ્મ(ત્વ) ગુણ સર્વે ગુણોનું કારણ છે અને સર્વે ગુણો કાર્ય છે. એક અગુરુલઘુ ગુણ સર્વે ગુણોનું કારણ છે અને સર્વે ગુણો કાર્ય છે એક પ્રદેશત્વગુણ સર્વે ગુણોનું કારણ છે અને સર્વે ગુણો કાર્ય છે, આ જ પ્રકારે એકેક ગુણ સર્વે ગુણોનું કારણ છે અને સર્વે ગુણો કાર્ય છે.

(૩) હવે તે જ ગુણનાં કારણ (કાર્ય) તેમાં કહીએ છીએ :— સત્તાનું નિજ કારણ સત્તામાં જ છે; સત્તા, દ્રવ્ય-ગુણ-પર્યાયનાં હોવાપણારૂપ લક્ષણવાળી છે, તેથી ઉત્પાદ-વ્યય-ધ્રુવ કે જે સત્તાનું લક્ષણ છે તે–સત્તાનું કારણ છે અને સત્તા કાર્ય છે. એ જ પ્રમાણે અગુરુલઘુત્વગુણ નિજકારણવડે નિજકાર્યને કરે છે. તે અગુરુલઘુત્વગુણનો વિકાર (પરિણમન) ષટ્‌ગુણી વૃદ્ધિ-હાનિ છે; એ વૃદ્ધિ-હાનિવડે જ અગુરુલઘુકાર્ય નીપજ્યું છે, તેથી અગુરુલઘુ પોતે પોતાનું જ કારણ છે. આ પ્રમાણે સર્વે ગુણો પોતપોતાનું કારણ છે અને પોતાના કાર્યને પોતે જ કરે છે. 'અન્ય ગુણનિમિત્તકારણગ્રાહક

નય'ની વિવક્ષાથી અન્ય ગુણના કારણથી અન્ય ગુણનું કાર્ય થાય છે; 'અન્યગુણગ્રાહક-નિરપેક્ષ, કેવળ 'નિજગુણગ્રાહકનય'ની વિવક્ષાથી નિજ ગુણ પોતે જ નિજનાં કારણકાર્યને કરે છે.

દ્રવ્ય વિના ગુણ હોય નહિ, માટે ગુણકાર્યનું દ્રવ્ય કારણ છે; પર્યાય ન હોય તો ગુણરૂપ કોણ પરિણમે? માટે પર્યાય કારણ છે, ગુણ કાર્ય છે. એ પ્રમાણે ગુણકારણકાર્યના અનેક ભેદ છે.

હવે પર્યાયના કારણકાર્ય કહીએ છીએ :—

## પર્યાયનાં કારણકાર્ય

(૧) દ્રવ્ય (તથા) ગુણ તે પર્યાયનું કારણ છે અને પર્યાય કાર્ય છે; કેમ કે દ્રવ્ય વિના પર્યાય હોય નહિ,—જેમ સમુદ્ર વિના તરંગ હોતાં નથી તેમ આ પ્રમાણે પર્યાયનો આધાર દ્રવ્ય છે, દ્રવ્યમાંથી જ પરિણતિ ઉઠે છે. (આલાપપદ્ધત્તિમાંના પર્યાય અધિકારમાં) કહ્યું છે કે–

**अनाद्यनिधने द्रव्ये स्वपर्यायाः प्रतिक्षणं।**
**उन्मज्जंति निमज्जंति जलकल्लोलवज्जले।।**

(અર્થ :—જળમાં જળના કલ્લોલોની સમાન અનાદિનિધન દ્રવ્યમાં દ્રવ્યના નિજ પર્યાયો પ્રત્યેક સમયમાં ઉત્પન્ન થાય છે તથા નષ્ટ થાય છે.) આ પ્રમાણે પર્યાયનું કારણ દ્રવ્ય છે.

(૨) હવે ગુણ તે પર્યાયનું કારણ છે એ કહીએ છીએ :— ગુણોનો સમુદાય દ્રવ્ય છે; ગુણ વિના દ્રવ્ય ન હોય, અને દ્રવ્ય વિના પર્યાય ન હોય,–એ રીતે ગુણ તે પર્યાયનું કારણ છે.–એક તો આ વિશેષણ (–પ્રકાર) છે. અને બીજું ગુણ વિના ગુણપરિણતિ ન હોય માટે ગુણ, પર્યાયનું કારણ છે. ગુણ પર્યાય (રૂપે) પરિણમે છે ત્યારે ગુણપરિણતિ (એવું) નામ પામે છે, માટે ગુણ કારણ છે અને પર્યાય કાર્ય છે.

(૩) પર્યાયનું કારણ પર્યાય જ છે. ગુણ વિના જ (અર્થાત્ ગુણની અપેક્ષા વગર જ) પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે; પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે, પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે, પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે. અથવા,

(૪) ઉત્પાદ-વ્યય કારણ છે (ને પર્યાય કાર્ય છે). કેમ કે ઉત્પાદ-વ્યયવડે પર્યાય જાણવામાં આવે છે માટે તે પર્યાયનું કારણ છે અને પર્યાય (તેનું) કાર્ય છે.

એ પ્રમાણે કાર્ય–કારણના ભેદ છે. વસ્તુનો સર્વરસ સર્વ સ્વકારણ કાર્ય જ છે કારણ કાર્ય જાણ્યા તેણે સર્વે જાણ્યું, આ પરમાત્માને અનંત ગુણો છે, અનંત શક્તિ છે, અનંત ગુણોના અનંતાઅનંત પર્યાયો છે, અનંત ચેતના-ચિહ્નમાં અનંત, અનંતાઅનંત સપ્ત ભંગ સધાય છે. આ વગેરે પ્રકારે વસ્તુનો અનંત મહિમા છે. તે (મહિમાને) કોઈ ક્યાં સુધી કહે? માટે જેઓ સંત છે તેઓ સ્વરૂપના અનુભવ(રૂપી) અમૃતરસ પીને અમર થાઓ.

સહજ ચિદાનંદ.

# પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે–હે પ્રભો! એવા પરમાત્માનું સ્વરૂપ કઈ રીતે પામીએ? તે કહો. ત્યારે તે શિષ્યને પરમાત્માને પામવાના નિમિત્તે હવે કથન કરીએ છીએ. (જીવ) અંતરાત્મા થઈને પરમાત્માને ધ્યાવે છે.[1] તે અંતરાત્મા(પણું) ચોથા ગુણસ્થાનથી શરૂ કરીને બારમા ગુણસ્થાન સુધી છે. તેનું કથન સંક્ષેપથી લખીએ છીએ.

ચોથા ગુણસ્થાનવાળો જીવ શ્રી સર્વજ્ઞે કહેલા વસ્તુસ્વરૂપને ચિંતવે છે, તેને સમ્યક્ત્વ થયું છે તે સમ્યક્ત્વના ૬૭ ભેદ છે. તે કહીએ છીએ.

## સમ્યક્ત્વના ૬૭ પ્રકાર

(૧–૪) પ્રથમ, શ્રદ્ધાનના ચાર ભેદ છે તેના પ્રથમ, પરમાર્થસંસ્તવન, ૧; બીજો મુનિત પરમાર્થ ૨. ત્રીજો યતિજનસેવા ૩; અને ચોથો, કુદૃષ્ટિપરિત્યાગ ૪. એ ચાર ભેદમાંથી પહેલો ભેદ કહીએ છીએ.

**૧. (પરમાર્થસંસ્તવ)** સાત તત્ત્વો છે. તેમનું સ્વરૂપ જ્ઞાતા ચિંતવે છે. ચેતના લક્ષણ, દર્શનજ્ઞાનરૂપ ઉપયોગ–આદિ અનંત શક્તિ સહિત અનંત ગુણોથી શોભિત મારું સ્વરૂપ છે; અનાદિથી પરસંયોગ સાથે મળ્યો છે, તો પણ (મારો) જ્ઞાન ઉપયોગ મારા સ્વરૂપમાં જ્ઞેયાકાર થાય છે, પર જ્ઞેયરૂપ થતો નથી; (મારી) જ્ઞાનશક્તિ અવિકારરૂપ અખંડિત રહે છે. જ્ઞેયોનું અવલંબન કરે છે, (પણ) નિશ્ચયથી પર જ્ઞેયોને સ્પર્શતું નથી; (ઉપયોગ) પરને દેખતો (હોવા) છતાં અણદેખતો છે, પરાચરણ કરવા છતાં અકર્તા છે–એવા ઉપયોગના પ્રતીતિભાવને શ્રદ્ધે છે. અજીવાદિ

૧. મોક્ષ પ્રભૃત ૭.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પદાર્થોને હેય જાણીને શ્રદ્ધા કરે છે. વારંવાર ભેદજ્ઞાન વડે સ્વરૂપચિંતન કરીને સ્વરૂપની શ્રદ્ધા થઈ, તેનું નામ પરમાર્થસંસ્તવ કહીએ.

૨. **(મુનિતપરમાર્થ)**–જિનાગમ–દ્રવ્યસૂત્ર–દ્વારા અર્થને જાણીને જ્ઞાનજ્યોતિનો અનુભવ થયો, તેને મુનિતપરમાર્થ કહીએ.

૩. **(યતિજનસેવા)**–વીતરાગ સ્વસંવેદનદ્વારા શુદ્ધ સ્વરૂપનો રસાસ્વાદ થયો, તે વિષે પ્રીતિ–ભક્તિ–સેવા, તેને યતિજનસેવા કહીએ.

૪. **(કુદૃષ્ટિપરિત્યાગ)**–પરાલંબી બહિર્મુખ મિથ્યાદૃષ્ટિ જનોના ત્યાગને કુદૃષ્ટિપરિત્યાગ કહીએ.

(૫–૭) હવે સમ્યક્ત્વનાં ત્રણ ચિહ્નો કહીએ છીએ—

૧. **(જિનાગમશુશ્રૂષા)**–અનાદિની મિથ્યાદૃષ્ટિને છોડીને, જિનાગમમાં કહેલ જ્ઞાનમય સ્વરૂપને પામીએ, (તેમાં) ઉપકારી જિનાગમ છે, તે (જિનાગમ) પ્રત્યે પ્રીતિ કરે. એવી પ્રીતિ કરે કે જેમ દરિદ્રીને કોઈએ ચિંતામણિ દેખાડ્યો ત્યારે તે વડે ચિંતામણિ પામ્યો. તે વખતે તે દેખાડનાર પ્રત્યે જેમ તે દરિદ્રી પ્રીતિ કરે, તેવી પ્રીતિ શ્રી જિનસૂત્ર પ્રત્યે (સમ્યગ્દૃષ્ટિ) કરે, તેને જિનાગમશુશ્રૂષા કહી છે.

૨. **(ધર્મસાધનમાં પરમઅનુરાગ)**–નિજધર્મરૂપ અનંતગુણનો વિચાર તે ધર્મસાધન છે; તેમાં પરમ અનુરાગ કરે; ધર્મસાધનમાં પરમ અનુરાગ બીજું ચિહ્ન છે.

૩. **(જિનગુરુવૈયાવૃત્ય)**–જિનગુરુ દ્વારા જ્ઞાન-આનંદ પામીએ છીએ, માટે તેમની વૈયાવૃત્ય–સેવા–સ્થિરતા કરે; તે જિનગુરુવૈયાવૃત્ય ત્રીજું ચિહ્ન કહીએ એ ચિહ્ન અનુભવીના છે.

[૮–૧૭] હવે દશ વિનયના ભેદ કહીએ છીએ—

૧. અરિહંત, ૨. સિદ્ધ, ૩. આચાર્ય, ૪. ઉપાધ્યાય, ૫. સાધુ, ૬. પ્રતિમા, ૭. શ્રુત, ૮. ધર્મ, ૯. ચાર પ્રકારના સંઘ અને ૧૦. સમ્યક્ત્વ;–આ દશનો વિનય કરે; તે વડે સ્વરૂપની ભાવના થાય છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

[૧૮-૨૦] હવે ત્રણ શુદ્ધિ કહીએ છીએ-

મન-વચન-કાય શુદ્ધ કરીને સ્વરૂપ ભાવે, અને સ્વરૂપભાવી પુરુષોમાં એ ત્રણે લગાવે; સ્વરૂપને નિઃશંક-નિઃસંદેહપણે ગ્રહે.

(૨૧-૨૫) હવે, પાંચ દોષનો ત્યાગ કહે છે—

૧. સર્વજ્ઞ-વચનને નિઃસંદેહપણે માને;

૨. મિથ્યામતની અભિલાષા ન કરે; પર-દ્વૈતને ન ઈચ્છે.

૩. પવિત્ર સ્વરૂપને ગ્રહે, પર ઉપર ગ્લાનિ ન કરે.

૪. મિથ્યાત્વી પરગ્રાહી દ્વૈતની મન વડે પ્રશંસા ન કરે. તેમજ

૫. વચન વડે (તે મિથ્યાત્વીના) ગુણ ન કહે.

(૨૬-૩૩) હવે, સમ્યક્ત્વની પ્રભાવનાના આઠ ભેદ કહે છે—

તેના આઠ ભેદ—૧. પવયણી (અર્થાત્ સિદ્ધાંતને જાણનાર) ૨. ધર્મકથા, ૩. વાદી, ૪. નિમિત્ત, ૫. તપસી, ૬. વિદ્યાવાન્, ૭. સિદ્ધ, ૮. કવિ. તે હવે કહીએ છીએ—

૧. સિદ્ધાંતમાં સ્વરૂપને ઉપાદેય કહે,

૨. નિજધર્મનું કથન કહે,

૩. હઠવડે દ્વૈતનો આગ્રહ હોય તે છોડાવે અને મિથ્યાવાદ મટાડે,

૪. સ્વરૂપ પામવામાં નિમિત્ત જિનવાણી, ગુરુ તથા સ્વધર્મી છે અને નિજ વિચાર છે; નિમિત્તપણે જે ધર્મજ્ઞ છે તેમનું હિત કહે.

૫. પરદ્વૈતની ઈચ્છા મટાડીને નિજ પ્રતાપ પ્રગટ કરે,

૬. વિદ્યાવડે જિનમતનો પ્રભાવ કરે, જ્ઞાનવડે સ્વરૂપનો પ્રભાવ કરે,

૭. સ્વરૂપાનંદીનું વચનવડે હિત કરે, સંઘની સ્થિરતા કરે, જેના વડે સ્વરૂપની સિદ્ધિ થાય તેને સિદ્ધ કહીએ.

૮. કવિ સ્વરૂપ સંબંધી રચના રચે, પરમાર્થને પામે, પ્રભાવના કરે.

આ આઠ (ભેદો) વડે જિનધર્મનો–સ્વરૂપનો–પ્રભાવ વધે એમ કરે. એ અનુભવીનું લક્ષણ છે.

(૩૪–૩૯) હવે છ ભાવના કહે છે—

૧. મૂળભાવના, ૨. દ્વારભાવના, ૩. પ્રતિષ્ઠાભાવના, ૪. નિધાનભાવના, ૫. આધારભાવના અને ૬. ભાજનભાવના (તેનો ખુલાસો કરે છે) :–

૧. **(મૂળભાવના)**–સમ્યક્ત્વ–સ્વરૂપ–અનુભવ તે સકળ નિજધર્મ-મૂળ–શિવમૂળ છે. જિનધર્મરૂપી કલ્પતરુનું મૂળ સમ્યક્ત્વ છે[1] એમ ભાવે.

૨. **(દ્વારભાવના)**–ધર્મનગરમાં પ્રવેશવા માટે સમ્યક્ત્વદ્વાર છે.

૩. **(પ્રતિષ્ઠાભાવના)**–વ્રત–તપની, સ્વરૂપની પ્રતિષ્ઠા સમ્યક્ત્વથી છે.

૪. **(નિધાનભાવના)**–અનંત સુખ દેવાને નિધાન સમ્યક્ત્વ છે.

૫. **(આધારભાવના)**–નિજગુણોનો આધાર સમ્યક્ત્વ છે.

૬. **(ભાજનભાવના)**–સર્વે ગુણોનું ભાજન સમ્યક્ત્વ છે.

(આ) છ ભાવનાઓ સ્વરૂપરસ પ્રગટ કરે છે.

(૪૦–૪૪) હવે સમ્યક્ત્વનાં પાંચ ભૂષણ લખીએ છીએ—

૧. કૌશલ્યતા, ૨. તીર્થસેવા, ૩. ભક્તિ, ૪. સ્થિરતા (અને) ૫. પ્રભાવના. (તેનો ખુલાસો કરે છે) :—

૧. **(કૌશલ્યતા)**–પરમાત્મભક્તિ, પરપરિણામ (અને) પાપ-પરિત્યાગ(રૂપ) સ્વરૂપ, ભાવસંવર અને શુદ્ધ ભાવપોષક ક્રિયાને કૌશલ્યતા કહીએ.

૨. **(તીર્થસેવા)**–અનુભવી વીતરાગ સત્પુરુષોના સંગને તીર્થસેવા કહીએ.

---

૧. જુઓ, दंसणमूलो धम्मो–દર્શનપ્રાભૃત–૨

૩. **(ભક્તિ)**–જિનસાધુ (અને) સ્વધર્મીની આદરતા વડે (તેમનો) મહિમા વધારવો તેને ભક્તિ કહીએ.

૪. **(સ્થિરતા)**–સમ્યક્ત્વભાવની દૃઢતા તે સ્થિરતા છે.

૫. **(પ્રભાવના)**–પૂજા–પ્રભાવ કરવો તે પ્રભાવના છે. એ ભૂષણ સમ્યક્ત્વનાં છે.

(૪૫–૪૯) સમ્યક્ત્વનાં પાંચ લક્ષણ છે, તે ક્યા ક્યા? (તે કહે છે):—

૧. ઉપશમ, ૨. સંવેગ, ૩. નિર્વેદ, ૪. અનુકંપા અને ૫. આસ્તિક્ય. તે કહીએ છીએ :—

૧. **(ઉપશમ)**–રાગ દ્વેષને મટાડીને સ્વરૂપને ભેટવું તે ઉપશમ છે.

૨. **(સંવેગ)**–નિજધર્મ તથા જિનધર્મ પ્રત્યે રાગ તે સંવેગ છે.

૩. **(નિર્વેદ)**–વૈરાગ્ય ભાવ તે નિર્વેદ છે.

૪. **(અનુકંપા)**–સ્વદયા–પરદયા તે અનુકંપા છે.

૫. **(આસ્તિક્ય)**–સ્વરૂપની (તેમ જ) જિનવચનોની પ્રતીતિ તે આસ્તિક્ય છે.

–એ અનુભવીનાં લક્ષણો છે.

(૫૦–૫૫) હવે છ જૈનસાર લખીએ છીએ—

૧. વંદના, ૨. નમસ્કાર, ૩. દાન, ૪. અનુપ્રયાણ, ૫. આલાપ (અને) ૬. સંલાપ.

૧. **(વંદના)**–પરતીર્થ, પરદેવ (અને) પરચૈત્ય–તેમને વંદન ન કરે;

૨. **(નમસ્કાર)**–(તેમની) પૂજા કે નમસ્કાર ન કરે;

૩. **(દાન)**–(તેમને) દાન ન કરે,

૪. **(અનુપ્રયાણ)**–અનુપ્રયાણ કહેતાં ખાન-પાનથી અધિક ન કરે,

૫. **(આલાપ)**–પ્રણતિ સહિત સંભાષણ, તેને આલાપ કહીએ, તે ન કરે,

૬. **(સંલાપ)**–ગુણ–દોષ (સંબંધી) પૂછવું કે વારંવાર ભક્તિ–સંલાપ ન કરે.

(૫૬–૬૧) હવે સમ્યક્ત્વનાં [છ] અભંગ કારણો લખીએ છીએ :–જે [સમ્યક્ત્વના] ભંગનાં કારણો પામીને ન ડગે તેને અભંગ કારણ કહીએ; તેના છ ભેદ :–૧ રાજા, ૨. જનસમુદાય, ૩. બળવાન, ૪. દેવ, ૫. પિતાદિક વડીલજનો (અને) ૬. માતા :—એ (સમ્યક્ત્વના) અભંગપણામાં છે ભય (છે તેને) જાણતો રહે (અને) તેમના ભયથી નિજધર્મ–જિનધર્મને ન તજે.

(૬૨–૬૭) હવે સમ્યક્ત્વનાં છ સ્થાનો લખીએ છીએ–*

૧. જીવ છે, ૨. નિત્ય, ૩. કર્તા, ૪. ભોક્તા, ૫. અસ્તિધ્રુવ (મોક્ષ) અને ૫. (મોક્ષનો) ઉપાય.

૧. આત્મા અનુભવસિદ્ધ છે ચેતનામાં ચિત્ત લીન કરે; જીવ અસ્તિ (રૂપ) છે તે કેવળજ્ઞાનવડે પ્રત્યક્ષ છે.

૨. દ્રવ્યાર્થિક(નય)થી નિત્ય છે.

૩. (આત્મા) પુણ્ય–પાપનો કર્તા છે.

૪. (આત્મા) ભોક્તા પણ છે. (આ પુણ્ય–પાપનું કર્તાભોક્તાપણું) મિથ્યાદ્રષ્ટિમાં છે. નિશ્ચયનયથી (આત્મા તેનો) કર્તા કે ભોક્તા નથી.

૫. નિર્વાણ સ્વરૂપ અસ્તિ ધ્રુવ છે. વ્યક્ત નિર્વાણ તે અક્ષય મુક્તિ છે. અને

૬. (સમ્યગ્) દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષનો ઉપાય છે. ૧–સમ્યક્ત્વના એ ૬૭ ભેદો પરમાત્માની પ્રાપ્તિનો ઉપાય છે.

✯ ✯ ✯

---

* જુઓ, શ્રીમદ્ રાજચંદ્રજીનો છ પદનો પત્ર. ૧ તત્ત્વાર્થસૂત્ર ૧–૧

# જ્ઞાતાના વિચાર

જ્ઞાતા એવો વિચાર કરે છે કે–ઉપયોગ જ્ઞેયોનું અવલંબન કરે છે, જ્ઞેયાવલંબી થાય છે. જ્ઞેયને અવલંબનધારી શક્તિ જ્ઞેયનું અવલંબન કરીને છોડી દે છે. જ્ઞેયનો સંબંધ અસ્થિર છે, જ્ઞેયપરિણામ પણ છૂટી જાય છે; તેથી જ્ઞેય, જ્ઞેયપરિણામ નિજ વસ્તુ નથી. જ્ઞેયને અવલંબનારી શક્તિને ધરનારી ચેતનાવસ્તુ છે. જ્ઞેય (સાથે) મળવાથી અશુદ્ધ થઈ, પરંતુ શક્તિ શુદ્ધ ગુપ્ત છે. જે શુદ્ધ છે તે રહે છે, અશુદ્ધ છે તે રહેતું નથી, માટે અશુદ્ધ (તો) ઉપરનો મળ છે. અને શુદ્ધ (તે) સ્વરૂપની શક્તિ છે. જેમ સ્ફટિક વિષે લાલ રંગ દેખાય છે (તે) સ્ફટિકનો સ્વભાવ નથી તેથી મટી જાય છે, સ્વભાવ (છે તે) જતો નથી.

જેમ મયૂર (પ્રતિબિંબવાળા) અરીસામાં મોર પદાર્થ દેખાય છે, પણ (ખરેખર અરીસામાં) મોર પદાર્થ નથી, અરીસામાં તો માત્ર પ્રતિબિંબ છે. કર્મદૃષ્ટિમાં આત્મા પરસ્વરૂપ થયેલો ભાસે છે પરંતુ આત્મા પર થતો નથી.

જેમ ધતૂરાને પીવાથી દૃષ્ટિ શ્વેત શંખને પીળો દેખે છે, પરંતુ (તે) દૃષ્ટિ વિકાર છે, દૃષ્ટિનાશ નથી. તેમ (જીવ) મોહની ઘેલછાથી પરને પોતા(રૂપ) માને છે પરંતુ પર તે પોતા(રૂપ) થતું નથી.

જેમ કઠિયારાને ચિંતામણિ પ્રાપ્ત થયો, (પણ) તેની પરીક્ષા ન જાણી, તોપણ ચિંતામણિનો પ્રભાવ ન ગયો. તેમ (જીવે) અજ્ઞાનથી સ્વરૂપનો મહિમા ન જાણ્યો તોપણ સ્વરૂપનો પ્રભાવ ન ગયો.

જેમ વાદળાની ઘટામાં સૂર્ય છુપાયો છે, પરંતુ છુપાયેલો પણ

પ્રકાશને ધરે છે. રાત્રિની જેમ અંધારું નથી; તેમ આત્મા કર્મઘટામાં છુપાયો છે, તોપણ (તેનાં) દર્શન–જ્ઞાન પ્રકાશ કરે છે, નેત્રદ્વારા દર્શન પ્રકાશ કરે છે, તથા ઇન્દ્રિયદ્વારા (અને) મન દ્વારા (જ્ઞાન) કરે છે– જાણે છે; અચેતનની જેમ જડ નથી. આવું સ્વરૂપ પરમ ગુપ્ત છે તો પણ જ્ઞાતા તેને પ્રગટ દેખે છે.

જે બંધરૂપથી મુક્ત થવા ચાહે, તે કેવી રીતે શુદ્ધ થાય? (તે કહીએ છીએ) :–જે પોતાની ચેતના પ્રકાશ શક્તિ ઉપયોગવડે પ્રગટ છે તેને પ્રતીતિમાં લાવે. પાણીનાં તરંગની જેમ બડબડિયાં (–વિકલ્પ) થાય છે તો થાઓ, પણ પરિણામ દર્શન–જ્ઞાનમાં ડૂબતાં નિજ સમુદ્રમાં મળે (અને સ્વભાવનો) મહિમા પ્રગટ કરે. પરમાં પરિણામને લીન કરે છે પરંતુ (પર) વસ્તુ તો જુદી છે, તે છૂટી જાય છે, ખેદ થાય, મેલા થાય ત્યાં પરિણામ ન ગોપવવા, સ્વરૂપમાં લગાડવા. અશુદ્ધ જ્ઞાનમાં પણ જાણપણું તો ન ગયું. તે જાણપણા તરફ જોતાં, નિજ જ્ઞાન જાતિ છે, એવી ભાવનામાં નિજ રસાસ્વાદ આવે છે. આ વાત કંઈ કહેવા માત્ર નથી, ચાખવામાં (–અનુભવમાં) સ્વાદ છે; (એ સ્વાદ) જેણે ચાખ્યો તે જાણે છે, લખાણમાં (તે) આવતો નથી. આ તરફ બાહ્યમાં દેખી દેખીને અંતરને વિસર્યો છે તેથી જ ચોરાશીમાં લોટે (–ભટકે) છે. જેમ [૧]લોટનજડીને દેખી દેખીને બિલાડી લોટે છે, તેમ બાહ્યમાં દેખી દેખીને જીવ ભટકે છે. જો બાહ્યમાં દેખવાનું છોડે તો લોટવાનું છૂટે; માટે પર દર્શન મટાડી નિજ અવલોકનવડે આ મુક્તપદ છે, અનુભવ છે, અનંત સુખ (રૂપ) ચિદ્વિલાસનો પ્રકાશ છે.

૧. આત્માવલોકન પૃ. ૫૦, ૫૮, અનુભવપ્રકાશ ગુજ૦ બીજી આવૃત્તિ. પૃ. ૨૨.

## અનંત સંસાર કેમ મટે?

કોઈ કહે કે સંસાર અનંત છે. તે કેમ મટે?

તેનું સમાધાન–વાંદરાનું ફસાવું એટલું જ છે કે મૂઠી છોડતો નથી; પોપટનું ફસાવું એટલું જ છે કે નળીને છોડતો નથી. કૂતરાનું ફસાવું એટલું જ છે કે તે ભસે છે. કોઈ ત્રણ વાંકવાળી દોરડીમાં સર્પ માને છે. ત્યાં સુધી જ (તેને) ભય છે. મૃગ, મૃગજળમાં જળ માનીને દોડે છે, તેથી જ દુઃખી છે. તેમ આત્મા પરને પોતારૂપ માને છે, એટલો જ સંસાર છે, ન માને તો મુક્ત જ છે. જેમ એક *નારીએ કાષ્ટની પૂતળી બનાવીને, તેને અલંકાર–વસ્ત્ર પહેરાવીને પોતાના મહેલમાં પથારીમાં સુવાડી રાખી, (અને તેને) લૂગડાથી ઢાંકી દીધી. ત્યાં, તે નારીનો પતિ આવ્યો, તેણે એમ જાણ્યું કે મારી નારી શયન કરે છે, તેને હલાવે, પવન નાંખે, પરંતુ તે (પૂતળી) તો બોલે નહિ. આખી રાત બહુ સેવા કરી. પ્રભાત થયું ત્યારે તેણે જાણ્યું કે (આ તો) કાષ્ટની (પૂતળી) છે. ત્યારે તે પસ્તાયો કે મેં જૂઠી સેવા કરી. તેમ (અનાદિથી) આત્મા પર અચેતનની સેવા વૃથા કરે છે. જ્ઞાન થતાં તે જાણે છે કે આ જડ છે ત્યારે તે તેનો સ્નેહ ત્યાગે છે અને સ્વરૂપાનંદી થઈને સુખ પામે છે.

ઉપયોગની ઉઠણી (ઉત્પત્તિ) સદા થાય છે, તે (ઉપયોગ)ને સંભાળે, પરમાં ઉપયોગ ન દે. આત્માનો ઉપયોગ જે તરફ લાગે તે રૂપ થઈ જાય છે; માટે ઉપયોગવડે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય વિચારીને

---

* અનુભવ પ્રકાશ આવૃત્તિ બીજી પૃ-. ૨૨–૨૩.

સ્વરૂપની સ્થિરતા–વિશ્રામ–આચરણ કરવાં. અનંત ગુણમાં ઉપયોગ લગાડવો. મનદ્વારા ઉપયોગ ચંચળ (થાય) છે તે ચંચળતાને રોકવાથી ચિદાનંદ ઉઘડે છે–જ્ઞાનનયન ખૂલે છે. અનંતગુણમાં મન લાગે ત્યારે ઉપયોગ અનંતગુણમાં અટકે છે, અને ત્યારે વિશૂદ્ધ થાય છે; પ્રતીતિવડે રસાસ્વાદ ઊપજે છે, તેમાં મગ્ન થઈને રહેવું. પરિણામને વસ્તુની અનંતશક્તિમાં સ્થિર કરવા.[1] આ જીવના પરિણામ પરભાવોનું જ અવલંબન કરીને (તેને) સેવ્યા કરે છે; ત્યાં, તે ભાવોને જ સેવતાં, (પરભાવરૂપ) પરિણામભાવને જ નિજ પરિણામ સ્વભાવપણે દેખે છે, જાણે છે, સેવે છે; પરને નિજસ્વરૂપ ઠીક કરીને (માનીને) રાખે છે. એને એ જ પ્રમાણે અનાદિથી કરતાં આ જીવના પરિણામની અવસ્થા ઘણા કાળ સુધી વીતી; પણ (સ્વ) કાળ પામીને ભવ્યતા પરિપક્વ થઈ ત્યારે શ્રીગુરુના ઉપદેશરૂપ કારણ પામ્યો. તે ગુરુએ એમ ઉપદેશ કર્યો કે–(હે ભવ્ય! તું) પરિણામવડે પરની સેવા કરી કરીને નીચ એવા પરને ઉચ્ચ એવા સ્વપણે દેખે છે. એ પર (અને) નીચ છે (તેનામાં) સ્વ (પણું) કે [2]ઉચ્ચપણું નથી (તે પર વસ્તુઓ) તને રંચમાત્ર પણ કાંઈ દઈ શકતી નથી. તે મને દે છે એમ તું જૂઠું જ માની રહ્યો છે. એ તો નીચ (અને) પર છે, તું તે નીચને સ્વ-પણે અને ઉચ્ચપણે માનીને બહુ જ નીચ થયો છે.

હે ભવ્ય! પરિણામમાં જે કાંઈ નિજ ઉચ્ચપણું છે તેને તેં (કદી) દેખ્યું નથી, જાણ્યું નથી ને સેવ્યું નથી, તેથી તેને તું ક્યાંથી યાદ રાખે? વળી, જો હવે તે સ્વભાવને (તું) દેખ, જાણ અને તેની સેવા કર, ત્યારે પોતાથી જ તને યાદ પણ રહેશે, તું સુખી થશે, અયાચી (અયાચક, સ્વાધીન) મહિમા લહીશ અને તું પ્રભુ થઈ જઈશ. આ જે

૧. આત્માવલોકનમાં રાજાનું દૃષ્ટાંત આપીને આ પ્રકરણ વિસ્તારથી સમજાવ્યું છે. જુઓ, પૃ. ૧૬૭ થી ૧૮૧.

૨. અહીં સ્વદ્રવ્યનું ઉપાદેયપણું બતાવવા તેને ઉચ્ચ કહ્યું છે ને પરદ્રવ્યનું હેયપણું બતાવવા તેને નીચ કહ્યું છે.

છે દ્રવ્યો છે તેમાં ચેતન રાજા છે. (ચેતન સિવાયના અન્ય) તે પાંચ દ્રવ્યોમાં તો તું ન અટક. તારો મહિમા બહુ જ ઊંચો છે. જે નોકર્મ(રૂપ) વસતી વસે છે તે તારાથી જ (–ચેતન રાજાથી જ) વસતી જેવી લાગે છે. અને આઠ કર્મને દેખ, તે પણ પુદ્‌ગલ દ્રવ્યની જાતિ છે, પોતાનું અંગ નથી. (કર્મ વગેરે) પૌદ્‌ગલિક જાતિની જે જે સંજ્ઞા છે, તે જ તે જ જાતિની સંજ્ઞા ચેતનપરિણામમાં ધરી છે; તે સ્વભાવ નથી, તે પર કલિત [–પર સાથે યુક્ત] ભાવ છે. માટે નિજ ચેતનાએ [પરભાવનો જે] જૂઠો સ્વાંગ ધર્યો છે તે પરભાવ (રૂપી) સ્વાંગને દૂર કર. તેને દૂર કરતાં જ (તું) પ્રત્યક્ષ સાક્ષાત્ સ્વભાવ-સન્મુખ સ્થિર થઈશ–વિશ્રામ પામીશ અને વચનાતીત મહિમાને પામીશ. [એ પ્રમાણે પોતાના સ્વભાવને પ્રાપ્ત કર્યા પછી], પર–નીચ પરિણામને ધારણ કરવા છતાં પણ ચૈતન્યરાજાને ઠીક કર્યો છે [–ઓળખી લીધો છે] તેથી તે નીચ સંબંધમાં તું ઠગાશે નહિ. [એ રીતે] વધતાં વધતાં પરમપદને પામીશ, અને ત્રણે લોકમાં તારી દુહાઈ વર્તાવીશ [–ફેલાશે.]

–એ પ્રમાણે ગુરુવચન સાંભળીને જ્ઞાતા પોતાની ચેતનાશક્તિને ગ્રહે છે. [અને પરમાં] જ્યાં જ્યાં દેખે છે ત્યાં ત્યાં જડનો નમૂનો છે, અનુપમ જ્ઞાનજ્યોતિ તે પોતાનું પદ છે. સ્વરૂપ પ્રકાશવડે અનાદિ વિભાવનો વિનાશ થાય છે. પોતાના સ્વરૂપમાંથી દર્શન–જ્ઞાનનો પ્રકાશ ઊઠે છે, તે (દર્શન–જ્ઞાન) પર પદને દેખીજાણીને અશુદ્ધ થાય છે. અહીં એટલું વિશેષ છે કે જ્યાં રાગાદિ પરિણામરૂપે દેખવું–જાણવું છે ત્યાં વિશેષ અશુદ્ધતા છે (અને) સામાન્ય પદની દશાથી દેખે–જાણે છે ત્યાં સામાન્ય અશુદ્ધતા છે.

ચોથા ગુણસ્થાનવાળાને એકદેશ ઉપયોગની સંભાળ થઈ છે, ત્યાં, (તેને) એકદેશ શુદ્ધતા જાણવી.

હવે પાંચમા ગુણસ્થાનમાં અપ્રત્યાખ્યાન સંબંધી રાગાદિક ગયા

તેટલી અશુદ્ધતા ગઈ અને સ્થિરતા ચઢતી ગઈ; ત્યાં એકદેશ સ્થિરતા થતાં એક દેશ સંયમ નામ પામ્યો.

છઠ્ઠા ગુણસ્થાનમાં પ્રત્યાખ્યાન (આવરણ સંબંધી રાગાદિક)નો અભાવ થયો અને સ્થિરતા વિશેષ થઈ; સકળ આકુળતાનું કારણ સકળ પાપ છે, તેનો અભાવ થયો; પણ અશુભભાવ એવો ગૌણતારૂપ થઈ ગયો કે દુર્ગતિના કારણરૂપ પાપબંધ થતો નથી. (ત્યાં) શુભ મુખ્ય છે (ને) શુદ્ધ ગૌણ છે. શુદ્ધ ગૌણ હોવા છતાં પણ તે મુખ્યતાને દોરે છે તેથી મુખ્ય જેવું જ કામ કરે છે. (શુદ્ધ) ગૌણ હોવા છતાં પણ તે બલિષ્ઠ છે.

છઠ્ઠાવાળાને ભેદવિજ્ઞાનના વિચારમાં શુદ્ધોપયોગરૂપ સાતમું (ગુણસ્થાન) જલ્દી થાય છે. શુભ ઉપયોગમાં ગર્ભિત શુદ્ધતા છે તેથી સાતમાનું સાધક છઠ્ઠું છે. (છઠ્ઠા ગુણસ્થાને) ક્રિયા (અને) ઉપદેશ હોય છે. પરંતુ વિશેષ સ્થિરતાને લીધે [ત્યાં] સકલવિરતિ સંયમ નામ પામે છે.

સાતમા ગુણસ્થાનથી શરૂ કરીને આગળ આગળ વીતરાગ નિર્વિકલ્પ સમાધિ વધતી ગઈ, નિષ્પ્રમાદ દશા થઈ, પોતાના સ્વભાવનો રસાસ્વાદ મુખ્ય થયો અને વધતા વધતા ગુણસ્થાન અનુસાર વધ્યો.

# મનની પાંચ ભૂમિકા

પરિણામ મનદ્વારા થઈને વર્તે છે. તે મનની પાંચ ભૂમિકા છે– ૧. ક્ષિપ્ત, ૨. વિક્ષિપ્ત, ૩. મૂઢ, ૪. ચિંતાનિરોધ અને ૫. એકાગ્ર, આ (પાંચ) ભૂમિકાઓમાં મનનું ફરવું છે. તેનું વિવેચન કહીએ છીએ :—

૧. ક્ષિપ્ત તેને કહીએ કે જ્યાં વિષય–કષાયમાં વ્યાપ્ત થઈને રંજકરૂપ (–અશુદ્ધ) ભાવમાં સર્વસ્વ જોયું (માની લીધું) છે

૨. વિક્ષિપ્ત (તેને) કહીએ [કે જ્યાં] ચિંતાની આકુળતાવડે કાંઈ વિચાર ઊપજી શકે નહિ.

૩. મૂઢ (તેને) કહીએ કે જ્યાં હિતને અહિત માને, અહિતને હિત માને, દેવને કુદેવ માને, કુદેવને દેવ માને, ધર્મને અધર્મ માને, અધર્મને ધર્મ માને, પરને સ્વ માને અને પોતાને જાણે નહિ. [એ પ્રમાણે] વિવેક રહિત (હોય તેને) મૂઢ મન કહીએ.

૪. જે ચિંતાનિરોધ કહીએ તે એકાગ્રતાને કહીએ.

૫. બ્રહ્મ વિષે સ્થિરતા થઈ, સ્વરૂપરૂપ પરિણમ્યો, એકત્વ ધ્યાન થયું તે સ્વરૂપ–એકાગ્રતા છે. પરવિષે એકાગ્રપણું તો થાય છે પરંતુ તેમાં તો આકુળતા છે, તે અનેક વિકલ્પનું મૂળ છે, દુઃખ અને બાધાનો હેતુ છે, માટે તેને એકાગ્ર ન કહીએ. અહીં સ્વરૂપ સ્થિતિ(રૂપ) એકાગ્ર જાણવું. પર વિષે (એકાગ્રતા) બંધનું મૂળ છે. તે સ્વરૂપ–સાધક છે કે જેણે પોતામાં એકાગ્રચિંતાનિરોધ કર્યો છે, [તેનો ઉપયોગ] પરમા લાગે ત્યાં પણ તે એવો જ સ્થિર રહે છે કે અન્ય ચિંતા રહેતી નથી. સામાન્યપણે આ પાંચે (ભૂમિકા) સંસાર

અવસ્થામાં સ્નેહયુક્ત લગાડીએ તો તે સંસારનું કારણ છે. વિશેષપણે વિચારતા ધર્મગ્રાહકનયથી ચિંતાનિરોધ અને એકાગ્રતા એ બન્ને ભૂમિકાઓ ધર્મધ્યાન અને શુક્લધ્યાનનું કારણ છે, અને તે સમાધિને સાધે છે. તેની સાક્ષીરૂપ શ્લોક (આ પ્રમાણે છે) :—

**साम्यं स्वास्थ्यं समाधिश्च योगश्चेतोनिरोधनम्।**
**शुद्धोपयोग इत्येते भवन्त्येकार्थवाचकाः।।६४।।**

(પદ્મનંદિપંચવિંશતિકા–એકત્વસપ્તતિ)

**અર્થ** :—સામ્ય, સ્વાસ્થ્ય, સમાધિ, યોગ ચિત્તનિરોધ અને શુદ્ધોપયોગ–એ બધા એકાર્થવાચક છે.

સહજ ચિદાનંદ.

# સમાધિનું વર્ણન

ચિંતાનિરોધ, એકાગ્રતા વડે સમાધિ થાય છે; તે જ (અહીં) લખીએ છીએ :—

સમાધિ કહીએ [છીએ]ઃ—રાગાદિ વિકલ્પરહિત સ્વરૂપ વિષે નિર્વિઘ્ન સ્થિરતાથી વસ્તુ રસાસ્વાદ વડે સ્વરૂપનો અનુભવ સ્વસંવેદનજ્ઞાનદ્વારા થયો તેને સમાધિ કહીએ.

કોઈ એક તો સમાધિ આ પ્રમાણે કહે છે :—શ્વાસ–ઉશ્વાસ પવન છે, તેને અંતરમાં પૂરે તેને પૂરક કહીએ પછી કુંભની જેમ ભરે અને ભરીને થંભાવી રાખે તેને કુંભક કહીએ. પછી ધીરે ધીરે તેને બહાર કાઢે તેને રેચક કહીએ; *પાંચ ઘડીનું કુંભક કરે તેને ધારણા કહીએ, સાઠ ઘડીનું કુંભક કરે તેને ધ્યાન કહીએ, તેથી આગળ કુંભક કરે તેને સમાધિ કહે છે તે આ કારણે સમાધિ છે કેમકે તેનાથી મનનો જય થાય છે, મનનો જય કરવાથી રાગ-દ્વેષ-મોહ મટે છે અને રાગ-દ્વેષ-મોહ મટતાં સમાધિ લાગે છે. સ્થિર મન હોય તો નિજ ગુણરત્ન પામીએ, માટે (સમાધિ) કારણ છે.

કોઈ ન્યાયવાદી ન્યાયના બળથી છએ મતનો નિર્ણય કરે છે, ત્યાં સમાધિ નથી (પણ) વિકલ્પનો હેતુ છે.

(તે છ મતમાંથી) **જૈનમત**માં અરિહંત દેવ છે; જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ એ સાત તત્ત્વો છે, પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણ છે, નિત્ય–અનિત્ય આદિ અનેકાંતવાદ છે,

---

* જુઓ, જ્ઞાનાર્ણવ પૃ. ૨૮૫.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે અને સર્વ કર્મોનો ક્ષય તે મોક્ષ છે.

*__નૈયાયિક મત__માં જે જટાધારી, તેના (મતમાં) ઈશ્વર દેવ છે; પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ અને નિગ્રહસ્થાન–એ સોળ તત્ત્વો છે; પ્રત્યક્ષ, ઉપમા, અનુમાન અને શબ્દ એ ચાર પ્રમાણ છે, નિત્યપણું વગેરે અનેકાંતવાદ છે; દુઃખ. જન્મ, વૃત્તિ, દોષ અને મિથ્યાજ્ઞાનનો ઉત્તરોત્તર નાશ તે મોક્ષમાર્ગ છે; છ ઈન્દ્રિય, છ વિષય, છ બુદ્ધિ તથા શરીર, સુખ અને દુઃખ એ પ્રમાણે એકવીશ દુઃખનો અત્યંત ઉચ્છેદ તેને મોક્ષ માને છે.

હવે **બૌદ્ધમત** (વિષે) કહે છે. બૌદ્ધ રક્ત વસ્ત્રધારી છે, તેના મતમાં બુદ્ધ દેવ છે, દુઃખ, સમુદાય, નિરોધ અને મોક્ષમાર્ગ એ ચાર તત્ત્વ છે, પ્રત્યક્ષ અને અનુમાન–એ બે પ્રમાણ છે, ક્ષણિક એકાંતવાદ છે, સર્વ ક્ષણિક છે, સર્વ નૈરાત્મ્યવાસના (સર્વમાં આત્મવાસનાનો ત્યાગ) તે મોક્ષમાર્ગ છે, વાસના, ક્લેશનો નાશ તથા જ્ઞાનનો નાશ તે મોક્ષ છે.

હવે **શિવમત** (સંબંધી) કહે છે. શિવમતમાં (વૈશેષિકમતમાં) શિવ દેવ છે; દ્રવ્ય,ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય એ છ તત્ત્વ છે; પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એ ત્રણ પ્રમાણ છે, (ભેદ એકાંત) વાદ છે. મોક્ષમાર્ગ નૈયાયિકની સમાન છે; બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કાર એ નવનો અત્યંત નાશ તે મોક્ષ છે.

હવે **જૈમિનીય મત** (સંબંધી) કહે છે. જૈમિનીય ભટ્ટના મતમાં દેવ નથી; પ્રેરણા, લક્ષણ અને ધર્મ એ ત્રણ તત્ત્વ છે; પ્રત્યક્ષ, અનુમાન, ઉપમા, આગમ, અર્થાપત્તિ અને અભાવ એ છ પ્રમાણ છે; નિત્ય

---

* જુઓ મોક્ષમાર્ગપ્રકાશક અધ્યાય ૫. ગુજ. આવૃત્તિ ૧. પૃ. ૧૨૯ થી ૧૪૦.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

એકાંતવાદ છે, વેદવિહિત [વેદદ્વારા ફરમાવેલું] આચરણ તે મોક્ષમાર્ગ છે, નિત્ય અતિશયપણે સુખની વ્યક્તતા તે મોક્ષ છે.

હવે **સાંખ્યમત** [સંબંધી] કહે છે. સાંખ્યમતમાં બહુ ભેદ છે, કોઈ કોઈ ઈશ્વરને દેવ માને છે; કોઈ કપિલને માને છે. પચીશ [૧]તત્ત્વ છે–રાજસ, તામસ અને સાત્ત્વિક એ ત્રણ પ્રકૃતિની અવસ્થાઓ છે. પ્રકૃતિમાંથી મહત્, મહત્માંથી અહંકાર, અહંકારમાંથી પાંચ તન્માત્રા (તથા) અગીયાર ઈન્દ્રિય; તે વિષે સ્પર્શતન્માત્રાથી વાયુ, શબ્દતન્માત્રાથી આકાશ, રૂપતન્માત્રાથી તેજ, ગંધતન્માત્રાથી, પૃથ્વી, રસતન્માત્રાથી પાણી; સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ (અને) શ્રોત્ર એ પાંચ બુદ્ધિ–ઈન્દ્રિય છે. પાંચ કર્મ–ઈન્દ્રિયવચન, હાથ, પગ, ગુદા (અને) લિંગ, તથા અગીયારમું મન છે. પુરુષ અમૂર્તિક ચૈતન્યરૂપી કર્તા અને ભોક્તા છે, મૂળ પ્રકૃતિ અવિકૃત છે, મહત્ આદિ સાત, પ્રકૃતિની વિકૃતિ છે, (બાકીના) સોળ તત્ત્વો વિકાર પણ નથી ને પ્રકૃતિ વિકૃતિ પણ નથી. પરંતુ પંગુ સમાન (એવા) પ્રકૃતિ અને પુરુષના યોગે થયેલ છે, પ્રત્યક્ષ અનુમાન અને શબ્દ એ ત્રણ પ્રમાણ છે, નિત્ય એકાંતવાદ છે. પચીશ તત્ત્વોનું જ્ઞાન તે મોક્ષમાર્ગ છે. પ્રકૃતિ (અને) પુરુષનો વિવેક દેખવાથી, પ્રકૃતિ વિષે રહેલ પુરુષનું (ભિન્ન થવું) તે મોક્ષ છે.

સાતમા **નાસ્તિક મત** વિષે દેવ નથી, પુણ્ય–પાપ નથી, મોક્ષ નથી. તેઓ પૃથ્વી, અપ, તેજ અને વાયુ એ ચાર ભૂત માને છે, એક પ્રત્યક્ષ પ્રમાણને જ માને છે, જેમ માદક સામગ્રીના સમવાયથી મદશક્તિ ઉત્પન્ન થાય છે તેમ ચાર ભૂતના સમવાયથી ચૈતન્યશક્તિ ઊપજે છે; અદૃશ્ય સુખનો ત્યાગ અને દૃશ્ય સુખનો ભોગ તે જ પુરુષાર્થ છે. [એમ તે માને છે.]

---

૧. प्रकृतेर्महान् ततोऽहंकारस्तस्माद्गुणश्च षोडशकः।
तस्मादपि षोडशकात्पंचभ्यः पंच भूतानि॥
–सांख्यकारिका

–આ પ્રમાણે બધા ભેદનો નિર્ણય કરે પરંતુ (તે) સમાધિ નથી.

સમાધિના તેર ભેદ છે તે કહીએ છીએ :—

૧. લય, ૨. પ્રસંજ્ઞાત, ૩. વિતર્ક–અનુગત, ૪. વિચાર–અનુગત, ૫. આનંદ–અનુગત, ૬. અસ્મિતાઅનુગત, ૭. નિર્વિતર્કઅનુગત, ૮. નિર્વિચાર–અનુગત, ૯. નિરાનંદ–અનુગત, ૧૦ નિરસ્મિતાઅનુગત, ૧૧. વિવેકખ્યાતિ, ૧૨. ધર્મમેઘ અને ૧૩. અસંપ્રજ્ઞાત–એ તેર જ સમાધિના ભેદ છે. તેમાં અસંપ્રજ્ઞાતના બે ભેદ છે–એક પ્રકૃતિલય અને બીજો પુરુષલય. [હવે એ તેર સમાધિનું સ્વરૂપ કહે છે.]

## ૧. લયસમાધિ*

પ્રથમ લયસમાધિ કહીએ છીએ :—

લય એટલે પરિણામોની લીનતા; નિજ વસ્તુ વિષે પરિણામ વર્તે એટલે રાગ-દ્વેષ-મોહ મટાડીને દર્શન-જ્ઞાનરૂપ પોતાના સ્વરૂપને પ્રતીતિમાં અનુભવે. (પહેલાં) જેમ દેહમાં પોતાપણાની બુદ્ધિ હતી તેમ હવે આત્મામાં બુદ્ધિ ધરી; જ્યાંસુધી સ્વરૂપમાંથી તે બુદ્ધિ ન ખસે ત્યાં સુધી પોતામાં લીનતા છે, તેને (લય) સમાધિ કહે છે. 'લય'ના ત્રણ ભેદ છે–શબ્દ, અર્થ અને જ્ઞાન. લય [એવું પદ તે] શબ્દ થયો, 'પોતામાં પરિણામની લીનતા' તે અર્થ થયો,' અને શબ્દ તથા અર્થનું જાણપણું તે જ્ઞાન થયું. ત્રણે ભેદ લયસમાધિના છે. શબ્દ આગમવડે, અર્થઆગમ, અર્થઆગમવડે જ્ઞાનઆગમ–(એમ) શ્રી જિનાગમમાં કહ્યું છે.

કોઈ કહે કે 'શબ્દ'–(શબ્દ–લયસમાધિ એવો ભેદ) શા માટે કહ્યો?

**તેનું સમાધાન** :–શુક્લધ્યાનના ભેદમાં શબ્દથી શબ્દાંતર બતાવ્યું છે તે રીતે (અહીં) જાણવું. જ્યાં, દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારદ્વારા વસ્તુમાં

* જુઓ અનુભવપ્રકાશમાં સમાધિવર્ણન

લીન થવું (તે અર્થ–લયસમાધિ છે) ; જ્ઞાનમાં પરિણામ આવ્યા (તો) ત્યાં જ લીન થયા, દર્શનમાં પરિણામ આવ્યા (તો) ત્યાં જ લીન થયા. લયસમાધિના વિકલ્પ–ભેદને મટાડીને નિજમાં વિશ્રામ, આચરણ, સ્થિરતા, જ્ઞાયકતા વર્તે છે. જે જે ઈન્દ્રિયવિષય પરિણામવડે ઈન્દ્રિય–ઉપયોગ નામ ધાર્યું હતું અને સંકલ્પવિકલ્પરૂપ મન ઉપયોગ નામ પામ્યું હતું તે ઉપયોગ છૂટતાં બુદ્ધિ દ્વારા જ્ઞાન ઉપયોગ ઊપજે. તે (ઈન્દ્રિય–ઉપયોગ અને સંકલ્પવિકલ્પરૂપ મન–ઉપયોગરૂપ) જાણપણું બુદ્ધિથી જુદું છે. જ્ઞાન, જ્ઞાનપરિણતિવડે જ્ઞાનને વેદતાં આનંદ પામે છે અને લીન થતાં સ્વરૂપમાં તાદાત્મ્ય હોય છે. જ્યાં જ્યાં પરિણામ વિચરે ત્યાં ત્યાં શ્રદ્ધા કરે અને લીન થાય. માટે જ્યારે દ્રવ્ય-ગુણમાં પરિણામ વિચરે ત્યારે ત્યાં શ્રદ્ધા કરીને લીન થાય, તેને લયસમાધિ કહીએ.

## ૨. પ્રસંજ્ઞાત સમાધિ

હવે પ્રસંજ્ઞાત સમાધિનો ભેદ કહીએ છીએ :—

સમ્યક્ત્વને જાણે અને ઉપયોગ વિષે એવો ભાવ ભાવે કે ચેતનાનો પ્રકાશ અનંત છે, પરંતુ (તેમાં) દર્શન-જ્ઞાન-ચારિત્ર મુખ્ય છે; મારી દૃષ્ટાશક્તિ નિર્વિકલ્પ ઊઠે છે, જ્ઞાનશક્તિ વિશેષને જાણે છે, ચારિત્રપરિણામ વડે વસ્તુને અવલંબીને–વેદીને–વિશ્રામ કરીને આચરીને સ્થિરતાને ધારણ કરે છે. પોતે પોતાના સ્વભાવકર્મને કરીને કર્તા થાય છે, સ્વભાવ કર્મ છે. નિજ પરિણતિવડે પોતે પોતાને સાધે છે, પોતાની પરિણતિ પોતાને સોંપે છે, પોતે (પોતાને) પોતામાં પોતાથી સ્થાપે છે, પોતાના ભાવનો પોતે આધાર છે. (એ પ્રમાણે) પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સારી રીતે વિચારીને સ્થિરતાવડે રાગાદિ વિકારને ન આવવા દે; જેમ જેમ ઉપયોગનું જાણપણું વર્તે તેમ તેમ ધ્યાનની સ્થિરતામાં આનંદ વધે, અને સમાધિસુખ થાય. વીતરાગપરમાનંદ સમરસીભાવના સ્વસંવેદનને સુખ–સમાધિ કહીએ. દ્રવ્ય દ્રવવાના ભાવરૂપ છે, ગુણ લક્ષણભાવરૂપ છે અને પર્યાય પરિણમનલક્ષણ વડે વેદનાના ભાવરૂપ

છે–એ પ્રમાણે વસ્તુરસનું સર્વસ્વ જણાવવાયોગ્ય ભાવ છે તેને સમ્યક્ પ્રકારે જાણીને સમાધિને સિદ્ધ કરે; તેને પ્રસંજ્ઞાત સમાધિ કહીએ.

આમાં પણ ત્રણ ભેદ છે. પ્રસંજ્ઞાત (એવો શબ્દ તે) શબ્દ છે. (એ) શબ્દનો જે ‘સમ્યગ્જ્ઞાનભાવ’ તે અર્થ છે અને તેનું (શબ્દ તથા અર્થનું) જાણપણું તે જ્ઞાન છે.–એ ત્રણે ભેદ અહીં જાણવા જાણનારના મતને જાણી–માનીને તેમાં મહાતદ્રૂપપણે સમાધિ ધારીએ. તે પ્રસંજ્ઞાત (સમાધિ) કહીએ.

## ૩. વિતર્ક–અનુગત સમાધિ

હવે, વિતર્કાનુગત સમાધિ કહીએ છીએઃ—

દ્રવ્ય શ્રુતવડે વિચાર કરવો તે વિતર્કશ્રુત છે. અર્થમાં મન લગાવવું તે ભાવશ્રુત છે. વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ સમરસીભાવવડે ઉત્પન્ન આનંદ તે ભાવશ્રુત છે. કઈ રીતે? તે કહીએ છીએ. ભાવશ્રુત અર્થમાં ભાવ (છે); ત્યાં, દ્રવ્યશ્રુતનો અર્થ એવો છે કે દ્રવ્યશ્રુતમાં જ્યાં ઉપાદેય વસ્તુનું વર્ણન છે ત્યાં અનુપમ આનંદઘન ચિદાત્મા અનંત ચૈતન્ય ચિહ્નના અનુભવનો રસાસ્વાદ બતાવ્યો છે. અનાદિથી મન–ઈન્દ્રિય દ્વારા ચેતનાવિકાર વર્તતો હતો તે શુભ-અશુભથી વિકાર છોડાવીને શ્રુતવિચારવડે જ્ઞાનાદિ ઉપયોગની પ્રવૃત્તિદ્વારા પોતાનું સ્વરૂપ–પિછાણ્યું. જેમ *દીપકની આડા ચાર પડદા હતા, તેમાંથી ત્રણ પડદા દૂર થતાં પ્રકાશ પિછાણ્યો (અને તેથી) દીપક છે–અવશ્ય છે (એમ) પ્રકાશનો અનુભવ થયો. (ચોથો પડદો દૂર થતાં દીપક સાક્ષાત્ પ્રગટ થશે) તેમ (આત્માના ચૈતન્યપ્રકાશ આડા ચાર કષાયરૂપ ચાર પડદા છે), ત્રણ કષાય–ચોકડી ગઈ ત્યારે ચેતના પ્રકાશ સ્વજાતિ જ્યોતિનો અનુભવ નિજવેદનથી એવો થયો; ત્યારે ચેતનાપ્રકાશનો અનુભવ એવો થયો કે પરમાત્મભાવનો આનંદ આ

* જુઓ, અનુભવપ્રકાશ ગુજ. આવૃત્તિ બીજી, પૃ–૧૪,

ભાવશ્રુત–આનંદમાં માનો કે પ્રતીતિરૂપે સંપૂર્ણ પ્રાપ્ત થયો છે. (જ્યારે) ચોથો પડદો જશે ત્યારે કૃતકૃત્ય પરમાત્મા થઈ નિવડશે. અનુભવના પ્રકાશની જાત તો તે જ છે, અન્ય નથી.

કોઈ એવી વિતર્કણા કરે છે કે–વિશેષ લક્ષણ અવયવને જાણનારું જ્ઞાન છે અને સામાન્ય–વિશેષરૂપ પદાર્થના નિર્વિકલ્પ સત્તામાત્ર અવલોકનરૂપ દર્શન છે; જ્ઞાન છે તે દર્શનને જાણે છે તો ત્યાં જ્ઞાનમાં સામાન્ય અવલોકન કઈ રીતે થયું? અને દર્શન છે તે જ્ઞાનને પણ દેખે છે, જ્ઞાન દર્શનને જાણે છે, (ત્યાં) દર્શન તો સામાન્ય છે, તે સામાન્યને જાણતાં સામાન્યનું જ્ઞાન થયું; તો ત્યાં વિશેષ જાણવું કઈ રીતે થયું?

**તેનું સમાધાન** :–ચિદ્પ્રકાશમાં આ પ્રમાણે સિદ્ધ થાય છે. જ્ઞાને દર્શનના સર્વ પ્રદેશ જાણ્યા, દર્શનનું સ્વ–પર દેખવાપણું સર્વ જાણ્યું. દર્શનનું લક્ષણ, સંજ્ઞાદિ ભેદ, દ્રવ્ય–ક્ષેત્રાદિ ભેદ એ સર્વને જ્ઞાન જાણે છે એટલે દર્શનના વિશેષને જ્ઞાન જાણે છે. અને જ્ઞાનને દર્શન કઈ રીતે દેખે છે? તેનું સમાધાન–'જાણવું' તે જ્ઞાનનું સામાન્ય (લક્ષણ) અને સ્વ-પરને જાણવું' તે જ્ઞાનનું વિશેષ (લક્ષણ)–એ બંને લક્ષણમય જ્ઞાન છે (તે) જ્ઞાન સંજ્ઞાદિ ભેદવાળું છે; તેને નિર્વિકલ્પરૂપ દેખે છે, તેથી સામાન્ય અવલોકન થયું. (જ્ઞાન અને દર્શન) એ બંનેનો પ્રકાશ એક ચેતનસત્તાથી થયો છે, તે બંનેની સત્તા એક છે–આવો તર્ક સમાધાનકારથી ભાવશ્રુતમાં થયો છે. આ ભાવશ્રુતનું નામ 'વિતર્ક' છે. 'અનુગત' કહેતાં તે (વિતર્ક)ની સાથે જ સુખ થયું તેને (વિતર્ક અનુગત) સમાધિ કહીએ. છદ્મસ્થને તે (સુખ) ભાવશ્રુતના વિલાસથી ચૈતન્યપ્રકાશને જાણતાં–વેદતાં–અવલોકતાં–અનુભવતાં થાય છે. જ્ઞાતાને પોતાના આનંદથી સમાધિ ઊપજે છે.

તેના ત્રણ ભેદ છે. પ્રથમ તો વિતર્ક એવો શબ્દ છે, તેનો અર્થ, શ્રુત–વિતર્કનો અર્થ છે. (અને) તે અર્થનું જ્ઞાન, તેને જ્ઞાન કહીએ. શબ્દ દ્વારા અર્થ, અર્થ દ્વારા જ્ઞાન અને જ્ઞાન દ્વારા આનંદરૂપ સમાધિ છે. એ પ્રમાણે વિતર્કસમાધિનું સ્વરૂપ કહ્યું તે જાણવું.

# ૪. વિચાર–અનુગત સમાધિ

હવે, વિચાર–અનુગત સમાધિ કહીએ છીએઃ—

શ્રુતના જુદા જુદા અર્થ વિચારવા તેને વિચાર કહીએ. શ્રુતના અર્થ દ્વારા સ્વરૂપના વિચારમાં વસ્તુની સ્થિરતા–વિશ્રામ–આચરણ–જ્ઞાયકતા–આનંદ–વેદના–અનુભવ. નિર્વિકલ્પ સમાધિ થાય છે તે કહીએ છીએ. અર્થ કહેતાં ધ્યેય (રૂપ) વસ્તુદ્રવ્ય, અથવા ગુણ અથવા પર્યાય. દ્રવ્ય–વિચાર અનેક પ્રકારે છે; ગુણ–પર્યાયરૂપ અથવા સત્તારૂપ અથવા ચેતનાપુંજ–એ પ્રમાણે દ્રવ્યને વિચારી પ્રતીતિમાં લીન થતાં સમાધિ થાય છે. કેવળ વિચાર જ ન કરે પણ પોતાને અનુભવે. જે જ્ઞાન ગુણનો પ્રકાશ, તેનો વિચાર કહેતાં પ્રાપ્તિ થાય, તે જ ધ્યાન છે. પર્યાયને સ્વરૂપમાં લીન કરે, મનને દ્રવ્યમાંથી ગુણમાં લાવે, ગુણમાંથી પર્યાયમાં લાવે અથવા બીજા પ્રકારે ધ્યેયને ધ્યાવે તેને (અર્થથી) અર્થાંતર કહીએ. અથવા સામાન્ય–વિશેષ દ્વારા કે ભેદ–અભેદદ્વારા વસ્તુમાં ધ્યાન ધરીને સિદ્ધિ કરે તેને પણ અર્થથી અર્થાંતર કહીએ.

શબ્દ એટલે વચન; એક દ્રવ્ય વચન, બીજું ભાવ વચન. અહીં ભાવવચન સમજવું. ભાવશ્રુત એટલે વસ્તુના ગુણમાં લીનતા. ભાવ વચનમાં ગુણ-વિચારદ્વાર હતું તે ફરી બીજા ગુણમાં બીજા વિચાર ન કરતાં સ્થિરતા વડે આનંદ થાય છે. વસ્તુને પામવાના બીજા બીજા (નવા નવા) વિચાર શબ્દદ્વારા અંતરંગમાં થાય તેને શબ્દાંતર કહીએ. ઉપયોગમાં એમ જાણ્યું કે હું દ્રવ્ય છું, હું જ્ઞાનગુણ છું, હું દર્શન છું, વીર્ય છું.

'અહં', એટલે પોતે પોતાના પદમાં દ્રવ્ય-ગુણદ્વારા 'અહં' એવી શબ્દ-કલ્પનાવડે સ્વપદની પ્રતીતિ સ્થાપી, (અને) આનંદકંદમાં સ્વરૂપાચરણવડે સુખ થાય છે તે સમાધિ છે. વચનજોગના ભાવથી ગુણસ્મરણ થયું; વિચાર સુધી વચન હતું, વિચાર છૂટી જતાં મન જ

લીનતામાં રહી ગયું–વચનયોગથી છૂટીને મનોયોગમાં આવ્યો તેને યોગથી યોગાંતર કહીએ.

વિચાર એવો શબ્દ છે, 'ધ્યેય (રૂપ) વસ્તુ' એવો વિચારનો અર્થ છે અને તે ધ્યેયરૂપ વસ્તુના વિચારને જાણે તે જ્ઞાન છે–આ પ્રમાણે (ત્રણ) જુદા ભેદ લગાડવા.–અથવા વિચારમાં જે ઉપયોગ આવે તે ઉપયોગમાં પરિણામની સ્થિરતા તે જ ધ્યાન, તેનાથી ઊપજેલો જે આનંદ તેમાં લીનતા (રૂપ) વીતરાગ નિર્વિકલ્પ સમાધિ (છે) તેનું નામ વિચાર-અનુગત સમાધિ કહીએ.

## ૫. આનંદ–અનુગત સમાધિ

હવે, આનંદ–અનુગત સમાધિ કહીએ છીએ :—

જ્ઞાનવડે નિજસ્વરૂપને જાણે, તે જાણતાં આનંદ થાય તે જ્ઞાનાનંદ દર્શનવડે નિજપદને દેખતાં આનંદ થાય તે દર્શનાનંદ, નિજસ્વરૂપમાં પરિણમતાં આનંદ થાય તે ચારિત્રાનંદ. આનંદને વેદવાવાળાને સહજપણે પોતાની પરિણતિ પોતપોતાના દર્શન-જ્ઞાનમાં રહે ત્યારે આનંદ જાણવો. જ્ઞાનનું જ્ઞાન કરતાં, દર્શનને દેખતાં અને વેદનારને વેદતાં ચેતનાપ્રકાશનો આનંદ થાય છે. પોતે પોતાને વેદતાં અનુભવમાં સહજ ચિદાનંદ સ્વરૂપનો આનંદ થાય છે, તે આનંદના સુખમાં સમાધિનું સ્વરૂપ છે. ધ્યાનમાં વસ્તુને વેદી વેદીને આનંદ થાય છે. આનંદની ધારણા ધરીને સ્થિર રહેવું તેને આનંદ–અનુગત સમાધિ કહીએ. જીવ અને કર્મના અનાદિ સંબંધ (રૂપ) બંધનવડે અવ્યાપકમાં વ્યાપકપણે એકત્વ જેવી દશા થઈ રહી છે; ભેદજ્ઞાનબુદ્ધિવડે તે જીવ–પુદ્‌ગલને જુદા જુદા કરે–જાણે. નોકર્મ અને દ્રવ્યકર્મવર્ગણા જડ મૂર્તિક (છે) અને મારું જ્ઞાયકરૂપ જ્ઞાન ઉપયોગ (છે)–એવાં લક્ષણ વડે જીવ–પુદ્‌ગલને જુદા જુદા પ્રતીતિમાં જાણે. જ્યાં સ્વરૂપમગ્નતા થઈ, ત્યાં (તે) સ્વરૂપમગ્નતા થતાં જ આનંદ થયો.

આનંદ એવો શબ્દ છે, આનંદ શબ્દનો 'આનંદ' એવો અર્થ છે. આનંદ શબ્દને તથા આનંદ અર્થને જાણે તે જ્ઞાન છે–એ ત્રણે ભેદ આનંદ અનુગત સમાધિમાં લગાડવા. જ્યાં આનંદ અનુગત સમાધિ છે ત્યાં સુખનો સમૂહ છે.

## ૬. અસ્મિતા–અનુગત સમાધિ

હવે, અસ્મિતા–અનુગત સમાધિ કહીએ છીએ :—

પરપદને પોતાનું માનીને જીવે અનાદિથી જન્માદિ દુઃખ સહન કર્યાં, પણ એક અસ્મિતા–અનુગત સમાધિ પ્રાપ્ત કરી નથી. તે (જન્માદિ દુઃખ) દૂર કરવા માટે આ સમાધિ શ્રીગુરુદેવ કહે છેઃ— अहं ब्रह्मोऽस्मि (હું બ્રહ્મ છું') શુદ્ધ ચૈતન્યમય પરમજ્યોતિ હું છું; જીવનો પ્રકાશ દર્શન-જ્ઞાન છે, જીવ સદા પ્રકાશે છે. સંસારમાં શુદ્ધ પરમાત્માને શુદ્ધ દર્શન-જ્ઞાન હોય છે ને અંતરાત્માને એકદેશ શુદ્ધ દર્શન-જ્ઞાન હોય છે. દર્શન-જ્ઞાનનો પ્રકાશ જ્ઞેયને દેખે જાણે છે; તે શક્તિ શુદ્ધ છે. તેમાં એવા ભાવ કરે છે કે આ દર્શન જ્ઞાન આત્મા વગર હોય નહિ, એ મારો સ્વભાવ છે–એમ દર્શન–જ્ઞાનને પ્રતીતિમાં માને. 'अहं अस्मि [હું છું]' એમ પોતાને દર્શન-જ્ઞાનમાં સ્થાપે, ધ્યાનમાં 'अहं अस्मि–अहं अस्मि (અર્થાત્ હું છું–હું છું)' એમ માને. જેમ દેહમાં અહંબુદ્ધિ ધરીને પોતાપણું માને છે તેમ દર્શન-જ્ઞાનમાં 'હું' પણું માનીને અહં (બુદ્ધિ) ધરે. દર્શન-જ્ઞાનમાં, ધ્યાનમાં અહંપણું માને ત્યારે અનાદિ દુઃખનું મૂળ એવું દેહાભિમાન છૂટે, સ્વરૂપમાં પોતાપણું જાણે અને જ્ઞાનસ્વરૂપ ઉપયોગ હું છું–એવી અહંબ્રહ્મબુદ્ધિ આવે; ત્યારે બ્રહ્મમાં અહંબુદ્ધિ આવતાં એવું સુખ થયું કે દુઃખલોકને છોડીને અવિનાશી આનંદલોકને પામ્યો; 'હું બ્રહ્મ–હું બ્રહ્મ હું બ્રહ્મ છું' એમ વારંવાર બુદ્ધિદ્વારા પ્રતીતિ કરે ત્યારે કેટલોક કાળ ધ્યાનમાં એવો પ્રતીતિ ભાવ દૃઢ રહે પછી (એ પ્રમાણે) દૃઢ રહેતાં રહેતાં અહંપણું (–'હું'પણું) છૂટી જાય અને 'અસ્મિ' (–'છું'–એવો ભાવ) રહે,

અસ્મિ એટલે 'ચૈતન્ય છું' એવો (ભાવ) રહે, ચૈતન્ય 'હું' છું એવો ભાવ (અસ્મિભાવ) રહી જાય 'છું–છું' એવો ભાવ રહી જાય ત્યારે પરમાનંદ વધે અને વચનાતીત મહિમાનો લાભ થાય, તથા સ્વપદની પ્રતીતિરૂપ રહ્યા કરે–તેને અસ્મિતા અનુગત, સમાધિ કહીએ. તેનાથી અપૂર્વ આનંદ વધે છે.

અહંઅસ્મિ (અર્થાત્ હું છું) એવો શબ્દ છે, સ્વરૂપમાં 'હું છું' એવો ભાવ તે તેનો અર્થ છે, અને તે (બંને)નું જાણપણું તે જ્ઞાન છે. એ પ્રમાણે ત્રણે ભેદ આમાં પણ લગાડવા.

## ૭. નિર્વિતર્ક–અનુગત સમાધિ

હવે, નિર્વિતર્ક–અનુગત સમાધિ કહીએ છીએ :–

અભેદ નિશ્ચલ સ્વરૂપભાવ (રૂપ) દ્રવ્યમાં અથવા ગુણમાં કે જ્યાં વિતર્કણા નથી, (અને) નિશ્ચળતામાં નિર્વિકલ્પ નિર્ભેદ ભાવના (છે), એકાગ્ર, સ્વસ્થિર, સ્વપદમાં લીનતા છે, ત્યાં નિર્વિકલ્પ સમાધિ કહીએ.

નિર્વિતર્ક એવો શબ્દ છે. 'નિર્વિતર્ક એટલે તર્કરહિત સ્વપદમાં લીનતા–એવો તેનો અર્થ છે, અને તેનું જ્ઞાન તે જ્ઞાન છે. ત્રણ ભેદો આમાં પણ લગાડવા.

## ૮. નિર્વિચાર–અનુગત સમાધિ

હવે, નિર્વિચાર–અનુગત સમાધિ કહીએ છીએ :—

અભેદ સ્વાદમાં એકત્વ અવસ્થા જાણી, ત્યાં વિચાર નથી, સ્વરૂપ ભાવનાની નિશ્ચળવૃત્તિ થઈ છે, દ્રવ્યમાં હોય તોય નિશ્ચળ છે, ગુણભાવના હોય તોય નિશ્ચળ છે અને પર્યાયવૃત્તિ પણ નિશ્ચળ છે, રાગાદિ વિકાર મૂળમાંથી ગયા, સહજાનંદ સમાધિ પ્રગટી, નિજ વિશ્રામ પ્રાપ્ત થયો, વિશુદ્ધ વિશુદ્ધ થતો ગયો, સ્થિરતા થઈ, નિર્વિકલ્પદશા થઈ; અર્થથી અર્થાંતર, શબ્દથી શબ્દાંતર કે જોગથી જોગાંતર–(એવો) વિચાર

મટ્યો, ભેદ વિચારરૂપ વિકલ્પથી છૂટ્યો અને પરમાત્મદશાની નજીક આવ્યો. (–આવી દશાને) નિર્વિચાર સમાધિ કહીએ.

નિર્વિચાર એવો શબ્દ, 'વિચાર રહિત' એવો તેનો અર્થ (અને તેનું) જાણપણું તે જ્ઞાન–એ ત્રણે ભેદ (અહીં પણ) લગાડવા.

## ૯. નિરાનંદ–અનુગત સમાધિ

હવે નિરાનંદ–અનુગત સમાધિ કહીએ છીએ :—

સંસાર–આનંદ સર્વ છૂટ્યો, ઇન્દ્રિયજનિત વિષયવલ્લભદશા ગઈ, વિકલ્પવિચારદ્વારા જે આનંદ હતો તે મિથ્યા જાણ્યો, પરમિશ્રિત આનંદ આવતો હતો તે ગયો અને સહજાનંદ પ્રગટ્યો. પરમપદવીની નજીક ભૂમિકા ઉપર આરૂઢ થયો, અહીં જ્યાં વિભાવ મટ્યો ત્યાં એમ જાણ્યું કે આ મુક્તિદ્વારમાં પ્રવેશ નજીક છે, અવિઘ્નપણે મુક્તિવધુ સાથેનો સંબંધ તથા અતીન્દ્રિય ભોગ થવાનું નજીક જાણ્યું–આવી (દશાને) નિરાનંદ–અનુગત સમાધિ કહીએ.

નિરાનંદ એવો શબ્દ, 'પર–(ઇન્દ્રિયજનિત) આનંદ રહિત' એવો તેનો અર્થ અને તેનું જાણપણું તે જ્ઞાન–એ ત્રણ ભેદ આમાં પણ લગાડવા.

## ૧૦. નિરસ્મિતા–અનુગત સમાધિ

હવે, નિરસ્મિતા–અનુગત સમાધિ કહીએ છીએ :—

ब्रह्मः अहं अस्मि (અર્થાત્ હું બ્રહ્મ છું)–એવો જે અસ્મિ ભાવ હતો. તે અસ્મિભાવ (હું છું–એવો વિકલ્પ) પણ દૂર થયો, વિકાર અત્યંત મટી ગયો, 'અસ્મિ' (–હું છું–એમ) મેં માન્યું હતું તે પણ મટી ગયું; નિજપદનો જ ખેલ છે, પરનું બળ ન થયું; પરમ સાધક છે, પરમ સાધ્ય સાથે ભેટ થઈ છે, (તે ભેટ) એવી થઈ છે કે મન મળી ગયું. સ્વરૂપમાં પોતે પોતાને જ સવસંવેદન વડે જાણ્યો પણ

પરમાત્મદશા નજીકમાં નજીક છે. પરમ વિવેક થવાનું...સોપાન છે. માન વિકાર ગયો ને વિમળ ચારિત્રનો ખેલ થયો, મનની મમતા મટી ને સ્વરૂપમાં એવો હળી–મળી એકમેક થઈ ગયો કે તે આનંદ કેવળીગમ્ય છે, ત્યાં સમાધિમાં સુખના કલ્લોલ ઊઠે છે; દુઃખની ઉપાધિ મટી ગઈ છે, આનંદ-ઘરમાં પહોંચી ગયો છે, રાજ્ય કરવાનું રહ્યું છે, તો હમણાં રાજ્યનો કળશાભિષેક થશે, કેવળજ્ઞાનરૂપી રાજ્યમુકુટ કિનારે ધર્યો છે, સમય નજીક છે, હમણાં જ શિર ઉપર કેવળજ્ઞાન મુકુટ ધારણ કરશે–આ નિરસ્મિતા–અનુગત સમાધિ છે.

શબ્દ, અર્થ અને જ્ઞાન એ ત્રણ ભેદ આમાં પણ લગાડવા.

## ૧૧. વિવેકખ્યાતિ સમાધિ

હવે, વિવેકખ્યાતિ સમાધિ કહીએ છીએ :–

પ્રકૃતિ અને પુરુષનું વિવેચન કહેતાં જુદો જુદો ભેદ જાણવો તેને વિવેક કહીએ. બીજા ભેદ મટ્યા અને શુદ્ધ ચિદ્‌પરિણતિ (તથા) ચૈતન્ય પુરુષ એ બંનેની પ્રતીતિ (પૂર્વક) જ્ઞાનમાં વિવેક થયો. ચિદ્ પરિણતિ વસ્તુને અને વસ્તુના અનંત ગુણોને વેદનારી છે, ઉત્પાદ-વ્યય કરે છે, ષટ્‌ગુણી–વૃદ્ધિ–હાનિ લક્ષણ છે, વસ્તુને વેદીને તે આનંદ ઉપજાવે છે. જેમ સમુદ્રમાં તરંગ ઊપજે તે સમુદ્રભાવને જણાવે છે તેમ (ચિદ્ પરિણતિ) સ્વરૂપને જણાવે છે. સકળ–સર્વસ્વ પરિણતિને પ્રકૃતિ કહીએ અને પુરુષ કહેતાં પરમાત્મા, તેમાંથી પ્રકૃતિ ઊપજે છે. જેમ સમુદ્રમાંથી તરંગ ઊપજે છે તેમ. પુરુષને અનંતગુણધામ, ચિદાનંદ, પરમેશ્વર કહીએ. તે બંનેનું જ્ઞાનમાં જાણપણું થયું, પણ પ્રત્યક્ષ ન થયું વેદ્યવેદકમાં પ્રત્યક્ષ છે પણ સંપૂર્ણ કેવળજ્ઞાન જેવું પ્રત્યક્ષ નથી તેથી સાધક છે, થોડા જ કાળમાં પરમાત્મા થશે–આને વિવેકખ્યાતિ સમાધિ કહીએ.

શબ્દ, અર્થ અને જ્ઞાન એવા ત્રણ ભેદ અહીં પણ લગાડવા.

## ૧૨. ધર્મમેઘ સમાધિ

હવે ધર્મમેઘ સમાધિ કહીએ છીએ :—

ધર્મ કહેતાં અનંત ગુણ અથવા નિજધર્મઉપયોગ, તેની વિશુદ્ધતા મેઘની જેમ વધી. જેમ મેઘ વરસે તેમ ઉપયોગમાં આનંદ વધ્યો–વિશુદ્ધતા વધી. ચારિત્ર ઉપયોગમાં અનંત ગુણની શુદ્ધ પ્રતીતિ વેદના થઈ. કેવળજ્ઞાનમાં લઈએ તો ત્યાં અનંત ગુણો વ્યક્ત થયા; જ્ઞાન ઉપયોગમાં ચારિત્ર શુદ્ધ હોય (છતાં) ત્યાં કેવળજ્ઞાન ન પણ હોય. બારમા ગુણસ્થાને ચારિત્ર શુદ્ધ તો છે પણ કેવળજ્ઞાન નથી; બારમા ગુણસ્થાને યથાખ્યાતચારિત્ર છે અને તેરમે-ચૌદમે ગુણસ્થાને પરમ યથાખ્યાત ચારિત્ર છે; તેથી ચારિત્ર અપેક્ષાએ ધર્મમેઘસમાધિ બારમા ગુણસ્થાને થઈ. કેવળજ્ઞાનમાં (તો પરમાત્મદશા) વ્યક્ત છે તેથી ત્યાં સાધકસમાધિ ન કહીએ. અહીં બારમા ગુણસ્થાનમાં સાધક છે, અંતરાત્મા છે. આને ધર્મમેઘસમાધિ કહીએ.

તેમાં પણ શબ્દ, અર્થ અને જ્ઞાન એ ત્રણ ભેદ લગાડવા.

## ૧૩. અસંપ્રજ્ઞાત સમાધિ

હવે, તેરમી અસંપ્રજ્ઞાત સમાધિ કહીએ છીએ :—

જેમાં પરવેદના નથી, નિજને જ વેદે છે, જાણે છે, પરનું વિસ્મરણ છે, નિજ અવલોકન છે–તેને અસંપ્રજ્ઞાત (સમાધિ) કહીએ. બારમા ગુણસ્થાનના અંત સમય સુધી તો ચારિત્ર વડે પરવેદના મટેલી, કેમ કે ત્યાં મોહનો અભાવ થયો હતો; તેરમા ગુણસ્થાને જ્ઞાન કેવળ અદ્વૈત થયું. ત્યાં જ્ઞાનમાં નિશ્ચયથી (–તન્મયપણે) પરનું જાણપણું નથી; વ્યવહારથી લોકાલોક પ્રતિબિંબિત થયા–તેથી એમ કહ્યું કે આ સમાધિ ચારિત્ર વિવક્ષામાં બારમા ગુણસ્થાનના અંતે છે. કેવળ (જ્ઞાન)માં વ્યક્ત છે, ત્યાં સાધકઅવસ્થા નથી, પ્રગટ પરમાત્મા છે.

આ અસંપ્રજ્ઞાત સમાધિના ભેદ જાણવા. સાધક અવસ્થામાં કહેવાયેલા (શબ્દ), જ્ઞાનાદિ ત્રણ ભેદ અહીં પણ લગાડવા.

સમાધિના આ તેર ભેદ છે તે પરમાત્મપદ પામવાના સાધક છે.

આ ગ્રંથમાં પહેલાં તો પરમાત્માનું વર્ણન કર્યું (અને) પછી પરમાત્મપદની પ્રાપ્તિનો ઉપાય દેખાડ્યો. જે પરમાત્માનો અનુભવ કરવાને ચાહે તે આ ગ્રંથને વારંવાર વિચારે.

આ ગ્રંથ દીપચંદજી સાધર્મીએ કર્યો છે. સાંગાનેરમાં નિવાસ હતો, (ત્યાંથી) આંબેરમાં આવ્યા ત્યારે આ ગ્રંથ કર્યો. સંવત્ ૧૭૭૯ના ફાગણ વદ ૫ ના રોજ આ ગ્રથ પૂર્ણ કર્યો. સંતજનો તેનો અભ્યાસ કરજો.

(દોહા)

દેવ પરમ મંગળ કરો, પરમ મહાસુખદાય<br>
સેવત શિવપદ પામીએ, હે ત્રિભુવનકે રાય.

એ પ્રમાણે શ્રી સાધર્મી શાહ દીપચંદ કાશલીવાલકૃત<br>
ચિદ્‌વિલાસ નામના અધ્યાત્મગ્રંથનો<br>
ગુજરાતી અનુવાદ સંપૂર્ણ થયો.

સમાપ્ત